॥ હરિઃૐ ॥

# જન્મમૃત્યુના રાસ

મૃત્યુ તો જીવનતત્ત્વ જેટલું જ મંગળકારી છે.





પૂજ્ય શ્રીમોટા

॥ હરિઃૐ ॥

# જન્મમૃત્યુના રાસ

[જીવન, મૃત્યુ અને મૃત્યુ પછીની સ્થિતિ વિશે
અનેકને મૂંઝવતાં કોયડાનો ઉકેલ દર્શાવતાં
પૂજ્ય શ્રીમોટાના મૌલિક વિચારોનું સંપાદન]

સંપાદક
**રતિલાલ મહેતા**

**હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત**

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, (સ્થાપના વર્ષ ૧૯૫૬)
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪ / ૨૭૭૧૦૪૬,
મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
Website : www.hariommota.org
Email : hariommota1@gmail.com

© હરિઃૐ આશ્રમ, સુરત - નડિયાદ.

❑ પ્રથમ આવૃત્તિ ૧૯૮૯ થી ૧૨મી આવૃત્તિ ૨૦૧૯ સુધીની
કુલ પ્રત ૮૯,૦૦૦

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|
| ૧૩મી | ૨૦૨૦ | ૫૦૦૦ |

❑ પૃષ્ઠ : ૧૪૮

❑ કિંમત : **રૂ. ૧૦/-**

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, મો. : ૯૩૨૭૦૩૬૪૧૪

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬ ૯૧૦૧

# સમર્પણાંજલિ

પૂર્વ જીવનના સાત્ત્વિક સંસ્કારો લઈને જેઓ જન્મ પામ્યા હતા, જેમને સાધુ મહાત્માઓ પ્રત્યે પહેલેથી માન-આદર-સેવાનો ભાવ હતો, જેમને અજાણ્યા સાધુ પુરુષે 'તને આ જીવનમાં સદ્‌ગુરુ મળશે' એવી ભવિષ્યવાણી કહી હતી, જેઓએ પ્રમાણિક શિક્ષક તરીકે શ્રેયસ વિદ્યાલય, વડોદરામાં પોતાની ફરજ નિભાવી હતી અને તે જ નિમિત્તે પૂજ્ય શ્રીમોટાનો સંગ પામ્યા હતા અને ત્યારથી જ પૂજ્યશ્રીને શ્રીસદ્‌ગુરુ તરીકે સ્વીકારી તેમના પ્રત્યે અનન્ય ભક્તિભાવ, શ્રદ્ધા ધરાવનાર, જીવનમાં તમામ કર્મે પૂજ્યશ્રીને મોખરે રાખનાર, પોતાના પરિવારમાં પણ પૂજ્ય શ્રીમોટાના સંસ્કારોનું સિંચન કરનાર અને સવિશેષ તો શરીરના અંત સમયે પણ પૂજ્ય શ્રીમોટાના સ્મરણમાં સતત રમમાણ રહેનાર સદ્‌ભાગી જીવ

**સદ્‌ગત શ્રી ઠાકોરભાઈ કાલિદાસ શાહ**

(ટી. કે. શાહ, શ્રેયસ વિદ્યાલય, વડોદરા)

તથા તેમનાં ધર્મપત્ની

**સદ્‌ગત શ્રીમતી ઊર્મિલાબહેન ઠાકોરભાઈ શાહ**

પરિવારને માનઆદરપૂર્વક **'જન્મમૃત્યુના રાસ'** પુસ્તકની આ ૧૩મી સંવર્ધિત આવૃત્તિ આનંદભેર સમર્પણ કરીએ છીએ.

તા. ૬-૯-૨૦૨૦<br>ભાદરવા વદ ચોથ, સં. ૨૦૭૬<br>પૂજ્ય શ્રીમોટાનો ૧૨૩મો જન્મદિવસ

**ટ્રસ્ટીમંડળ,**<br>હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# સંપાદકીય

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાના ‘જીવનસંદેશ’ પુસ્તકમાંના ‘મૃત્યુ’ નામક લેખ તથા ‘જન્મ પુનર્જન્મ’, ‘જોડાજોડ’, ‘શેષ વિશેષ’, ‘કૅન્સરની સામે’, ‘Life after death’ જેવાં અન્ય પુસ્તકોનાં વાંચને ‘જીવન અને મૃત્યુ’ વિશે લખવાની પ્રેરણા મળી. આપણને દરેકને મૃત્યુનો ભય લાગે છે. સ્વજનનું અવસાન થતાં શોક થાય છે અને ‘મૃત્યુ પછી શું થશે ? આપણે પાછાં જન્મીશું ? ક્યારે જન્મીશું ?’ એવા બધા વિચારોથી ગભરામણ થાય છે, તો એ શોક અને ગભરામણ નિવારવા માટે શું કરવું ઘટે, એ પૂજ્યશ્રીએ સારી રીતે સમજાવ્યું છે, તે તેમના શબ્દોમાં પ્રશ્નોત્તરરૂપે આ પુસ્તકમાં ઉતાર્યું છે.

એના સારરૂપે કહીએ તો સદ્‌ગુરુની સેવા, નામસ્મરણ, અનેકવિધ આસક્તિઓમાંથી મુક્તિ અને ભૂતકાળની સ્મૃતિઓની સર્વથા વિસ્મૃતિ આપણને મૃત્યુના ભયમાંથી ઉગારશે અને જીવનવિકાસના માર્ગે નિશ્ચિતપણે પળાવશે.

પૂજ્ય શ્રી નંદુભાઈ, અપાર કૃપા કરીને આની હસ્તપ્રત જોઈ ગયેલા અને હકીકતદોષો તરફ ધ્યાન ખેંચેલું, તે સુધાર્યા છે. તેમનો કેટલો આભાર માનું ? ઈ.સ. ૧૯૮૯માં હરિઃૐ આશ્રમ, સુરતે ‘જન્મમૃત્યુના રાસ’ પુસ્તકની પ્રથમ આવૃત્તિ છપાવવાનું સહર્ષ સ્વીકાર્યું, તે બદલ મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી ઝીણાકાકા તથા પ્રેસમાં બધું સાંગોપાંગ પાર ઉતારવા બદલ શ્રી ચીનુભાઈ શાહનો ખૂબ ખૂબ આભારી છું.

પૂજ્યશ્રીનો ઉપદેશ વાગોળતાં, મનન કરતાં, આચરતાં નિર્ભય બનવા-બનાવવા પ્રાર્થીએ, એ પ્રાર્થના.

**રતિલાલ મહેતા**

૧૬૪, સહકાર નિવાસ,
૨૦, તારદેવ રોડ,
મુંબઈ-૪૦૦ ૦૩૪, ઈ.સ. ૧૯૮૯

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (તેરમી સંવર્ધિત આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાના જન્મ અને મૃત્યુ વિશેના વિચારોને તેમના સાહિત્યમાંથી અલગ તારવીને એક સ્વતંત્ર પુસ્તક તરીકે રજૂ કરવાનો વિચાર મુંબઈ સ્થિત શ્રી રતિલાલ મહેતાને સ્ફુર્યો અને સને ૧૯૮૯માં **'જન્મમૃત્યુના રાસ'** પુસ્તકની પ્રથમ આવૃત્તિથી ૨૦૧૫ સુધીમાં નવ આવૃત્તિઓ રજૂ થઈ.

ત્યાર બાદ પૂજ્ય શ્રીમોટાના સાહિત્યમાંથી જન્મ, જીવન, મૃત્યુ અને પુનર્જન્મ વિશેના ઘણા મહત્ત્વના અને ઉપયોગી વિચારોનો મૂળ પુસ્તકમાં સમાવેશ કરી, તેને નામ મુજબ હેતુલક્ષી બનાવવા આ **દસમી સંવર્ધિત** આવૃત્તિ પ્રકાશિત કરી હતી. **પૂજ્ય શ્રીમોટાએ લખ્યું છે :- 'હું વિદ્વાનો અને સાહિત્યકારો માટે લખતો નથી, પરંતુ જેમને આત્મોન્નતિમાં રસ છે, એવા જે જે જીવો મારી સાથે સંકળાયેલા છે, તેમને માટે હું લખું છું. મારી શૈલી સીધીસાદી ગામઠી છે કે જેથી સાધારણ માણસ તે સમજી શકે. મને વધારેમાં વધારે ફાવે છે, અનુષ્ટુપ છંદમાં અને ગઝલમાં, પરંતુ અનુષ્ટુપમાં હું બહુ સરળતાથી લખી શકું છું અને લખવાનું હોય છે એને વિશે મારે કંઈ વિચારવાનું હોતું નથી, કે હું કશું વધારીને લખતો પણ નથી. પદ્યમાં જે કહેવાનું હોય છે, તે પૂરું સ્પષ્ટતાથી લખવાનું તેમાં મુદ્દાસર બની શકે છે અને વ્યક્ત પણ સચોટપણે થતું હોય છે.'**

પૂજ્ય શ્રીમોટાના ઉપરોક્ત કથનને ધ્યાનમાં રાખીને આ પુસ્તકમાં પૂજ્યશ્રીની કેટલીક પદ્ય રચનાઓનો પણ સમાવેશ કરવામાં

આવ્યો છે, જે જીવનનું તત્ત્વ સમજાવવા માટે સચોટ છે. આ સંવર્ધિત આવૃત્તિમાં શ્રી રતિલાલ મહેતાના સંપાદિત 'શ્રીમોટા સાથે વાર્તાલાપ' ઉપરાંત, સદ્‌ગત શ્રી રમણભાઈ અમીન સાથે પૂજ્ય શ્રીમોટાનાં સત્સંગશ્રેણીનાં પુસ્તકો (ટેપવાણી), પૂજ્યશ્રીના પત્રોનાં પ્રકાશિત પુસ્તકો જેવાં કે જીવનસંગ્રામ, જીવનસંશોધન, જીવનપ્રેરણા, જીવનપગલે, જીવનમંથન, જીવનગીતા, જીવનપ્રવેશ, જીવનપાથેય, જીવનમંડાણ, જીવનસ્પંદન, મૌનમંદિરશ્રેણીનાં છ પુસ્તકો, સંતહૃદય, મોહ, ભાવશ્રેણી, શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ તથા હસતું મૌન વગેરે પુસ્તકોમાંથી વિષયને અનુરૂપ લખાણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. 'મૃત્યુ' વિશેના આ પુસ્તકમાં જન્મ અને મરણ વિશે પૂજ્ય શ્રીમોટાના અભિગમને એવી ભાવનાથી સમાવાયો છે કે 'મૃત્યુ' જેવા કહેવાતા કારમા-આઘાતજનક પ્રસંગે પણ સ્વજનો મનની સ્વસ્થતા જાળવી શકે.

પૂજ્ય શ્રીમોટાના વિશાળ સાહિત્યમાંથી જન્મ મૃત્યુ વિષયક લખાણો જ્યારે જ્યારે મળી આવે છે, તે તમામને આ પુસ્તકના નવાં પ્રકાશનોમાં સમાવેશ કરતા જઈએ છીએ. આમ, આ પુસ્તકને વધુ ને વધુ અર્થસભર બનાવવાનો અમારો સતત અને નમ્ર પ્રયાસ છે. આ તેરમી આવૃત્તિમાં નવી ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરીને પૂજ્યશ્રીની વાણીને ઑડિયો સ્વરૂપે સાંભળી શકાય એ માટે જે જે પાનાંઓ ઉપર વાણીનો ઉલ્લેખ છે, તે તે પાનાંઓની નીચે QR Code આપવામાં આવ્યા છે, જેને મોબાઈલ/આઈપેડ ઉપર સ્કૅન કરવાથી પુસ્તકનું લખાણ પૂજ્યશ્રીના અવાજમાં સાંભળી શકાશે. તે જ રીતે પૂજ્ય શ્રીમોટા વિરચિત આરતી પણ QR Code થકી શ્રી ભાવિક પટેલ વૃંદના સ્વરમાં સાંભળી શકાશે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

જન્મ અને મૃત્યુવેળાએ અને મૃત્યુ પછીની જીવાત્માની સ્થિતિ અંગે તેમ જ પુનર્જન્મ જેવા વિષયને સમજવામાં, જીવન પ્રત્યેની સમજણ અને જાગૃતિ કેળવવામાં સ્વજનોને આ પુસ્તક સહાયક બની રહેશે એવી શ્રદ્ધા છે.

તા. ૫-૦૭-૨૦૨૦
ગુરુપૂર્ણિમા, સં. ૨૦૭૬

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**

**- શ્રીમોટા**

‘જીવનદર્શન’, પૃ. ૪૩૧, આ.-૧૧

॥ હરિઃૐ ॥

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | જન્મમૃત્યુના રાસ | ૧૦ |
| | જન્મ અને મૃત્યુ | ૧૨ |
| | મનને સંબોધન | ૧૪ |
| ખંડ-૧ | જીવન સળંગ છે. જગત મૃત્યુનો મુલક | ૧૫ |
| ખંડ-૨ | મૃત્યુ વેળાએ શું થાય છે ? | ૨૩ |
| ખંડ-૩ | મૃત્યુ બાદ જીવાત્માની સ્થિતિ, ગતિ અને મૃત્યુ પછીનું જીવન | ૩૨ |
| ખંડ-૪ | સંતસમાગમ અને પુનર્જન્મનું વિજ્ઞાન | ૩૭ |
| ખંડ-૫ | કૅન્સરના દર્દીને અભયદાન | ૮૬ |
| ખંડ-૬ | મૃત્યુ કોઈના હાથની વાત નથી | ૯૯ |
| ખંડ-૭ | જન્મજન્માંતરના સંસ્કારો | ૧૧૧ |
| ખંડ-૮ | જન્મ, જીવન, મૃત્યુ અને પુનર્જન્મ વિશે પૂજ્ય શ્રીમોટાના વિચાર સ્ફુલિંગ | ૧૨૮ |


•

॥ હરિ:ૐ ॥

# જન્મમૃત્યુના રાસ

(શાર્દૂલવિક્રીડિત)

કેવો રાસ રચાય છે પળપળે મૃત્યુ અને જન્મનો !
એની એ ઘટમાળમાં સરકતું એ વિશ્વનો ખેલ શો !
તેમાં જીવ રમ્યા કરે, પણ ખરું ના-ભાન એને થતું,
કેવો આપ વહ્યા કરે પ્રકૃતિથી કોઈ ન ત્યાં જાગતું.

જેનામાં પ્રભુ ભાવના તરવરે ઉન્મુખતા અંતરે,
જેનામાં નિજ કર્મમાં નીતરતો રે' ભાવ તેવો ખરે,
જેને છૂટી જતા દીસે મનતણા સંકલ્પ વિકલ્પ સૌ,
એવો જીવ રહી શકે પળપળે ત્યાં જાગતાં આપ તો !

શા શા રાસ રચાય છે નવનવા વૃત્તિ કૂંડાળાં રચી !
ને શા હ્રાસ થઈ જતા અવનવા સહેજે ઘડીવારમાં !
જન્માવે પલકારમાંહી, પલકે શું મૃત્યુ ઉદ્‌ભાવતો !
એ તારી ઘટમાળમાં અમર થૈ રે'વા કૃપા દે પ્રભો !

કેવું પ્રેમસ્વરૂપ દિવ્ય રસીલું શું મુગ્ધરૂપે રચ્યું !
તે આકર્ષણ જાદુ કે અવનવું દુર્ગા અને કાલી શું !
લીલા પ્રેમકળા ખરી જીવનમાં સર્જ્યા કરે સૃષ્ટિ શી !
મૃત્યુ જન્મ થયા કરે પળપળે તોયે રહી એક શી !

'પુનિત પ્રેમગાથા', ચોથી.આ., પૃ.૨૬૧,૨૬૨,૧૭ - **શ્રીમોટા**

॥ હરિ:ૐ ॥

## પરંતુ મૃત્યુને માટે ન કોઈ તૈયારી કરતું છે

(ગઝલ)

અરે ! **આ** મૃત્યુ તો દૂર ના, અડોઅડ છેક પાસે છે,
છતાં અસ્તિત્વ તેનું તો કશું કોઈયે ન જાણે છે !

શી નાનકડી મુસાફરીની બધાં તૈયારી કરતાં છે !
પરંતુ મૃત્યુને માટે ન કોઈ તૈયારી કરતું છે.

બધાં આશ્ચર્યમાંનું તે મહદ્ આશ્ચર્ય કેવું છે !
બધું નિશ્ચિત હોવા તે છતાં ના ગણતરીમાં તે.

કૃપાથી મૃત્યુનો પંજો શું ઓચિંતો પડી માથે !
હૃદય ચેતાવી દઈ પૂર્ણ કરાવી સજ્જ દીધો છે.

'જીવનચણતર', બીજી આ., પૃ. ૬

• • •

(અનુષ્ટુપ)

નોટિસ કૈં વિના કેવી, જિંદગી ખસતી જતી !
કોઈને તોય ના ભાન એનું સ્હેજેય થાય છે.
'શ્રદ્ધા' પ્રથમ આ., પૃ. ૨૧૬

॥ હરિઃૐ ॥

# જન્મ, જીવન અને મૃત્યુ

**જન્મ :** અવ્યક્તમાંથી વ્યક્ત થવું તે જન્મ.

આપણે શરીર છોડીને જઈએ છીએ-મરણની સ્થિતિ અનુભવીએ છીએ, એમાંથી નવો પાછો બીજો આનંદ મેળવવાને માટે બીજું સ્વરૂપ ધારણ કરીએ છીએ.

• • •

**જીવન :** જીવન એટલે અનંત જન્મોના સંસ્કાર લઈને આવેલી (જીવની) ચેતનશક્તિની માનવીદેહ દ્વારા થતી વહનક્રિયા.

જીવન એટલે હોવાપણાના અસ્તિત્વની સભાનતા.

જીવન અનંત છે. મૃત્યુ જેવો શબ્દ વાપરવો યોગ્ય નથી. જીવનનું પૂર્ણવિરામ થતું નથી. જીવન એક સમગ્ર સળંગ અને અખંડાકાર છે. અનેક જીવનોની એક અખંડ હારમાળા છે.

• • •

**મૃત્યુ :** મૃત્યુ એટલે એક મહાન અનિવાર્ય પરિવર્તન. મૃત્યુનું સ્વરૂપ જગતે માની લીધેલું છે એવું કારમું છે જ નહિ.

માનવીએ જેને મૃત્યુ કહ્યું, તે આ પલટા સિવાય બીજું કંઈ જ નથી. જ્યાં મૃત્યુ છે ત્યાં જ નૂતન જીવન પણ છે. મૃત્યુ તો જીવનતત્ત્વ જેટલું જ મંગળકારી છે.

• • •

જન્મનું સાથી તો દુઃખ, મૃત્યુ સાથ વળી રહ્યું,
ભલભલા ભલે ભૂપ, એણેય દુઃખ તો સહ્યું.

• • •

જન્મવું અને મરવું એ શારીરિક ધર્મ છે અને એ તો પ્રવર્તવાનો જ.

• • •

## મનને સંબોધન

(ભુજંગી)

શિરે ગર્જતું નાચતું મૃત્યુ ઊભું,
ત્યહાં મુખ વિકાસી ઊભું રહ્યું શું ?
અરે ! ઊઠ ભાથું લઈ લે તું બાંધી-
સદાકાળ તૈયારી તું રાખ ત્હારી. ૭૭

• • •

## મૌલિક

ગુરુ એટલો નિર્બળ અને લાચાર પણ નથી. એ ધારે તો મડદાને પણ બેઠું કરી શકે અને બીમારને પણ ચાલતો કરી શકે, પરંતુ એ તમારાં સાંસારિક કારણો નિમિત્તે નહિ. ગુરુને જ્યારે ખાતરી થાય કે, આ વ્યક્તિના બચવાથી એ જીવની ચેતનાશક્તિનો તલમાત્ર પણ વિકાસ થાય એમ છે ત્યારે ગુરુ લેખ પર મેખ મારી શકે છે.

- **શ્રીમોટા**

• • •

# ખંડ-૧

## જીવન સળંગ છે. જગત મૃત્યુનો મુલક

(અનુષ્ટુપ)

*તારા મારા ખરે જન્મ થયા છે કેટકેટલા !*
*તે તે અર્જુન ! જાણું હું, તને યાદ નથી રહ્યા.*
*'જીવનગીતા', સાતમી આ., પૃ. ૯૨*

● ● ●

**જે સરે તે સંસાર, જે જાય તે જગત.**

આપણી જેવી ભાવના હશે, તેવો અનુભવ આપણને મોડોવહેલો થયા કરશે. તે ઉપરાંત, આપણી જેવી માન્યતા હશે તેવા જ આપણે રહેવાનાં છીએ કે થવાનાં છીએ. પ્રત્યેક લાગણીઓ ભાવનાગત છે. એટલે આપણી જેવી જાતની ભાવના હશે, તેવી જાતની આપણને મળતા પ્રસંગો ઉપરથી લાગણીઓ ઉદ્‌ભવશે. તેથી, સંસારમાં ભારે ઉલ્કાપાત દરેક ક્ષણે થઈ રહેલો છે, તે તોફાનનાં મોજાં આપણી સાથે અથડાયાં વિના રહેવાનાં નથી. આપણે ગમે તેટલી મોટી રક્ષણની દીવાલ ખડી કરીશું તોપણ જગતની કારમી છાયાનો ઓળો આપણા ઉપરથી પસાર થયા વિના રહેવાનો નથી. એક દૃષ્ટિએ જોઈશું તો માલૂમ પડશે કે **જગત એ મૃત્યુનો મુલક છે.** આપણે લાંબો વિચાર કરી જોઈશું તો સમજાશે કે ધોમ ધખતી ધરણી કે લીલી હરિયાળી ભૂમિ એ બન્નેના એકેએક રજમાં કોઈક ચેતનની રાખ જ ભરી પડેલી છે. જગતની માટીનું એક અણુ પણ એવો નથી કે જેની ઉપર મૃત્યુની છાયા ન હોય. આપણે હવાને તપાસો. વૈજ્ઞાનિકોએ પરમાણુ અને એનાથી પણ નાનાં

'ઍટમ્' વગેરે શોધ્યાં છે, અને તેઓ કહે છે કે એ બધાંમાં સ્વયં પ્રકાશિત શક્તિ પુરાયેલી છે. મૃત્યુની કારમી ઝપટમાં આવી ગયેલાં સ્થૂળ શરીરોનું ચૈતન્યતત્ત્વ આમ હવામાં રહ્યું, તો તે પણ મૃત્યુની જ છાયા નહિ તો બીજું શું ? પછી જુઓ આકાશ ! મૃત્યુની નજીક રહેલા માણસને પૂછી જોજો કે માનવતાની આખરી શાંતિ પારાવાર આકાશમાં કેવી રીતે પથરાયેલી છે ? આકાશતત્ત્વમાં જીવનમાત્રની આખરી સ્થિતિ ફેલાયેલી હોય છે, રહે છે. એ કોઈક મહાયોગી આપણને સમજાવી શકે, પણ એની ઝાંખી કોઈ પણ સાધુ હૃદયને ધ્યાન દ્વારા થઈ શકે છે.

પછી રહ્યાં પ્રકાશતત્ત્વ અને પાણી. એ બન્નેમાં પણ પાર વિનાની ચેતનાશક્તિ ભરેલી છે. તે એક વખતે જગતમાં જીવરૂપે પ્રવર્તેલી હતી. આખા વિશ્વમાં પ્રતિક્ષણ નવું સર્જન થતું જણાય છે. તેનું રહસ્ય એ છે કે એક જ પરમ તત્ત્વનાં રૂપરંગ બદલાયા કરે છે. તત્ત્વ તો એનું એ જ રહે છે. જે પરમ તત્ત્વ સર્વત્ર વિસ્તરેલું છે, તે સ્વયં સિદ્ધ અને સંપૂર્ણ છે. તેમાં અંદર વસેલી ગૂઢ શક્તિને લીધે ફેરફારો થયા કરે છે.

**આવા નિરંતરના પલટાને આપણે જગત કહીએ છીએ.** આપણે જે કંઈ જોઈએ છીએ અને બીજી રીતે અનુભવીએ છીએ, એ બધું મૃત્યુથી વીંટળાયેલું છે. મૃત્યુમાંથી ઉદ્ભવીને મૃત્યુમાં શમે છે. **માનવીએ જેને મૃત્યુ કહ્યું, તે આ પલટા સિવાય બીજું કંઈ જ નથી.** અત્યારે જ જે પળ વીતી રહી છે અને ભૂતકાળની અનંત છાયામાં જે જઈ રહી છે, તે પણ મૃત્યુ પામે છે. એક જ સ્થિર, શાંત, અચિંત્ય, અગમ્ય એવું પરમ તત્ત્વ ક્ષણે ક્ષણે પરિવર્તન પામી રહ્યું છે. એ પરિવર્તનને આપણે મૃત્યુ કહીએ છીએ.

**મૃત્યુનું સ્વરૂપ જગતે માની લીધેલું છે એવું કારમું છે જ નહિ.** મનુષ્યે પોતાની નિર્બળતાની ક્ષણમાં એને ભયાનક વસ્તુ તરીકે ઓળખાવી. અને એ વિચાર કે લાગણીને એણે પોષ્યા કરી છે. એટલે મૃત્યુ, માનવીની નજરે ખૂબ ભયંકર દેખાય છે, પણ એમાં સાચી વસ્તુ વિશેનું અજ્ઞાન જ છે. પ્રતિક્ષણ બદલાઈ રહેલા વિશ્વમાં જીવનના જેટલું જ મહત્ત્વ ધરાવતી વસ્તુસ્થિતિ મૃત્યુમાં છે. જીવન અને મૃત્યુ, એ બન્નેનું વાસ્તવિક સ્વરૂપ એક જ છે. **જ્યાં મૃત્યુ છે, ત્યાં જ નૂતન જીવન પણ છે અને જ્યાં જીવન છે, ત્યાં મૃત્યુનું પરિણામ પણ નિશ્ચિત છે.** અથવા એમ પણ કહી શકાય કે પ્રત્યેક વસ્તુ પળેપળ રૂપાંતર પામતી જાય છે. એટલે કે તેનું જૂનું નાશ પામે છે અને એ જ પળે નવું જન્મે છે. એટલે કે **મૃત્યુ અને જીવન એક જ જીવનતત્ત્વનાં બે દર્શન છે,** પણ તેમાં આપણે-માનવીએ-આકાશપાતાળનો ભેદ પાડી નાખ્યો છે અને મૃત્યુ જેવી એક સામાન્ય અને સ્વાભાવિક સ્થિતિને આપણે અકારી કરી મૂકી છે. એ ઉપરથી સમજી શકાય કે હજી જગત કેટલું અજ્ઞાન દશામાં પડ્યું છે. **મૃત્યુ તો જીવનતત્ત્વ જેટલું જ મંગળકારી છે.**

મૃત્યુના સ્વરૂપને આવું ભયંકર માનવાના મૂળમાં અગમ્ય વિશેનો માનવીનો ભય રહેલો છે. અજાણમાં ભૂસકો મારતાં માનવી એના સ્વભાવ મુજબ ડરે છે. મૃત્યુનું સાચું દર્શન કરવાં માનવી મથે છે, પણ તેની લેશ પણ ઝાંખી નથી થતી ત્યારે તેને ભયાનક તરીકે પોકારી ઊઠે છે. જન્મની પૂર્વે અને મૃત્યુ પછી જીવનું શું થાય છે, એ એને નથી જ સમજાતું ત્યારે વિવિધ કલ્પનામાંથી જીવનનો પલટો કરનાર મૃત્યુની સ્થિતિને માનવી ધિક્કારે છે અને તેનાથી ભય પામે છે. જીવમાત્રને

મૃત્યુનો ભય રહે છે. એ અગમ્ય પરિવર્તનથી-ન કલ્પી શકાય એવાં પરિણામથી-હંમેશાં કંપતો રહે છે. વળી, માનવી એકની એક સ્થિતિમાં રહેવાને ટેવાયેલો છે. તેથી, એને બીજી સ્થિતિમાં ફેરવાવું પસંદ પડતું નથી. એને બિચારાને સમજાતું નથી કે જેમ જન્મ એ વિશ્વક્રમમાં એક સ્વાભાવિક સ્થિતિ છે, તેમ મૃત્યુ પણ છે. એ જાણે છે ખરો કે **'નામ તેનો નાશ છે'**, પણ તેમ છતાં એ સત્યની સદાય અવગણના કરીને પોતે જીવે છે.

મૃત્યુ પ્રત્યે માનવીને હંમેશાં અણગમો અને બીક રહ્યા કરે છે, તેનું કારણ તેની અપરિવર્તનશીલ મનોદશા છે. શક્ય ત્યાં સુધી ફેરફાર થવા દીધા વિના એકની એક સ્થિતિમાં પડ્યા રહેવું માનવીના સ્વભાવને ગમે છે. એની એ ઇચ્છાની આડે મૃત્યુ આવે છે. આપણે જાણીએ તો છીએ કે સમગ્ર સૃષ્ટિમાં બધું જ પરિવર્તન પામી રહ્યું છે, તોપણ આપણી આસપાસના જગતને ફેરફાર વિનાનું રાખવા ઇચ્છીએ છીએ. આ સ્થિતિમાં **મૃત્યુ એટલે અનિવાર્ય પરિવર્તન.** એ પરિવર્તન થાય તેમાં માનવીનું કલ્યાણ થાય એવો જ હેતુ સમાયેલો હોવા છતાં એવા યોગ્ય ફેરફારને માનવી વધાવી લેતો નથી, કેમ કે એણે પોતાની પરિસ્થિતિમાં પોતાના જીવનની વિવિધ શક્તિ ખર્ચી છે કે ખર્ચવાની યોજના કરી છે, તેમાંથી વિવિધ પ્રકારનો રસ લીધો છે અને કંઈ કંઈ આશાઓ સેવી છે, એ બધું એક અજાણ ક્ષણમાં સદંતર અદૃશ્ય થઈ જાય એ માનવી કેવી રીતે સહન કરી શકે ? આપણી જીવનશક્તિની ઉપર પડેલા સંસ્કાર પ્રમાણે આપણે જગતની પાર વિનાની વસ્તુઓમાં આસક્તિ કેળવી તેમાં રસ લીધો, એને આપણું સર્વસ્વ માની બેઠા, પરંતુ એના સ્વાભાવિક ક્રમ પ્રમાણે એ પરિવર્તન પામે છે,

એ આપણે સાંખી શકતાં નથી. સતત પરિવર્તન પામવાની સાચી અને અનિવાર્ય જગતની પરિસ્થિતિનો અસ્વીકાર કરવાની મનોદશામાં નર્યું અજ્ઞાન અને અંધાપો જ છે. હાડકાં અને ચામડાના માળખાએ ઊભા કરેલા તરંગી જગતમાં હંમેશાં રસ લેવાની ટેવ પડી ગઈ હોવાથી જે સાચી વસ્તુ છે, તેનું ભાન ભુલાઈ જાય છે અને પરિણામે આ દશા થાય છે.

**મૃત્યુની પાછળ શોક કરવાની વૃત્તિમાં તો નરી આસક્તિ જ છે અને અજાણી પણ ઊંડી સ્વાર્થવૃત્તિ પણ હોય.** મૃત્યુ પામેલાની સાથે બંધાયેલી આસક્તિ આપણી લાગણીઓને જાગૃત કરી મૂકે છે અને ઘણી વાર તો આપણે આપણા કોઈ પણ પ્રકારના સ્થૂળ કે સૂક્ષ્મ સ્વાર્થનું છેદન સ્વજનના મૃત્યુમાં જોઈએ છીએ. એટલે આપણા પોતાના સ્વાર્થ ખાતર જ રડતા હોઈએ છીએ. જોકે આટલું આંતરદર્શન આપણામાં ન હોવાથી એનું ભાન પણ આપણને ત્યારે જાગેલું હોતું નથી.

મૃત્યુ એટલે એક મહાન અનિવાર્ય પરિવર્તન. **જે સરે તે સંસાર. જે જાય તે જગત,** જો આ સમજીએ તો જીવનમાં ઉતારીએ એ જ પ્રાર્થના છે.

*'જીવનસંદેશ', સાતમી આ., પૃ. ૨૩૭-૨૪૨ (સંકલન)*

## શ્રેષ્ઠ દિલાસો

શ્રીમોટા એક ભક્તને ત્યાં સ્વજનના અવસાન બદલ દિલાસો આપવા ગયા. ત્યાં તેમણે કહ્યું કે, **શ્રેષ્ઠ દિલાસો નામસ્મરણથી મળશે. તે અખંડિતપણે તેર દિવસ સુધી કરો.** મૃતાત્માની શાંતિ અર્થે પણ તે જ સારો અને સાચો એવો ઉપાય છે.

• • •

## સ્વજનના મૃત્યુ બાદ કરવાની પ્રાર્થના

(શિખરિણી-મંદાક્રાંતા)

**ગયેલા આત્માને મનહૃદયથી આપજે શાંતિ પૂરી,**
**બધી રીતે એનું પ્રભુ ! કરવજે સર્વ કલ્યાણ શ્રીજી !**
**બધા જીવો સાથે ગત જીવનમાં જે થયેલો સંબંધ,**
**કરાવી દ્યો એને સહુ તરફથી સાવ નિશ્ચિંત મુક્ત.**

*'જીવનરંગત', પ્રથમ આ., પૃ. ૨૮૭*

ગુજરાત રાજ્યના ચીફ ઍંજિનિયર શ્રી કાંતિલાલ એમ. કાંટાવાળાનાં પત્ની શ્રીમતી નર્મદાબહેનના (જેમને પૂજ્ય શ્રીમોટા નર્મદામા કહેતા) અવસાન નિમિત્તે પૂજ્ય શ્રીમોટાએ મૃતદેહની નનામીને પોતાનો ખભ્ભો આપેલ અને સ્મશાનભૂમિમાં પણ શ્રી કાંટાવાળા સાહેબના ખભે હાથ મૂકી હાજર રહ્યા હતા. ત્યાર પછી નડિયાદ આશ્રમે જઈને ઉપરોક્ત પ્રાર્થના લખીને શ્રી નંદુભાઈ સાથે શ્રી કાંટાવાળા સાહેબને મોકલાવી હતી. આ પ્રસંગની નોંધ પૂજ્ય શ્રીમોટા વિરચિત 'જીવનરંગત' પુસ્તકમાં સંપાદકના બે બોલ શીર્ષક હેઠળ શ્રી કાંટાવાળા સાહેબે જાતે કરેલ છે. ત્યારથી આ પ્રાર્થના ગતાત્માની શાંતિ અને શ્રેય કલ્યાણ અર્થે નિયમિત કરવામાં આવે છે. (સંપાદક)

● ● ●

## અનંતાનંત જીવન

(ગઝલ)

જીવનને કોઈ પણ ક્યાંયે કશું વયનું ન લફરું છે,
અનંતાનંત, શાશ્વત ને અખંડ ભવ્ય જીવન છે.

શરીરને માત્ર આયુષ્ય, જીવન લીધે શરીર આ છે,
બધું પ્રત્યક્ષ સાકાર થતું જે તે શરીર લીધે.

જીવન ખંડિત નથી ક્યાંયે, જીવનમાં ભાગલા ના છે,
અસ્ખલિત શી જીવનગંગા સદાકાળ વહેતી છે !

*'જીવનઘડતર', બીજી આ., પૃ. ૨૮૭*

● ● ●

(અનુષ્ટુપ)

'જન્મવું, જીવવું, પાછું મરવું', ક્રમ નિત્યનો,
એવા જટિલ, સંસારે ભજવો હરિ દોહ્યલો.

'ભાવકણિકા', ત્રીજી આ., પૃ. ૪

● ● ●

**જીવન એક સમગ્ર, સળંગ અને અખંડાકાર છે. અનેક જીવનોની એક અખંડ હારમાળા છે. એવા જીવનને એક અખંડ તાંતણામાં પરોવાયેલું અનુભવવું એ તો સામાન્ય જીવદશાવાળા જીવનું કામ નથી.** આત્યંતિક અનુભવની કક્ષામાં અને શ્રીભગવાનની અખંડાકાર ભાવનામાં જે જીવતો શરીરધારી આત્મા છે, તેવાને તેવાં તેવાં નિમિત્ત મળતાં, તેના જીવનમાં તેનું પૂર્વજીવન નિમિત્તના સંબંધ પ્રમાણેનું તેની આગળ શ્રીપ્રભુકૃપાથી વ્યક્ત થયા કરતું હોય છે.

પ્રત્યેકનું હાલનું જે શરીર છે અને તેનું જે જીવન છે, તે કંઈ ઓચિંતું એકદમ અધ્ધરથી ટપકી પડેલું હોતું નથી. તેની આગળની કોઈ પરિસ્થિતિ કે ભૂમિકા હોવી જ જોઈએ. જેમ કે વૃક્ષ જે છે તે મૂળે તો બીમાં જ હતું, તે પછી જ જમીનમાં

વવાયું અને તેમાંથી તે ઊગ્યું. નાનો છોડવો થયો. તેમ કરતાં તેનાં મૂળિયાં પરિપક્વ થઈ ક્યાંનાં ક્યાંય ફાલ્યાં. અને એ જ ઝાડ પાછું અનેક બીમાં પોતાના અસ્તિત્વને ગોપવે છે. અને હાલ જે વૃક્ષ છે તેનું અસ્તિત્વ કોઈ ને કોઈ રૂપે ભવિષ્યમાં પ્રગટતું જતું હોય છે, તે હકીકત તો સર્વ કોઈની બુદ્ધિમાં ઊતરે તેવી છે. તેવી જ રીતે હાલમાં આપણું જે શરીર છે અને તેનું જે જીવન છે, તેનું પણ આવા વૃક્ષના જીવનના જેવું છે. હાલ જે વૃક્ષ છે તેની પહેલાં પણ તેનું કોઈ બીજા રૂપમાં અસ્તિત્વ હતું અને ભવિષ્યમાં જ્યારે તે વૃક્ષનું અસ્તિત્વ નહિ હોય ત્યારે પણ તે જ વૃક્ષનું અસ્તિત્વ કોઈ ને કોઈ જુદા સ્વરૂપમાં પ્રવર્તેલું રહ્યા કરેલું હશે જ. આમ જોતાં પ્રત્યેકની આવી-પોતપોતાની તે તે પ્રકારના જીવનની અનંત હારમાળાઓ છે.

જીવના અનેક પૂર્વજન્મોની, અને તેવા પૂર્વજન્મનાં શરીરોની, અને તેવાં શરીરના તે તે કાળે તેવા તેવા જીવનની હકીકતો, તે પણ એક જાતના સંશોધનનો વિષય છે ખરો, પરંતુ એ સંશોધનને માટે અને એ અનુભવવાને માટે 'પ્રજ્ઞા'*ની આવશ્યકતા ખરી. જેની બુદ્ધિ સંપૂર્ણપણે પ્રજ્ઞા થયેલી છે, તેવી પ્રજ્ઞાને તેવા તેવા પ્રકારનું નિમિત્ત મળતાં, તે તે નિમિત્ત પ્રકારનું જ્ઞાન કે હકીકત સહજમેળે હસ્તામલકવત્** હોય છે.

❑

---

* પ્રજ્ઞા = અંતઃસ્ફુરણાથી સમજાવનારી બુદ્ધિ

** હસ્તામલકવત્ = સહેલાઈથી / સ્પષ્ટ રીતે સમજાઈ જાય તેવું

# ખંડ-૨

## મૃત્યુવેળાએ શું થાય છે ?

*તે શક્તિનાં સહુ રમકડાં આપણે તો બિચારાં.*

*'જીવનપગલે', ચોથી આ., પૃ. ૪૭*

● ● ●

### સાવધાન !

(હરિગીત)

**રહીશ ગાફેલ જીવ ! મા, અણધાર્યું તેડું આવશે.**

જોબનભર્યું આ જીવન સૌ, એળે પલકમાં વહી જશે,
કંચન સમી તુજ કાય આ રોળાઈ રાખમહીં જશે.
અવનવી કંઈ આશ દિલની, એમની એમ રહી જશે,
પરણ્યો મનમાં, મનમાં રાંડ્યો, એવું તારું થઈ જશે.

'હાય હાય' કરીશ ત્યારે, જાવું તો ગમશે નહિ,
રડીશ માથે હાથ મૂકી, ચાલશે કાંઈ નહિ.
સૌ કર્મ સાક્ષીરૂપ તુજ, પ્રત્યક્ષ નજરે ભાળશે,
ને વાસનાની દિલતણી, મૂર્તિ ખડી સામે થશે.

જાશે રહી ત્યાં જીવ તારો, અન્ય કાંઈ ન સૂઝશે,
મરણાંતે જેવી વાસના, તેવી ગતિ તારી થશે.
તેથી કરી ચેતી લઈ, કર પ્રીતડી ઈશ-સાથથી,
તુજ કર્મ સૌ જાયે બળી, એવી લગાડો લહે ખરી.

'જીવનસંશોધન', ચોથી આ., પૃ. ૯૨

## મૃત્યુ-શ્રીભગવાનનો અવિચળ અટલ નિયમ

છેક મૃત્યુની પળે પણ જીવ સ્વભાવતઃ મરણની સામે યુદ્ધ કરીને બચવાની કોશિશમાં જ રહેતો હોય છે અને આખરે મૃત્યુથી હાર પામીને પોતાની હાર કબૂલી એને મરવું પડે છે. જે શરીરને તે પોતે જીવરૂપ જ માનતો હતો, જેનો તે રાગી બની ગયો હતો, જેના મય જ જે થઈ ગયો હતો, એને પણ છોડવું પડે છે, પણ એમાંની એની વાસના એને મૂકી શકતી નથી. ત્યાં પણ એનાં કર્મે તો યુદ્ધ જ લખાયેલું છે. એમ જોવા જતાં આ સંસારમાં રહીને કોઈ પણ જીવ શ્રીભગવાનના એ અવિચળ અટલ નિયમનું ઉલ્લંઘન કરવાને કદી પણ શક્તિમાન થતો નથી.

## અંતિમ ક્ષણે

ચેતનની કોઈ શક્તિ છે, એવી શક્તિ મૃત્યુવેળાએ શરીરમાંથી રોમેરોમમાંથી નીકળીને શરીરમાં એક ઠેકાણે, શરીરના આધારમાં કેંદ્રિત થતી હોય છે. તે શરીરના એકેએક અવયવોમાંથી, એકેએક ભાગમાંથી, રોમેરોમમાંથી અને વાળમાંથી સુધ્ધાં, એના નાનામાં નાના ભાગમાંથી એ પ્રાણશક્તિ, ચેતનની પ્રાણશક્તિ ખેંચાઈ ખેંચાઈને કોઈક એક ઠેકાણે એકત્રિત થઈ જાય છે અને એક ક્ષણથીય ઓછી ક્ષણમાં આ હકીકત બનતી હોય છે. આપણી બુદ્ધિમાં એ આવી શકે એવી હકીકત નથી, પણ આ તે વખતે બનતી સાચેસાચી હકીકત હોય છે.*

તે વખતે શરીરમાં રહેલું ચેતન તો બધું નીકળી ગયેલું હોય છે ત્યારે શરીરની જે દ્વંદ્વ અને ગુણથી બનેલી પ્રકૃતિ છે, એ ત્યારે મહત્ત્વપણે ભાગ ભજવી રહેલી હોતી નથી. એનું આ શરીર (સ્થૂળ શરીર) પણ ભાગ ભજવી રહેલું હોતું નથી. તે વખતે સૂક્ષ્મ શરીર જ મહત્ત્વપણે ભાગ ભજવી રહેલું હોય છે. **શરીરમાંથી જીવ નીકળતી વખતે એક ક્ષણ માટે પણ તે વખતે એ સૂક્ષ્મ શરીર મોખરે હોય છે.**

**(મૃત્યુવેળાએ પ્રાણશક્તિ ખેંચાઈને એક સ્થળે એકત્રિત થાય છે, આ પ્રક્રિયા દરમિયાન જીવ પોતાનાં સકળ કર્મોને નિહાળી શકતો હોય છે. પોતાનાં સારાં કે ખરાબ કાર્યો, જાણે ફિલ્મની રીલ ચાલતી હોય અને એક પછી એક પ્રસંગો આવતા જાય તેમ, પોતાની નજર સમક્ષ નિહાળી શકે છે. તે વેળાએ પ્રકૃતિથી ઘેરાયેલા જીવનું મન જીવનપર્યંતની વાસનાઓમાં જ મોખરે રહે છે. તે વેળાએ જીવને પ્રભુસ્મરણ કરવાનું સૂઝતું નથી. વળી, આ ક્ષણમાં પશ્ચાત્તાપ કરી મળેલાં સ્વજનો અને પ્રભુ-પરમાત્માની માફી માગવાનો સમય પણ રહેતો નથી. આમ, મરણાંતે જેવી વાસના તેવી પુનર્જન્મની ગતિ થાય છે.*

*આથી, પૂજ્ય શ્રીમોટાએ આપણને સૌને નિયમિત **'નામસ્મરણ'**નો અભ્યાસ કરવા ઉપર ખૂબ જ ભાર મૂક્યો છે. 'નામસ્મરણ' જીવતેજીવતા પ્રકૃતિમાંથી મુક્ત કરાવે છે, મૃત્યુવેળાએ પ્રભુના નામ સાથે દેહ છૂટે તો પુનર્જન્મ વહેલો થાય છે, પુનર્જન્મ સારી ઉચ્ચ ભાવનાવાળી ગતિમાં થાય છે. જેથી, પુનર્જન્મના જીવનમાં નામસ્મરણના સંસ્કારો ઉદય વર્તમાન થતાં પવિત્ર ભાવનાવાળી દિશામાં જીવનનો વિકાસ થાય છે.- સંપાદક)*

## સૂક્ષ્મ શરીરથી ભગવાનનું નામ લેવાય તેના પુનર્જન્મનું વિજ્ઞાન

પ્રકૃતિનાં ગુણો-મનાદિકરણો મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ આદિ સ્થૂળ શરીર જીવતુંજાગતું હતું, તેને જે વળગી રહેલાં હતાં તે જુદાં અને સૂક્ષ્મ શરીર જે જીવ જવાની પળે મોખરે હોય છે તેને વળગેલાં મનાદિકરણો જુદાં. એ બન્ને પ્રકારમાં ઘણો ફરક છે.

સ્થૂળ શરીર જ્યારે જીવતું હોય છે, એ સ્મરણ (ભગવાનનું નામ) બોલે છે. જ્યારે સૂક્ષ્મ શરીર, શરીરમાંથી નીકળી જવાની એકદમ તત્પરતામાં (તૈયારીમાં) હોય છે, એ પળે આકાશ, તેજ અને વાયુ એમ ત્રણ તત્ત્વ જ તૈયારીવાળાં (મોખરે) હોય છે. એટલે સૂક્ષ્મમાં સૂક્ષ્મ પ્રદેશમાં એ ભગવાનનું નામ એ શરીરના આધારમાં વણાઈ જાય છે. આથી, સૂક્ષ્મ શરીર દ્વારા આ પળે જે ભગવાનનું નામ લેવાય છે, એનું પરિણામ એની સારી ગતિમાં એટલે કે કોઈક હવે પછીના જન્મમાં એને કોઈ ભાવનાવાળી સ્થિતિમાં એ જીવ જન્મે એવી શક્યતાવાળું બની જાય છે.

### સૂક્ષ્મ શરીરથી ભગવાનનું નામ ક્યારે લેવાય ?

(૧) મરણ વખતે સામાન્ય રીતે દરેક માણસથી કંઈ ભગવાનનું નામ લેવાતું હોતું નથી. કાં તો એનો દીર્ઘકાળનો અભ્યાસ હોય તો લેવાય.

(૨) દીર્ઘકાળનો અભ્યાસ હોય એવા જીવથી પણ તે વખતે ભગવાનનું નામ યાદ રહે ને લેવાય એવો કશો નિયમ નથી.

(૩) જેને બિલકુલ અભ્યાસ નથી એવો માણસ પણ જો આવા જીવતાજાગતા જેનામાં ચેતનાની નિષ્ઠા પ્રગટેલી છે, એવા અનુભવી શરીરધારી આત્માની (અનુભવી પુરુષ) સાથે સંપર્કમાં આવ્યો હોય અથવા એવાનું એણે ઘણું કામ કર્યું હોય, એવાની ઉપર એવા કોઈ મહાત્માને રાગ હોય અથવા તો ઉત્કટ કોઈક ભાવ એના દિલમાં હોય તો એવા જીવને પણ મરણ વખતે ભગવાનનું સ્મરણ રહે છે. આપમેળે પણ કોઈકને થઈ જાય છે. આ એક બહુ મોટી પ્રક્રિયા છે. એ જીવ કોઈક સારી ભાવનાવાળી સ્થિતિમાં જન્મ પામે છે.

**'જબ પ્રાણ તન સે નિકલે'**

આખી જિંદગી તો ભગવાનનું નામ લીધું ના હોય, કંઈ સત્કર્મ કર્યાં ન હોય અને દુનિયાની દૃષ્ટિથી બગડેલ હોય, તેવો માણસ મરણ વખતે ભગવાનનું નામ લે તો તેનો પુનર્જન્મ ભગવાન તરફનું આકર્ષણ-ભક્તિ વધે તેવો થાય છે.

એ ઘણી સૂક્ષ્મ પ્રક્રિયા છે. આપણા આધારમાં ત્રણ શરીર છે. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ. કારણ શરીર નિરાકાર છે. સૂક્ષ્મ શરીર તેજ, વાયુ અને આકાશ તત્ત્વવાળું છે તથા જળ અને પૃથ્વીતત્ત્વ વિનાનું છે. સ્થૂળ શરીરમાં પાંચેય તત્ત્વો-પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ છે. જ્યારે આ શરીરની મરણની સ્થિતિ આવે ત્યારે આ સ્થૂળમાંથી નસેનસ-રગેરગમાંથી જે ચેતન છે, તે ખેંચાઈને સૂક્ષ્મમાં કેંદ્રિત થાય એટલે કે મરણ વખતની સ્થિતિમાં સૂક્ષ્મ શરીર મોખરે હોય. સૂક્ષ્મ શરીર મોખરે હોય, ત્યારે તે વખતે જે ભગવાનનું નામ લેવાય, તે આ સ્થૂળ શરીર

નથી લેતું. તે સૂક્ષ્મ શરીર લે છે. સૂક્ષ્મ શરીરનો પ્રભાવ ઘણો મોટો હોય છે. સૂક્ષ્મ શરીર જે ભગવાનનું નામ લે છે, એને લીધે એનો ઉચ્ચ પ્રકારનો એટલે કે ભગવાન તરફનું આકર્ષણ વધે એવા પ્રકારનો જન્મ થાય છે. મરણ વખતે આ સ્થૂળ શરીર ભાગ નથી લેતું હોતું. રોમેરોમથી ચેતન નીકળી જઈને જ્યારે આ સૂક્ષ્મ શરીરના કેંદ્રમાં એકઠું થાય છે ત્યારે સૂક્ષ્મ શરીર મોખરે હોય છે, અને તે વખતે જે ભગવાનનું નામ લેવાય છે, તે સૂક્ષ્મ શરીરથી લેવાય છે અને તેને લીધે આપણને નવો જન્મ ઉચ્ચ પ્રકારનો મળે છે. આટલું બધું (જન્મજન્માંતરના સંસ્કારો) આટલામાં આવે કેવી રીતે ? એનું પ્રમાણ 'અંગુષ્ઠ' છે. શાસ્ત્રમાં સૂક્ષ્મ શરીરને 'અંગૂઠા' જેવડું ગણાવ્યું છે. તે -Invisible- એટલે કે દેખી શકાય એવું નથી. It has got a length but no breadth. *(એને લંબાઈ છે પણ પહોળાઈ નથી.)* એમાં અનેક જન્મોની link-સાંકળ છે.

● ● ●

આપણાં ત્રણ શરીર છે : (૧) સ્થૂળ, (૨) સૂક્ષ્મ અને (૩) કારણ. સ્થૂળ શરીરના ચિત્તમાં પ્રકૃતિના સંસ્કારો ગ્રહણ થાય છે. સૂક્ષ્મ શરીરમાં ભગવાનના દ્વંદ્વાતીત અને ગુણાતીતના સંસ્કાર ગ્રહણ થાય છે. તે જ્યારે નવું શરીર ધારણ થાય ત્યારે ઉદયવર્તમાન થાય. જેમ શાહીચૂસ શાહી ચૂસી લે તેમ મહાત્મા સાથેની સોબતથી નકારાત્મક સંસ્કારો સૂક્ષ્મમાં ચુસાઈ જાય છે. જ્યારે સમજણા થઈએ, સાત આઠ વર્ષના થઈએ ત્યારે એવા સંસ્કારો ઉદયવર્તમાન થાય છે ત્યારે એ સંસ્કારોને લીધે જ એવા જીવનપટમાં વહ્યા કરીએ ને તેમાં તણાયા જઈએ

છીએ. એવે વખતે જો પાછો પુરુષાર્થ થાય, પ્રયત્ન થાય, ભક્તિ થાય તો સત્ત્વગુણ વધે, સાત્ત્વિક સંસ્કારો પાછા વધે. એમ ઉત્તરોત્તર વધતાં જાય ત્યારે આપણને લગની લાગે. આ જન્મે તો તે સંસ્કાર ન જાગે પણ આવતા જન્મે એ સંસ્કાર જરૂર ઉદયવર્તમાન થાય.

જેમ મૂળ બે પરમાણુઓ હાઈડ્રોજનના અને એક પરમાણુ ઑક્સિજનનો એ બન્ને મળીને પાણી થાય એમ વિજ્ઞાને સાબિત કર્યું છે તેવી જ રીતે આ પણ સત્ય છે.

● ● ●

## નવો જન્મ ઝડપથી ક્યારે થાય ?

ભાવનામાં જાગૃત થઈ જવાય તો બીજા જન્મે આ જ માર્ગે જલદી જવાય. આવું થાય તો શરીરનો જન્મ પણ તરત થાય, નહિ તો જીવને જન્મ લેતા ઘણો સમય જાય છે. એ અનુભવથી કહું છું. સાત્ત્વિક પુરુષનો જન્મ જલદી થાય છે. જ્ઞાનચેતનની દશામાં નિષ્ઠા પામેલા એવા કોઈ આપણા પર કૃપા કરે અને સૂક્ષ્મમાં સંસ્કાર રેડે અથવા ભગવાનના સ્મરણમાં આપણી નિરંતરતા પ્રગટે અને ભાવના જાગે અને તેના કારણે સૂક્ષ્મ ચિત્તમાં સૂક્ષ્મ સંસ્કાર પડે તો આપણો જન્મ જલદી થાય. આનું પણ ગણિત છે. આ પણ વિજ્ઞાનની માફક પ્રયોગથી સાબિત કરી શકાય એવું છે, પણ તેવો પ્રયોગ કોઈ કરે ત્યારેને ? જ્યાં સુધી યાહોમ કરીને ઝંપલાવવાનું દિલ જાગ્યું નથી, ત્યાં સુધી કાંઈ વળવાનું નથી.

**સ્વજન :** પુનર્જન્મ વહેલો ક્યારે થતો હશે ?

**શ્રીમોટા :** જે જીવ સંતમહાત્માઓને આખરી ઘડીએ પ્રેમ-ભક્તિથી, એકાગ્રભાવે હૃદયમાં હૃદયથી યાદ કરે છે તેમનો પુનર્જન્મ તુરંત જ થાય છે. માણસ જેટલો વાસનાબદ્ધ ને કામી હોય તેટલો તે મોડો જન્મે. જે માણસ કેવળ જ્ઞાનવિજ્ઞાનની શોધખોળ પાછળ રચ્યોપચ્યો હોય તો તેવો માણસ પણ વહેલો જન્મે.

## ગતજન્મની વિસ્મૃતિ

સૂક્ષ્મ શરીર આકાશ, તેજ અને વાયુ એ ત્રણ તત્ત્વોનું બનેલું છે. સ્થૂળ શરીરમાં પેલાં ત્રણ તત્ત્વો ઉપરાંત, પૃથ્વી અને જળ મળીને કુલ પાંચ તત્ત્વો છે. સૂક્ષ્મ શરીર ગાઢ વાયુરૂપ હોવા છતાં ઝાડી જેવું દુર્ભેદ છે અને મેરુ પર્વત જેવું દૃઢ છે. કારણ શરીર અનિર્વચનીય (અવર્ણનીય) છે. અત્યારે આપણે જીવીએ છીએ (મનુષ્ય દેહરૂપે) ત્યારે જળ અને પૃથ્વી તત્ત્વ સવિશેષ છે. એ જળ અને પૃથ્વી તત્ત્વની જડતાને લીધે (મૃત્યુ બાદ ગતજન્મની) વિસ્મૃતિ થઈ જાય છે. આપણને (પૂર્વજન્મની) સ્મૃતિ થવાની શક્યતા જ નથી.

## શબમાં ચેતન

પૂજ્ય મોટા સાથે એકવાર મારે અંગત ચર્ચા થઈ હતી. ત્યારે મારાથી પુછાઈ ગયું કે **જો પરમાત્મા સર્વવ્યાપી હોય, તો તે શબમાં હોય કે નહિ ?** પૂજ્ય મોટાએ મારા પ્રશ્નને ખૂબ ગંભીરતા અને પ્રેમથી વિચારીને જવાબ આપ્યો તે નીચે પ્રમાણે હતો :-

અનુભવીઓ ચેતનની બે પ્રક્રિયાઓને સ્વીકારે છે. એક **અંતર્નિહિત** (અંદર રહેલું) (Involution) અને બીજી **ઉત્ક્રાંત**

(વિકાસ પામેલું) (Evolution). **પદાર્થમાત્રમાં ચેતન નિગૂઢ (અત્યંત ગુપ્ત, ન સમજાય તેવું) છે.** જીવતાં પ્રાણીઓમાં આ નિગૂઢ ચેતન ઉત્ક્રાંત (વિકાસ પામેલું) થયેલું છે. એટલે તે જન્મે છે, પ્રાણ લે છે, વધે છે, પ્રજનન કરે છે અને મરે છે. તમામ પ્રાણીયોનિઓમાં માનવ સૌથી વધુ ઉત્ક્રાંત છે. એટલે કે તેનામાં ઉપરની પ્રક્રિયાઓ ઉપરાંત, મન, બુદ્ધિ અને અહંકાર વિકસેલાં છે. આ ઉત્ક્રાંતિની પ્રક્રિયા સતત ચાલુ છે.

જેને આપણે જડ પદાર્થો કહીએ છીએ તેમાં પણ ચેતન તો છે જ, પણ તે નિગૂઢ કક્ષામાં છે. માનવમાં ચેતન સૌથી વધુ ઉત્ક્રાંત થયેલું છે. એટલે તે વિચાર કરી શકે છે, સંવેદનશીલ છે, બુદ્ધિથી વિવેક કરી શકે છે અને અહમ્ વડે ઘણા પડકારો ઝીલી શકે છે.

માણસ જ્યારે મરી જાય છે ત્યારે તેનું ઉત્ક્રાંત ચેતન ફરી પાછું અંતર્નિગૂઢ (અંદર છુપાયેલું) બની જાય છે. એટલે **શબમાં પણ ચેતન છે, પણ તે અંતર્નિગૂઢ છે.** એટલે પરમાત્માના સર્વવ્યાપીપણાને બાધ લાગતો નથી.

જીવમાત્રમાં ચેતનતત્ત્વ રહેલું છે અને એ ચેતન જ મનરૂપે, બુદ્ધિરૂપે અને અહમ્‌રૂપે પ્રગટે છે. જો આ ચેતન ન હોય તો મન, બુદ્ધિ અને અહંકારનું અસ્તિત્વ રહેતું નથી. શબને મન, બુદ્ધિ અને અહંકાર રહેતાં નથી. એટલે કે તેમાં ચેતનનું વ્યક્તપણું બંધ થઈ જાય છે.

'અનોખા સંત શ્રીમોટા', ત્રીજી આ., પૃ. ૧૨
લેખકઃ શ્રી પ્રતાપરાય ઉપાધ્યાય

• • •

# ખંડ-૩

## મૃત્યુ બાદ જીવાત્માની સ્થિતિ, જીવની ગતિ અને મૃત્યુ પછીનું જીવન

### મૃત્યુ બાદ જીવની સ્થિતિ

મૃત્યુ પછી એ માણસનો જીવ જ્યાં એને આસક્તિ હોય At the place of Attachment - ત્યાં, તેના વાતાવરણમાં તેર દિવસ સુધી વળગેલો રહે છે. એ સૂક્ષ્મ શરીરધારી હોવાથી એ સાંભળે છે. જુએ છે પણ ખરો, પરંતુ એ બોલીચાલી શકતો નથી કે અનુભવી શકતો નથી, કારણ કે તેના સૂક્ષ્મ શરીરમાં જળ અને પૃથ્વી તત્ત્વનો અભાવ છે. આ તેર દિવસ દરમિયાન આપણે એ જીવ માટે રડવું નહિ, ગુસ્સો કરવો નહિ, પણ પ્રાર્થના કર્યા કરવી, સતત નામસ્મરણ કરવું, એના હિતાર્થે તેર દિવસ દરમિયાન સત્કર્મો કરવાં, એને ગમતાં કાર્યો આપણે કરવાં, તો એને શાંતિ લાગશે. **આપણા રડવા કૂટવાથી એ દુઃખી થશે.**

એટલા માટે તે ગાળામાં આપણે આનંદમાં રહેવું જોઈએ. એના ગુણોની વાત કરવી, તો એને સારું લાગે છે. એને માટે શોક ન કરવો. "રડવું નહિ" એ જે કહ્યું છે એ યથાર્થ છે.

એ પછી આ સંસાર પરત્વેનો સંબંધ છૂટી ગયા પછીની સ્થિતિ એ વાગોળવાની સ્થિતિ આવે છે. એ એના અનંત જન્મોને વાગોળે છે.

એ બધું સમજવાનું શાથી થાય છે ? તો એનામાં જળ અને પૃથ્વીતત્ત્વ ફક્ત બીજરૂપે જ છે. વાગોળવાની

પરિસ્થિતિમાં એ બધું જ સમજી શકે છે. 'પોતે આવો હતો. આમ અનુભવેલું...' એ બધું થયા પછી નક્કી કરે છે કે, 'મારે જીવનનું આ ફેઈઝ (પાસું) અનુભવવું છે.' તે પ્રકારે એ જન્મ લે. જળ અને પૃથ્વીતત્ત્વ બીજરૂપે ન હોય તો એનો જન્મ ન થઈ શકે. પોતે જ નક્કી કરીને જન્મ લે. નક્કી કરવાપણામાં આ બધું આવે ખરું કે કયા જીવો સાથે મારે આ અનુભવવું છે, કયા જીવો સાથે અનુભવી શકાય ? તે તે જીવો સાથે થયેલો આનુષંગિક સંબંધ આવે. એમાં જુદા જુદા પ્રકારનાં કર્મો કરતાં કરતાં જે વૃત્તિઓ થઈ હોય એ ભોગવવું એ પણ આમાં પછી આવે છે.

• • •

*સમીકરણના ગાળામાં-Period of Assimilation-પોતાના અનેક જન્મોના વાતાવરણને વાગોળે છે અને એમાંથી એ આપમેળે બીજા જીવનનો અનુભવ લેવાનું નક્કી કરે છે. જેવા જેવા સંસ્કાર, જેવાં જેવાં રાગદ્વેષ અને મોહાદિ વલણો, જેવું ઉચ્ચ સાત્ત્વિક પ્રકારનું વલણ હોય, જેમ કે કોઈ સાધક હોય,

---

**સમીકરણનો ગાળો-Period of Assimilation-એટલે આપણે એક કાર્ય કંઈક અંશે કર્યું હોય, ત્યાર બાદ વચ્ચેના સમયમાં આપણે વિચારીએ કે અહીં સુધી કર્યું તે બરાબર કે હજી સુધારો કરવો, હવે પછી આગળ કઈ રીતે કરવું, કોને મળવું, સલાહ સૂચન માર્ગદર્શન લેવાં, અનુભવ લેવો વગેરે. પછી ફરીથી તે કાર્ય કરવાની શરૂઆત કરીએ અને તે કાર્ય આગળ વધારીએ. હવે આ વચ્ચેનો ગાળો તે સમીકરણનો ગાળો-Period of Assimilation-કહેવાય.-સંપાદક)*

આવા અનેક પ્રકારનાં વલણોવાળો જીવ જુદા જુદા કાળે પુનર્જન્મ લે છે. જે પ્રકારના જીવનનો અનુભવ લેવાનો નિર્ણય આપમેળે નક્કી થઈ જાય, તેવા પ્રકારનો અનુભવ લેવા માટે તે જન્મ લે છે. કોઈ વખત શ્રીમંત, કોઈ વખત ગરીબ, કોઈ વખત ખેડૂત, કોઈ વખત મજૂર - એમ અનેક પ્રકારના અનુભવ લેવાનું જીવ કર્યા કરતો હોય છે. એ અનુભવ લેવા માટે જે જે એવાં નિમિત્ત પ્રકારના જીવોનો સંયોગ જ્યાં જ્યાં સાનુકૂળ બની શકે, એવા કાળના તબક્કાની શક્યતા સંભવે તેવા કાળે જ તે જીવ તેવા સંજોગોમાં નક્કી થયેલા અનુભવ લેવા જન્મ લે. અને ત્યારે એની સાથે એ વાગોળવાના સમય દરમિયાન નક્કી થયેલા હોય એવા અનુભવ લેવાને જે જે બીજા જીવોની જરૂરિયાત હોય તેવા જીવો પણ તે તબક્કામાં જન્મે. માણસ જેટલો વાસનાબદ્ધ અને કામી હોય તેટલો તે મોડો જન્મે. જો કોઈ માણસ કેવળ જ્ઞાન-વિજ્ઞાનની શોધખોળ પાછળ રચ્યોપચ્યો રહેતો હોય તો તેવો માણસ વહેલો જન્મે.

## જીવની ગતિ

જેના જીવનમાં નેગેટિવ કર્મો થયાં હોય, ઘણા ઘાતકી, પ્રપંચી, અનીતિવાળા, લુચ્ચા અને એવા બધા પ્રકારનાં કર્મો થયાં હોય તે અધોગામી થાય છે. એવી પૃથ્વી પણ છે કે જ્યાં આવા બધાં જીવો હોય છે. એમાંથી જે સારા થતા જાય એ આપણે ત્યાં આવે. આપણે ત્યાંથી સારા થતા જાય એ બીજે જાય. વળી, ઊંચે હોય એ પતન થયેલા હોય એ આપણે ત્યાં આવે. એમ બધું ચાલ્યા કરે.

• • •

**સ્વજન :** જે બે જણ આ જીવનમાં જિગરજાન દોસ્તો હોય, તે આવતા જન્મમાં તે જ રીતે મળે ખરા ?

**શ્રીમોટા :** જે બે જણ એવા જિગરજાન, લાંબા ગાળા સુધી એટલે કે ચાળીસેક વર્ષ સુધી મિત્ર તરીકે રહ્યા હોય તેઓ બીજા જન્મમાં મળે ખરા, પણ તેનો આધાર તેના મૃત્યુ સમયની તે તે જીવની મતિ, ગતિ અને જન્મોજન્મની સમગ્ર અને સળંગ સંસ્કારશક્તિ ઉપર છે. તેઓ મિત્રો તરીકે જ મળે એમ નહિ, પણ પિતાપુત્ર તરીકે, ભાઈબહેન તરીકે, પતિપત્ની તરીકે પણ મળે. દોસ્તીની ભાવના તે તેમના સ્થૂળ, સૂક્ષ્મ સંબંધના પ્રકાર ઉપર પુનર્જન્મનો આધાર રહે છે.

**અનુભવી પુરુષના સંપર્કમાં આવેલાનો જન્મ જલદી થાય છે.**

આ એક કાયદો છે. ટ્રાન્ઝીશન પિરિયડ- (વચગાળાનો સમય) ઘણો બધો લાંબો હોય છે. આપણે જાણતાં નથી, પણ જે વાગોળવાની સ્થિતિમાં હોઈએ (મૃત્યુ બાદથી પુનર્જન્મ વચ્ચેનો સમય) છીએ ત્યારે કેટલોય કાળ વીતી જાય છે. **પૃથ્વી પર એક માણસ સિત્તેર વર્ષ જીવ્યો તો એના સ્થૂળ શરીર, સૂક્ષ્મ શરીરને (સૂક્ષ્મ શરીરને સ્થૂળ શરીર સ્વરૂપે) જન્મ લેતાં બસો અઢીસો વર્ષ વહી જાય. ક્યારેક જન્મ લેતાં ૭૦૦ વર્ષ પણ થઈ જાય.** ઉચ્ચ પ્રકારની અભિલાષાવાળો જીવ વહેલું શરીર ધારણ કરી શકે છે. અને નિમ્નપ્રકારની વૃત્તિવાળો, ઈચ્છાવાળો હોય તો એનું નવું શરીર બની શકતું નથી. સૂક્ષ્મ શરીર પૃથ્વીના વાતાવરણમાં ૫-૭ માઈલના અંતરે રહે છે.

એક કાયદો છે કે આપણો જીવ શરીર છોડી જાય, ત્યારે જે Place of Attachment (પૂર્વજન્મનું આસક્તિવાળું સ્થળ) હોય ત્યાં એ રહ્યા કરે છે. તેર દિવસ સુધી તો એ સ્થળના તથા આપણા પરિચય સાથે રહે છે. એ અનુભવની વાત છે. પ્રયોગાત્મક છે. **તેર દિવસ પછી પિંડ વહેરે ત્યાર પછી સંબંધ ઓછો થતો જાય. એમ ઓછો થતો થતો વર્ષ સુધી આ પૃથ્વી સાથેનો સંબંધ રહે. વર્ષ પછી સમૂળગો ભૂંસાઈ જાય, પણ વર્ષ સુધી તો રહે, રહે ને રહે જ.**

પણ આત્મસાક્ષાત્કારી પુરુષના સંબંધને લીધે એ વચગાળાનો સમય ઘટી જતો રહે અને એટલું જ નહિ એના નવા જન્મમાં એની ઊર્ધ્વગતિ થાય છે. તેના હાલના જન્મમાં ઝડપથી ઊર્ધ્વગતિ તો ના થાય, કારણ કે એને મળેલા જુદા જુદા સંસ્કારોનું પ્રબળપણું ઘણું હોય છે અને આ (ઊર્ધ્વજીવનના) સંસ્કારોનું એટલું પ્રબળપણું જાગેલું હોતું નથી.

❏

# ખંડ-૪

## સંતસમાગમ અને પુનર્જન્મનું વિજ્ઞાન

### અભયવચન

***ગુરુમહારાજ જીવતા પ્રાણી છે, એમ નથી. એ તો એમને કે આપણને ખપ પડે, માણસ જેવા થઈ આપણી આગળ થઈને જે તે આપણું ઉકેલી આપે છે.*** -શ્રીમોટા

**સ્વજન :** મોટા, વસ્તી કેટલી બધી વધી રહી છે ? તેવા જીવો ક્યાંથી આવતા હશે ?

**શ્રીમોટા :** વાતાવરણમાં અનંત જીવો છે. જેનો આપણને કંઈ ખ્યાલ નથી. એકદમ વસ્તી કેમ વધતી જાય છે ? બે વર્લ્ડ વૉરમાં લાખો લોકો ગુજરી ગયાં. એકસામટાં ગુજરી ગયાં, તો એકસામટાં જન્મે. સાચી વાત એ છે કે ત્યાં જે બુદ્ધિ છે એ જુદા પ્રકારની છે. ત્યાં કઈ રીતે વર્કિંગ ચાલે છે, એનું હાલની બુદ્ધિથી તમે કોઈ જસ્ટીફાઈ કે સમાધાન કે ક્લૅરિફિકેશન (સ્પષ્ટતા) નહિ કરી શકો. એ ભૂમિકામાં જાઓ ત્યારે તમને સમજણ પડે, એ બધા સવાલો ભલે પૂછો. જોકે એ બધાં જન્મવાના તો ચોક્કસ. કોઈ જન્મવાના નહિ એમ નહિ. જ્યારે જ્યારે વસ્તી ખૂબ જ વધી ગઈ હોય ત્યારે કાં તો એવા ભયંકર રોગો આવે કે લોકો ખલાસ થઈ જાય. આપણે ત્યાં ૧૯૧૮ કે ૧૯૧૯માં Meningitis-(મેનિન્જાઈટીસ) મગજનો તાવ આવ્યો ત્યારે ૫૦ લાખ માણસો ગુજરી ગયાં....એમ ચાલ્યા કરવાનું.

## નાશ નહિ, પણ રૂપાંતર

દરેક માણસને જિજીવિષા એટલે જીવવાની સહજ ઇચ્છા હોય છે અને તેથી જ માણસને શરીર છોડતાં બહુ દુઃખ થાય છે. જિજીવિષાને કારણે જ એ જીવે છે. ઝાડ પણ બીજ આપીને નવા રૂપે જન્મે છે. એમ, દરેકની પરંપરા છે. જળ, બાષ્પીભવન થઈને વાદળ બની વરસાદ થઈને પાછું આવે છે. એમ, દરેકનું પુનરાવર્તન છે. દરેકનું રૂપાંતર થાય છે, નાશ પામતું નથી. આ વાત તો શુદ્ધ વૈજ્ઞાનિક છે. જન્મવું અને મરવું એ શારીરિક ધર્મ છે અને એ પ્રવર્તવાનો જ.

## વ્યાપક વિનાશ કેમ ?

**સ્વજન :** મોટા, ૧૯૬૮માં તાપી-નર્મદામાં ભયંકર પૂર આવતાં એકસામટો ઘણો વિનાશ સર્જાયો છે ! અસહ્ય લાગે છે.

**શ્રીમોટા :** ઈશ્વર બધું યોગ્ય જ કરે છે.

**સ્વજન :** પ્રભુ ! સમજાયું નહિ.

**શ્રીમોટા :** જ્યાં અસમાનતા છે, ત્યાં ઈશ્વર આ રીતે એકસરખાપણું લાવે છે.

**સ્વજન :** પણ આ તો En masse Destruction - (એકસામટો વિનાશ) કહેવાય અને ગરીબો તથા મધ્યમ વર્ગના લોકો ભોગવે છે ! ખરુંને ?

**શ્રીમોટા :** En masse-એકસાથે અનાચાર, દુરાચાર, અધર્મ પણ થાય છેને ? ભયંકર ધરતીકંપો, નદીઓનાં પૂર, વિમાની અકસ્માતો વગેરે આપણને થથરાવી દે, પણ ઍક્શન અને રિઍક્શનનો કાયદો સદાકાળ ચાલે છે. ઈશ્વરને ત્યાં અન્યાય

નથી. એ લોકોએ શું નહિ કર્યું હોય એની આપણને શી ખબર ? .... બાકી, ભગવાન તો સદાય કલ્યાણકારક જ છે.

## એવા જીવોની ગતિ

**સ્વજન :** આવાં પૂર અને ઇતર અકસ્માતોને લીધે થતાં આકસ્મિક, અચાનક મૃત્યુ થતાં જીવની કેવી ગતિ થાય ?

**શ્રીમોટા :** ધરતીકંપ કે વિમાની અકસ્માતને કારણે અવસાન થતાં પહેલાં લગભગ બધાં પ્રેતયોનિમાં જાય. બહુ ઓછા એ વખતે ઈશ્વરને યાદ કરે છે. જે આવે તેનો સ્વીકાર કરે. જો તેવા સમયે ઈશ્વરનું સ્મરણ થઈ જાય તો ઘણું સારું થાય, પણ એ તો કોઈ ભક્ત જ કરી શકે.

**સ્વજન :** પ્રેતયોનિમાં એવા જીવોની આયુમર્યાદા કેટલી હોઈ શકે ?

**શ્રીમોટા :** માનવજીવનની આયુમર્યાદા કરતાં થોડી વધુ.

**સ્વજન :** વહેલો પુનર્જન્મ કોનો થાય ?

**શ્રીમોટા :** જેટલા પ્રમાણમાં ભાવના વધુ ઉત્કટ પ્રકારની સાત્ત્વિક, તેટલા પ્રમાણમાં તેનો જન્મ વહેલો થાય.

**સ્વજન :** એવી ભાવના, ભક્તિભાવ કેવી રીતે ઊપજે ?

**શ્રીમોટા :** હૃદયપૂર્વકનો સત્સંગ કરવો, સદ્વાંચન કરવું, સત્કર્મ કરવું, પરમાર્થ કરવો. આપણને જેની પાસે બેસવાથી શાંતિ અને આનંદ મળતાં હોય, એવા સત્પુરુષોનો સંગ કરવો. એણે ચીંધેલાં કર્મ કરવાં, **એવા સત્પુરુષની કરેલી સેવા નિષ્ફળ જતી નથી. મૃત્યુ સમયે આપણને તે મદદ કરશે.**

## સત્સંગનો ફાયદો

**સ્વજન :** સત્પુરુષની સાચી પ્રેમભક્તિપૂર્ણ સોબત જીવદશાવાળા માનવીને પણ ફાયદો આપે ખરી ?

**શ્રીમોટા :** આપણા શરીરમાં સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એવાં ત્રણ શરીર છે. સ્થૂળ શરીરમાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ સ્થૂળ રીતે કામ કરે છે-સંસ્કાર મુજબ નિમ્ન અને ઊર્ધ્વ-તે આપણે જોઈ શકીએ છીએ. સૂક્ષ્મ શરીર છે તે અનુભવી (સાક્ષાત્કારી) મહાત્માની સોબતને લીધે તેના ચેતનવાળા સંસ્કારો જાણેઅજાણે ઝીલી લેતું હોય છે. સૂક્ષ્મ શરીરને સ્થૂળ શરીરનાં કર્મ સાથે એવો સંબંધ હોતો નથી. તેથી, મૃત્યુ સમયે સૂક્ષ્મ શરીર ઉપરના સાત્ત્વિક સંસ્કારોને લીધે તે જીવ ઈશ્વરને યાદ કરી શકતો હોય છે અને મૃત્યુ થાય ત્યારે સૂક્ષ્મ શરીર એ સંસ્કારો લઈને જતું હોય છે અને તેથી તેની ઊર્ધ્વગતિને મદદ મળતી હોય છે. માટે, સ્થૂળ શરીરે ગમે તેવી નિમ્ન પ્રવૃત્તિ થયા કરતી હોય તોયે ચેતનનિષ્ઠ સાથે મૈત્રી રાખીને તેની સોબતમાં રહેવું ઘણું લાભદાયી છે. માટે, તમને બધાંને પોકારી પોકારીને કહું છું કે તમો કંઈ નહિ તો, મારા મિત્ર બનીને આવો.

## બેભાન અવસ્થા અને પ્રભુસ્મરણ

**સ્વજન :** માંદગીવેળા 'કોમા' એટલે કે બેભાનપણું થઈ જવાની સ્થિતિ આવી જાય ત્યારે પ્રભુસ્મરણ કેવી રીતે રહે ? અને જીવનમાં કોઈકે સાચું સ્મરણ કર્યું હોય અને મૃત્યુ ટાણે 'કોમા'માં આવી જાય, તો તેનું શું બધું એળે જાય ?

**શ્રીમોટા :** એળે ના જાય. સમગ્ર જીવનની પૂર્ણતા જોવાની રહે છે. થોડુંઘણું પણ જે કરાયું હોય તે નકામું ન જાય. જો મૃત્યુ

પહેલાં અથવા બેભાન અવસ્થા પહેલાં બેચાર દિવસ સતત એવું સ્મરણ કે શ્રવણ થયું હોય તો અવશ્ય લાભ થાય.

(ઉપરોક્ત વાતના બે પ્રસંગ અહીં વર્ણવ્યા છે.)

## ગુમાનસિંહ રાજના અંતસમયે

છેલ્લે એક વાત યાદ આવી તે જણાવી દઉં. દેહ છૂટવાની અંતિમ ઘડીઓ હોય ત્યારે ભગવાનનું નામ લેવાનું શક્ય નથી, કારણ કે જીવ ઘણી માયામાં જકડાયેલો હોય છે. પણ ગુમાનસિંહનો દેહ છૂટ્યો ત્યારે હું ત્યાં હાજર હતી. તેઓ હાર્ટએટેકમાં કોમામાં હતા. દેહ છૂટવાના થોડા સમય પહેલાં તેઓ ભાનમાં આવ્યા અને ડૉક્ટરોને તેમણે કહ્યું કે આ વેન્ટિલેટર બધું કાઢી નાખો. મને શાંતિથી જવા દો, પછી બૂમ પાડી મને બોલ્યા કે હવે તારે બધું સંભાળવાનું છે અને છોકરાંઓને તું સારી રીતે સાચવજે. પછી મોટે મોટેથી હરિઃૐ, હરિઃૐ બોલતાં બોલતાં મારી સામે જ દેહ છોડી દીધો. જાણે કે પૂજ્ય શ્રીમોટાની કૃપા અને તેમની હાજરી તે ક્ષણે ત્યાં હતી, કારણ કે ગુમાનસિંહ તો કોમામાં હતા એટલે આ શક્ય જ ન હતું. પૂજ્ય શ્રીમોટાએ જ એમની પાસે છેલ્લી ઘડીએ પ્રભુનું સ્મરણ કરાવ્યું !!! હરિઃૐ.

- શ્રીમતી જયાબહેન ગુમાનસિંહ રાજ

મંગલેશ્વર, જિ. નર્મદા, ગુજરાત

## મૃત્યુ સમયે મોટાનું દર્શન

સુરતના એક શાંતાબહેન ગલિયાવાળા હતાં. તેઓ વર્ષમાં એકવાર મૌનમાં બેસતાં. એક વખત તો સળંગ ચાર મહિના મૌનમાં બેઠેલાં.

તે સમયે આશ્રમની દીવાલનું કામ ચાલતું હતું ને **મોટા** અહીં આશ્રમના દરવાજા પાસે જ ઊભેલા હતા. બરાબર એ સમયે જ શાંતાબહેન ગલિયાવાળા આવ્યાં ને **મોટા**ને પગે લાગ્યાં અને બોલ્યાં, '**મોટા**, હું પૈસા આપું, તમે નવું રસોડું બનાવો.' **મોટા**એ કહ્યું, 'તું પૈસા આપશે તે પૈસાને હું બીજા કામમાં વાપરીશ. રસોડું તો છે તેમ જ રહેશે.' પછી શાંતાબહેને પૈસા નહિ આપેલા.

બરાબર એ જ દિવસે શાંતાબહેને **મોટા**ને કહેલું કે, '**મોટા**, તમે મારા મૃત્યુ વખતે હાજર રહેજો.' **મોટા**એ કહેલું કે, **'જા, હું તારા મૃત્યુ વખતે હાજર રહીશ.'** તેઓ જ્યારે મરણપથારીએ હતાં ત્યારે તેઓને **મોટા** દેખાયેલા ! તેઓએ એમનાં છોકરાંઓને કહેલું કે, 'જુઓ **મોટા** અહીં ઊભેલા છે !'

શાંતાબહેનના મરણ વખતે **મોટા** તેઓની સામે આવીને ઊભા હતા. એવું એમનો છોકરો અહીં આશ્રમે આવીને અમને કહી ગયો હતો. મૃત્યુ વખતે **મોટા,** શાંતાબહેનને દેખાયેલા ખરા.

પુસ્તક રેફ. : શ્રી ઝીણાકાકા* સાથે વાર્તાલાપ, બીજી આ., પૃ. ૧૭૨

## આપઘાત બાદ પુનર્જન્મ

**સ્વજન :** માણસ આપઘાત કર્યા પછી તુરંત પુનર્જન્મ લે ખરો ?

**શ્રીમોટા :** ના, એવો માણસ ભૂત થાય, પણ તેનો આધાર કયા કારણે આપઘાત કર્યો તે છે. કામ, ક્રોધાદિ વાસનાઓના કારણે તેણે આપઘાત કર્યો હોય, તો તે ખૂબ દુઃખી થાય અને ભૂત બને. વાસનાબદ્ધ જીવ કુદરતી રીતે મૃત્યુ પામે, તો તે બહુ મોડો જન્મે.

---

* શ્રી ઝીણાકાકા=પૂજ્ય શ્રીમોટાના અંતેવાસી. પુસ્તક આશ્રમમાં ઉપલબ્ધ છે.

**સ્વજન :** અમારા એક અર્ધા ગાંડા જેવા પાડોશી પુરુષે છઠ્ઠા માળેથી ભૂસકો મારીને આપઘાત કર્યો. તેની ગતિ કેવી થાય ?

**શ્રીમોટા :** તે ભૂત ના થાય. સામાન્ય માનવીના જેવી ગતિ થાય.

**સ્વજન :** ઝેર લેવાથી જે મૃત્યુ થાય તે ટાણે બેભાન થઈ જવાનું બને ખરું ? કે ઝેરની અસર ધીમે ધીમે વધતી હોઈ જાગૃતિ અંત લગી રહે ? ભગવાનનું નામ લઈ શકાય ?

**શ્રીમોટા :** સંપૂર્ણ બેભાન થઈ જવાનું બને. સાધારણ જીવથી નામસ્મરણ ન લઈ શકાય.

## સદ્‌ગતને મળી શકાય ?

**સ્વજન :** અવસાન પામેલા જીવાત્માને મળી શકાય ખરું ? તેના માટે તેનાં સગાંવહાલાંઓએ શું કરવું જોઈએ ?

**શ્રીમોટા :** ચાલી ગયેલા જીવાત્માને મળવા માટે શું કામ પ્રયાસ કરવો ? એને મળી ના શકાય. પ્લેન્ચેટ કે ગોળાથી જોઈ, મળી શકાય. ખરી રીતે આપણા સુષુપ્ત, સબ્કૉન્શ્યસ માઈન્ડનું પરિણામ પ્લેન્ચેટ અને ગોળામાં પ્રતિબિંબિત થાય છે. મરી ગયા પછી કદાચ મળી શકાય, પણ તે ક્યારે ? જ્યારે એ બન્ને જીવો ખૂબ પ્રેમમાં હોય-દીર્ઘકાળપર્યંત-તો શરીર પડ્યા પછી મળી શકે. શરીર છૂટે ત્યારે આપણો જીવ શરીર સાથેના વાતાવરણમાં થોડા દિવસો રહ્યા કરતો હોય છે.

**જીવ ગયા પછી તે જીવાત્મા માટે રડશો કકળશો નહિ. ત્યારે શાંત રહેવું. ભગવાનનું અખંડ સ્મરણ તેર દિવસ સુધી**

**કરવું. તેથી, ગત જીવને શાંતિ મળશે. મૃત્યુ પછી ઘણા દિવસો બાદ દાન કરશો તો તે નકામું છે. અવસાન પછી તુરંત તેની સ્મૃતિ રાખીને દાન કરવું. ગત જીવને ગમતું એવું સારું કામ કરવું.**

તેર દિવસ બાદ ધીરે ધીરે ગત જીવાત્માનો સંબંધ ઘટતો જાય છે. **બાર મહિને તે સંબંધ બિલકુલ ચાલ્યો જાય છે.** આથી, બાર માસ સુધી તેના માટે નામસ્મરણ, પ્રાર્થના, ભજન વગેરે કર્યા કરવું. એ બાર માસ પછી તે જીવ તેની વાસના મુજબ દેહ ધારણ કરતો હોય છે. એટલે તેની સાથે આપણે શું કામ સંબંધ રાખવો જોઈએ ? કોઈ જીવ ખરાબ સ્થિતિમાં પહોંચ્યો હોય તો બીજાએ ત્યાં શું કામ જવું ? અને તેવી સ્થિતિએ કોઈ કોઈને લઈ જાય નહિ.

## પ્રેતયોનિમાં જીવાત્માનો ઉદ્ધાર

**પ્રેતયોનિમાં જીવાત્માનો ઉદ્ધાર થઈ શકવો શક્ય નથી. પ્રેતયોનિમાં જે વૃત્તિઓ કરીને તેમાં રહ્યા કરવું પડે છે, તે વૃત્તિથી બીજી કોઈ વૃત્તિ તે યોનિમાં મહત્ત્વપણે રહી શકવાની ભૂમિકા જ તેમાં નથી. તે યોનિમાં તાટસ્થ્ય રહી શકવું શક્ય જ નથી. હા, એવા કેટલાક જીવાત્મા ત્યાં છે, જેઓને આવો પ્રેમરસ ગમે છે, પણ તે પ્રેતયોનિમાં ના કહી શકાય. પ્રેતયોનિને નામ લેવરાવવાનું કામ આપણું નથી. એમાં હું ઝાઝું કશું તથ્યાંશ નથી જોતો.** ભાવનાને આકાર દેવાને જીવાત્માના સંબંધની જરૂર અવશ્ય રહે છે. જીવાત્માનો સંબંધ હૃદયના સદ્‌ભાવથી જો બંધાયેલો રહ્યા કરે, તો જીવનનો પલટો

થતાં વાર નથી લાગતી. **સાધક હોય તેણે તો આવા કશામાં જ ન પડવું ઘટે.** જો તે એવું કરવા જઈ શકે, એટલું શક્તિ-સામર્થ્ય એનામાં જો હોઈ શકે, તો તે પ્રભુના પ્રેમભાવમાં અને એના યંત્ર થવાના રસમાં જ ડૂબ્યા કરવાનું એને સૂઝ્યા કરે. **પ્રભુના આદેશ પ્રમાણે તેવા સંતલોકને અનોખું અનોખું કામ મળતું હોય છે.** એટલે સાધકને માટે તો એકલું કામ માત્ર પ્રભુની ભાવનામાં જ કેમ કરીને પૂરું રંગાયા જવાય તે એકલું કામ તેને માટે શ્રેયસ્કર છે.

(પૂજ્ય શ્રીમોટાએ પ્રેતાત્માનો સંપર્ક ન કરવા અને તેમને શાંતિમાં રહેવા દઈને ગયેલા આત્માના ઊર્ધ્વગમન માટે પ્રાર્થના કરવાનું ભારપૂર્વક જણાવેલ છે. - સંપાદક)

● ● ●

**સ્વજન :** લોકો કોઈ પણ અસહ્ય દુઃખને કારણે આપઘાત કરતા હોય છે, તેમના વિશે આપનું શું કહેવું છે ?

**શ્રીમોટા :** દુઃખમાંથી, સંકટમાંથી બચવા માટે આપઘાત* કરવો એ બાયલાપણાની નિશાની છે. આપઘાત કરવાથી શાંતિ મળશે નહિ. ઊલટું એ લોકો તેમની બધી મુશ્કેલીઓ બીજા જન્મમાં તેમની સાથે લઈ જશે. ઉત્તમ ઉપાય શાંતિથી, હિંમતથી આપઘાતના વિચારને હટાવી દઈ ચોક્કસ પ્રવૃત્તિમાં

---

* મહાયોગી શ્રીઅરવિંદ પણ આપઘાતને અર્થહીન ગણે છે. તેઓશ્રી કહે છે કે આપઘાત કરતો માણસને તેની મુશ્કેલીઓ વધુ બદતમ અને દુઃખદ સ્થાને લઈ જશે અને તે લઈને પાછો જન્મશે - વધુ ખરાબ સ્થિતિમાં.

લાગી જવું જોઈએ. ભગવાનને પોકાર પાડવો જોઈએ. સહન કરવાની શક્તિ માટે પ્રાર્થના કરવી જોઈએ. તો કોઈ દિવસ સોનાનો સૂરજ ઊગશે.

### જીવનમાં નિરાશા-આપઘાતના વિચારો વેળાએ

**આપણે જે રીતે વિચાર કરીએ છીએ, તે જ રીતે તે ફરીને પાછા આપણામાં પેસતા હોય છે. એટલે નકારાત્મક વિચારો જેટલા ઓછા થાય તેટલું વધારે સારું.** નહિ તો પાછા એ વિચારો બેવડા જોરથી, બેવડી ગતિથી આપણામાં પેસવાના અને જીવનને નુકસાન કરવાના છે. વિચારમાત્ર અટકે તો તો સર્વથી ઉત્તમ.

● ● ●

### ડિપ્રેશન (નિરાશા) હઠાવવાની રીત

**સ્વજન :** મોટા, જ્યારે આપણે ડિપ્રેશ થઈ જઈએ ત્યારે એ આંદોલનો આપણા ઉપર વધારે ધસારો કરે ?

**શ્રીમોટા :** હા, એકદમ વધારે ધસારો કરે અને આપણને વધારે ડિપ્રેશનમાં આણી દે, પણ **એ ડિપ્રેશન થાય તે જ વખતે આપણે પ્રાર્થના કરીએ, ભજન ગાઈએ, સત્સંગ કરીએ ઊર્ધ્વ પ્રકારની ભાવનામાં જવાનો જ્ઞાનપૂર્વકનો, ભક્તિપૂર્વકનો આપણે પ્રયત્ન કરીએ, તો એ ડિપ્રેશનને હઠાવી શકીએ છીએ.** જ્યારે જ્યારે ડિપ્રેશન કે નિરાશાની પળો આવે, મૂંઝવણની પળો આવે, મુશ્કેલીની પળો આવે, તે તે વખતે આપણે આવો આશ્રય લેવો જોઈએ. જેથી આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ બધાં તેમાં પરોવાયેલાં ના રહે.

● ● ●

## આપણો આધાર - શ્રીભગવાન

જ્યાં જ્યાં મનમાં થાક લાગે, સંતાપ થાય, કંટાળો ઊપજે કે ત્રાસ લાગે તો આ **'મોટા'** મરી પરવાર્યો નથી. એને હૃદયમાં પ્રાર્થનાભાવથી પ્રગટ કરવો. એનાથી હૃદયમાં હામ, બળ, ભાવ, પ્રેરણા, ધીરજ આદિ તને મળશે. એમ તું જરૂર અનુભવી શકશે, પરંતુ કૃપા કરીને હાર ન પામવી કે નિરાશ ન બનવું, કે માથે હાથ દઈને બેસી ન જવું. **આપણો આધાર સંસાર નથી. આપણો આધાર તો કરુણાસાગર, કૃપાનિધિ, હજાર હાથવાળો શ્રીભગવાન છે.** તેને આપણી પડખે જ હૈયામાં જીવતો રાખ્યા કરીએ, તો સદાય મસ્તી જ છે અને આનંદ આનંદના ઓઘ જ ઊડ્યા કરે.

● ● ●

## પ્રેત

પ્રેત એટલે Abrupt strain of strong desire અચાનક અંત આવતાં તીવ્ર ઇચ્છાવાળો કોઈ જીવ હોય, એને પોતાનાં બૈરીછોકરાં, વેપારધંધો વગેરે માટે ઘણો મોહ હોય. માલમિલકત વગેરે પર પુષ્કળ આસક્તિ હોય. એવાને અકાળે મરવાનું થાય એ એને બહુ કારમું લાગે. તેથી એ પ્રેત થાય.

● ● ●

## અન્ય ગ્રહ ઉપર જીવન

જેમ પાંચ તત્ત્વના (પૃથ્વી ઉપરના મનુષ્યનું શરીર પંચતત્ત્વનું* છે) એમ ચાર તત્ત્વના, ત્રણ તત્ત્વના, બે તત્ત્વના અને એક તત્ત્વના એવા

---

* પંચતત્ત્વ = પૃથ્વી, જળ, તેજ (અગ્નિ), વાયુ, આકાશ.

શરીરધારી જીવો પણ હોય છે. જેવા પ્રકારની સૃષ્ટિ, એવા પ્રકારની Economy (અર્થવ્યવસ્થા). આપણી પૃથ્વી જેવી બીજી ઘણી પૃથ્વીઓ છે. ત્યાંના જીવો પાંચ તત્ત્વોવાળા હોય, પણ એમનું શરીર, રહેણીકરણી જુદા પ્રકારની.

● ● ●

## અન્ય ગ્રહ ઉપર માનવજીવન છે

જેમ આપણી આ પૃથ્વી છે તેવો કોઈ બીજો ગ્રહ છે. તેમાં વસ્તી છે. અત્યારે આપણી આ પૃથ્વી ઉપર જે વસ્તી વસેલી છે તેવી, તેમાં એટલા બધાં લોકો સુખી ! બહુ સુખી ! ખાધેપીધે પણ બહુ સુખી, પણ ભગવાન તરફ બિલકુલ મોં નહિ. એવું મોટા કહેતા.

શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ, પ્ર.આ, પૃ. ૧૯૫

● ● ●

## જિજીવિષા

આપણે જીવ છીએ. જિજીવિષા એટલે સતત જીવવાની વૃત્તિ એ જિજીવિષા એ કંઈ જતી નથી. કોઈ પણ વ્યક્તિ હોય, જીવવાનું મન થયા કરે. એને મરી જવાનું મન થતું નથી. માણસ જ્યારે બહુ કંટાળ્યો હોય અને આપઘાત કરે છે, તો એ આવેશને લીધે, પણ જ્યારે ઝેર પીધું કે પછી ગમે તે કર્યું પણ પછી એને જીવવાનું મન થાય છે. પછી એને struggle (મથામણ) થાય છે. એ સમય એનો બહુ ખરાબમાં ખરાબ હોય છે. જિજીવિષા માણસને મૂકતી નથી. એ જિજીવિષા છે, ત્યાં સુધી માણસનું જીવન છે.

● ● ●

## દેહત્યાગ પછી મોટા

**સ્વજન :** (ધીરજબહેન અમીન) : મોટા, તમે ફરી જન્મવાના છો, પણ તેની વાર લાગશે, તો ત્યાં સુધી શું કરવાના છો ?

**શ્રીમોટા :** ફર્યા કરીશું. કોઈ ઠેકાણે જઈશું. કોઈની સાથે સમાગમ કરીશું, હળીશું, મળીશું, પેલો જાણે જાણશે નહિ, પણ મને તો આનંદ થાયને મળ્યાનો. અને એક વાત એવી છે કે આ **અત્યારે શરીર સાથે આત્મા જેટલો બળવાન છે, તેના કરતાં શરીર વગરનો જે આત્મા છે, તે વધારે બળવાન છે.** અત્યારે હું કંઈ તમારામાં પ્રવેશી ના શકું. માનસિકપણે પ્રવેશું તમારામાં. હું વિચાર કરું, ધારણા કરું, પ્રાર્થના કરું, છતાંય પણ તમારામાં પ્રવેશાય નહિ અને પેલું અનુભવી પુરુષનું સૂક્ષ્મ શરીર અથવા તો એની સૂક્ષ્મતા એનું એબસ્ટ્રેક્ટ બીઈંગ (અમૂર્ત અસ્તિત્વ) તે તમારી મરજી હોય કે ના હોય તે તમારામાં અંદર પ્રવેશી શકે છે અને એ ફરી પ્રવેશીને તે કામ તો કરે, પણ એની (જે તે જીવની) ભૂમિકા તૈયાર ન થઈ હોય તેના ચિત્તના સંસ્કારમાં મોટો ભાગ ભજવે ત્યારે ચિત્તની અંદર એની અવેરનેસ (સભાનતા) જગાડવામાં એ મોટી મદદ કરે છે.

**સ્વજન :** એટલે આ જ પૃથ્વી ઉપર ? Wait ક્યાં કરવાનું ? (થોભવાનું ક્યાં ?)

**શ્રીમોટા :** જી હા, આ પૃથ્વી ઉપર નહિ. આ પૃથ્વીના જ વાતાવરણમાં અને આ જ દેશ. **પહેલાં મને લાગતું હતું કે દક્ષિણમાં જન્મ લઈશ. હવે એમ નથી લાગતું. મને સ્થળનું નક્કી નથી લાગતું.** બધો વહેવાર કરવાનો, છોકરાં

જન્માવવાનો વહેવાર નહિ ! કારણ કે **જે જે જીવોનો સમાગમ (સાથ) મારે જોઈએ, તે બધાં જીવો હું જન્મું ત્યારે હાજર હોવા જોઈએ. ત્યાં સુધી આ પૃથ્વીના જ વાતાવરણમાં I shall have to wait. (મારે રાહ જોવી પડશે.)**

● ● ●

## ગાંધીજી

ગાંધી બાપુએ એકવાર કહ્યું હતું, 'જ્યારે શરીર નહિ રહે ત્યારે કોઈ જુદાપણું પણ નહિ રહે. શરીર એક અવરોધ છે. એ અવરોધ ચાલ્યો જશે ત્યારે હું અત્યંત નિકટ હોઈશ.'

પુસ્તક - એક અનન્ય મૈત્રી-૩ — મીરાંબહેન

લેખ પ્રકાશન - વિશ્વવિહાર પૃ.૧૪, જૂન, ૨૦૧૯

● ● ●

## નવા જન્મમાં સંબંધો

**સ્વજન :** આપણે અહીં જન્મ લીધો, તે પહેલાં પણ બીજા ગ્રહોમાં પણ જઈ આવેલાં હોઈશું ?

**શ્રીમોટા :** હા, જઈ આવેલાં. ત્યાંથી માઈગ્રેટ થતાં થતાં (વિહાર કરતાં કરતાં) અહીં આવ્યાં છીએ અને અહીંથી પાછા બીજે જવાનાં. એ વાત ચોક્કસ.

**સ્વજન :** આટલાં બધાં એકસાથે મરે એ જીવો ક્યાં જતા હશે ? બધાં સાથે જન્મે ?

**શ્રીમોટા :** યથાકાળે જન્મે, સાથે જાય પણ સાથે જન્મે નહિ, કારણ કે થોડા જીવતા હોય. તેમનામાં જેમ જેમ વૃદ્ધિ થતી જાય તેમ તેમ જન્મતા જાય. જન્મનું પ્રમાણ તે વખતે ઘણું વધે. બે બાળકો વચ્ચે અંતર બહુ ઓછું હોય. પ્રલય પછી જન્મનું પ્રમાણ વધી જાય, Abnormal (અસાધારણ) કહીએ તો ચાલે.

એકબીજાને ઓળખે નહિ. હવે પછી જન્મ છે, તે પહેલાં પણ હતો એટલે જન્મજન્માંતરમાં જે સંબંધ થયેલો છે, પરસ્પરનો જે ભાવ જાગેલો છે, તે નિમિત્ત છે. નિમિત્તને કારણે સંબંધ છે.

**સ્વજન :** મોટા, અમને આપની સાથે ને સાથે જ રાખશોને ?

**શ્રીમોટા :** એનો આધાર તમારા ઉપર છે. કોઈ ને કોઈ જન્મમાં આપણે અથડાઈ ગયેલાં છીએ. આ વખતે આપણે કંઈ એમ ને એમ મળ્યાં નથી. માટે તમને કહું છું કે **'યાહોમ કરીને પડો, ફતેહ છે આગે.'**

● ● ●

## નવનિર્માણની પ્રક્રિયા

**સ્વજન :** મોટા, આપે કહ્યું છે કે ઊથલપાથલ થયા પછી નવઉત્થાન-નવનિર્માણ થાય, તે સાત વ્યક્તિઓ દ્વારા થાય, એ આપ વિગતે સમજાવશો ?

**શ્રીમોટા :** આ વિશ્વની રચનામાં 'ત્રણ' અને 'સાત' એ બે બહુ મોટો ભાગ ભજવે છે. આ સૃષ્ટિમાં જુદા જુદા સાત ભાગ પાડેલા છે. સાત રંગ, સાત રાગ, સાત તળ, વિતળ, અતળ, પાતાળ - એવું બધું સાત સાત છે. આ બ્રહ્માંડના પણ સાત ભાગ છે. એ રીતે માને નહિ કોઈ પણ આ મનુષ્યની જાતિ પણ સાત પ્રકારની છે. દેવો પણ સાત પ્રકારના છે. જ્યારે Chaos (અંધાધૂંધી, ઊથલપાથલ) થાય - (ધનની, ઘરબારની, સરકારની, સમાજની બધી ઊથલપાથલ થવાની) પછી સારું સર્જન થાય ત્યારે આ બધાં, સાત પ્રકારના

ઋષિઓ જેવા મનુષ્યો, સાત પ્રકારનાં દિવ્યતત્ત્વો, કારણતત્ત્વ, સૂક્ષ્મતત્ત્વ અને સ્થૂળતત્ત્વ - એ બધાં પણ એ ઉત્થાનમાં ભાગ લે છે. અને જ્યારે નવું ઊભું થશે ત્યારે એ બધું ઉત્તમ પ્રકારનું હશે. (આ બધું) માત્ર પૃથ્વી ઉપર જ નથી થતું. આવી તો કેટલીય પૃથ્વીઓ લય થયા કરતી હશે. બ્રહ્માંડ એ બધું અનંતાનંત કહેવાય. નાશ અને સર્જન બેઉ સાથે ને સાથે જ ચાલે છે. આવું થતું હશે ત્યાં બધે આ સાત તત્ત્વો ભાગ લેતા હશે ને પાછું સર્જન થયા કરે.

● ● ●

## 'જાગતા નર સેવીએ'

**સ્વજન :** ઘણા માણસો દેવમંદિરે નિયમિત જતા હોય છે. છતાં તેઓ તેમના શરીરના અંત સમયે ઘણી વાર મનની શાંતિ ગુમાવી બેધ્યાનપણે લવારા કરતા હોય છે, એલફેલ બોલતા હોય છે અને ભગવાનનું સ્મરણ તેમનાથી થઈ શકતું નથી. તેનું શું કારણ હશે ? એનો કોઈ ઉપાય ખરો ?

**શ્રીમોટા :** કારણ કે, તેમના હૃદયમાં ભગવાન વિશે સાચી ભાવના ઊગેલી હોતી નથી. તેઓ મંદિરે જતાંઆવતાં પરનિંદામાં રાચતાં હોય છે અને હેતુનું જ્ઞાનભાન તેમને હોતું નથી ને રહેતું નથી. તેઓ કોરાં જ રહેતાં હોય છે અને તે કારણે તેમના અંત સમયે ભગવાન યાદ આવતો નથી. આનો એક ઉપાય છે 'જાગતા નર સેવીએ.' જાગેલા નરનો સહવાસ ને સત્પુરુષનો સત્સંગ અંતકાળે કામ લાગે છે. આ સંબંધે મારા ગુરુમહારાજે મને એક અનુભવ કરાવેલો, તે યાદ આવે છે.

મારા ગુરુમહારાજ ઘણી વાર કહેતા કે, 'દિલની સચ્ચાઈ સાથે થયેલો સંતસમાગમ ગમે તેવા ખરાબ માણસને પણ સદ્‌ગતિ થવા પ્રતિ પ્રેરે છે.' - આ હું સમજી શકતો નહિ. મારી આ શંકા મેં તેમની આગળ વ્યક્ત ના કરી, છતાં તેઓશ્રી તે કળી ગયા અને ત્યારે પાસેના (સાંઈખેડાથી થોડે દૂર) એક ગામમાં જઈને 'મરવા પડેલા' એક માણસને જોવા જવા હુકમ કર્યો.

'અને તે ગામે હું ગયો. ગામમાં તપાસ કરી પૂછ્યું કે 'ભાઈ, કોઈ માણસ ભારે બીમારીમાં મરવા પડ્યો છે ?' મને એનું ઘર જડી ગયું. એટલે હું ઘરમાં જઈને તેની પથારી પાસે બેઠો. તે ખરેખર મૃત્યુશય્યા ઉપર પડેલો હતો, તે સંનિપાતમાં ગાળો બોલતો હતો. મને તેથી કંટાળો તો આવ્યો, છતાં બેસી રહ્યો. ગુરુમહારાજની આજ્ઞા હતીને ! થોડી વારે એની ભાષા અને ભાવ બદલાયાં ! તે પ્રાર્થના કરવા લાગ્યો, 'હે ધૂણીવાળા દાદા ! હે ગુરુમહારાજ ! હે મારા પ્રભુ ! મારા ગુના માફ કરો, મારા ઉપર દયા કરો !' વગેરે. ગુરુમહારાજ એની પાસે ઉપસ્થિત હોય એ પ્રમાણે તે બોલતો. તેનો સંનિપાત ક્યાંય અદૃશ્ય થઈ ગયો હતો. અને થોડી વારે તેણે શાંતિપૂર્વક ભગવાનનું, સદ્‌ગુરુ શ્રીધૂણીવાળા દાદાનું નામ લેતાં લેતાં પ્રાણ છોડ્યા ! આમ, 'જાગેલ પુરુષ'નો સેવેલો સહવાસ ગમે તેવા દુરાચારી માણસને પણ સારી ગતિ આપે છે. મૃત્યુ સમયે શાંતિ બક્ષે છે, તેનો પ્રત્યક્ષ અનુભવ ગુરુકૃપાએ થયો !'

**સ્વજન :** એવા જીવનો પુનર્જન્મ વહેલો થાય ખરો ?

**શ્રીમોટા :** સંસારી જીવની જેટલા પ્રમાણમાં ભાવના વધુ ઉત્કટ પ્રકારની સાત્ત્વિક, તેટલા પ્રમાણમાં તેનો જન્મ વહેલો થાય. આધ્યાત્મિક માર્ગની જેને લગની લાગેલી છે, એવા જીવનો પુનર્જન્મ બીજા પ્રકારના જીવો કરતાં ઘણો વહેલો થાય છે, પણ જેનું સમગ્ર સળંગ જીવન નિમ્ન પ્રકારનું રહ્યું હોય અને પ્રારબ્ધવશાત્ કોઈ મહાપુરુષનો સત્સંગ કરેલો હોય તોયે તેવા જીવનો પુનર્જન્મ વહેલો થાય.

● ● ●

## મૃત્યુ પછી તુરંત પુનર્જન્મ

**સ્વજન :** કોઈ સંસારી પણ સત્સંગી જીવે મૃત્યુ પછી તુરંત પુનર્જન્મ લીધો હોય, એવી કોઈ વ્યક્તિની વાત કરશો, પ્રભુ ?

**શ્રીમોટા :** મારી બાની જ વાત કરું. મારી બાની રજા લઈને મેં ૧૯૩૯માં હરિજન સેવક સંઘ (સાબરમતી)ની સેવા છોડી અને આપમેળે આવી મળેલાં ભાઈબહેનોને પ્રભુ તરફ વાળવાની પ્રવૃત્તિ શરૂ કરી. ત્યારે મારી બાને દર બેચાર મહિને મળતા રહેવાનું અને દર મહિને પાંચ પંદર રૂપિયા મોકલતા રહેવાનું મેં વચન આપેલું. બાએ મારી પાસેથી બીજું પણ એક વચન લીધેલું, જે મેં ઘણી રાજીખુશીથી આપેલું અને તે એ હતું કે તેની (બાની) અંતિમ માંદગી સમયે મારે તેની પાસે હાજર રહેવું અને તેની સેવા કરવી.

૧૯૪૧માં બા ગંભીર રીતે માંદાં હતાં અને મને યાદ કર્યાં કરતાં હતાં, એ મતલબના પત્રો મારા નાના ભાઈ, મૂળજીના આવવા લાગ્યા. તે સમયે હું, હિંદુ વિશ્વ વિદ્યાલય,

બનારસમાં બે બહેનોના *(કવિ શ્રી નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાની બે દોહિત્રીઓ-કુરંગીબહેન અને ચિત્રાબહેન)* વાલી તરીકે રહેતો હતો, પણ હું બનારસ છોડી શકું તેમ ન હતો. એ બહેનોના પિતાજી (પી.એન.મહેતા) જેમને હું પણ 'બાપુ' કહેતો હતો, તેમને મેં તાર કરીને નડિયાદ જવા પરવાનગી માગી, પરંતુ તેમણે તો તારથી જવાબ આપી દીધો કે 'મારે કોઈકને (બન્ને બહેનો પાસે) મૂકીને નડિયાદ જવું.'

મારાથી ગમે તેને જુવાન ઊછરતી કન્યાઓ પાસે મૂકીને જવાય જ કેવી રીતે ? અને મારા એવા ખાસ પરિચયવાળું કોઈ બનારસમાં ન હતું. તે છોકરીઓના પિતા આવી શકે નહિ અને મારાથી તેમને છોડીને જવાય નહિ. બીજી બાજુ, બાની છેલ્લી ઘડીઓમાં તેની સેવા કરવા જવા આપેલું વચન પાળી ના શકાય, એવી પરિસ્થિતિ ઊભી થઈ. I Was in the horns of a dilemma - સૂડી વચ્ચે સોપારી જેવી મારી સ્થિતિ હતી. આથી, મારી પાસે ભગવાનની પ્રાર્થના સિવાય બીજો કોઈ ઉત્તમ ઉપાય ન હતો.

હું તો મૌન ધારણ કરીને બેસી જ રહ્યો અને ભગવાનને પોકારવા લાગ્યો, 'હે પ્રભુ ! મારી બાને આપેલું વચન કોઈ પણ ભોગે પાળવું તો જોઈએ જ, અને તે પાળવાની મારી પૂરેપૂરી દિલની તત્પરતા પણ છે, પરંતુ ત્યાં જાઉં કેવી રીતે ?' વારંવાર હું તો ભગવાનને આવી આવી પ્રાર્થના જ કર્યા કરું. જમવા કરવાનું અને એવી બીજી શરીરની ક્રિયાઓ પણ મૂકી દીધી હતી. એકમાત્ર ભગવાનને જ પોકાર પાડ્યા કરતો. મેં

મારી માને વચન આપેલું અને તેવું વચન પણ હું પાળી શકતો નથી, સંજોગોને કારણે વચન પાળી શકાતું નથી ! તેનું દર્દ એટલું બધું સાલતું કે આના કરતાં તો જાણે કે - 'હું ભગવાનનાં ચરણકમળે, મારું વચન પાળી ન શકવાના એક પરિણામ તરીકે શ્રીભગવાનને જાણે કે દેહ સમર્પણ કરી દઉં !

'મારું દિલ તો જરૂર મારી મા પાસે છે, પરંતુ આ સ્થૂળ દેહને ત્યાં કેવી રીતે હાજર કરવો ? તેને આપેલું વચન મારાથી પાળી શકાય તેવી જ્વાળામુખીના જેવી ધગધગતી તમન્ના પણ છે...

'સાધનાની જુદી જુદી ભૂમિકાઓમાં ભાવના પણ સાકાર થાય છે, તેવો અનુભવ પણ તારી કૃપાથી મને જરૂર થયો છે. તો મારી મા પાસે હાજર રહેવાની મારી આ પ્રચંડ ઉત્કટ ભાવના જે પૂરેપૂરી જીવતીજાગતી છે, તે ભાવના તારી કૃપાથી ત્યાં આકાર લે, એવી મારી તને ઘણી ઘણી પ્રાર્થના છે... મારી આવી ત્રિશંકુની પરિસ્થિતિમાં તારા સિવાય મને કોઈ બીજો મદદગાર નથી. તારી કૃપાથી સંકલ્પશક્તિનું સામર્થ્ય એટલું બધું જબરજસ્ત હોય છે, તેનું મને જ્ઞાનભાન છે, પરંતુ તેવી મારી સંકલ્પશક્તિનું સઘળું સામર્થ્ય તે એકમાત્ર તું જ છે. તારામાં જ, હે પ્રભુ ! બધું જ સમાયેલું છે. હવે તો તું જ મારી વહારે ચડે અને મારું વચન પળાવવાની ખાતર મારા દિલમાં પ્રચંડ અને ઉગ્ર મારી મા પાસે સ્થૂળ દેહે હાજર થવાની ભાવનાને તું જ એક સાકાર સ્વરૂપ આપી શકે તેમ છે. માટે હે પ્રભુ ! દીનદયાળ ! મારા વહાલા ! મારા ગરીબની સામું જોજે, મારી લાજ રાખજે.'

'આમ, આ બધું અંતરમાં અંતરથી જ થયે જતું હતું. આવી રીતે અંતરની પ્રાર્થનામાં ત્રણેક દિવસો વીતી ગયા હશે. અને આવા આર્તતાયુક્ત પ્રાર્થનાના તબક્કાના ગાળામાં એક પળે એવું થયું કે ઓચિંતો જ વીજળીનો દીવો, જે સળગતો હતો, તે બંધ થઈ ગયો. તે ઉપરથી મને તાત્કાલિક ઊગી આવ્યું કે મારી માના શરીરનું અવસાન થયું અને જીવ ગયો. આમ, પ્રભુકૃપાથી માના દેહાંતના સમયની ખબર મને ત્યાં રહ્યે રહ્યે પડી ગઈ હતી.'*

**સ્વજન :** તમારી બાને તમારું દર્શન ત્યારે થયું હતું ?

**શ્રીમોટા :** એ કહું છું. નડિયાદથી મૂળજીનો તાર આવ્યો કે, માનું શરીર અવસાન પામ્યું છે. તે પછીથી મૂળજીનો મારા ઉપર કાગળ આવ્યો. તેમાં તેણે લખ્યું કે, 'માના શરીરના અવસાન પામ્યાના થોડાક સમય પહેલાં બાએ મૂળજીને બૂમ પાડીને કહ્યું હતું કે અલ્યા મૂળિયા ! મૂળિયા ! જો આ ચૂનિયો (શ્રીમોટા) આવ્યો !' ત્યારે મારા ભાઈએ માને કહ્યું, 'ચૂનીલાલ તો કાશીમાં છે. અહીં ક્યાંથી આવી શકે ?' 'અરે ! એ તો આ રહ્યો ! મારા પગ પાસે બેઠો છે ! મારા પગ દબાવે છે !

---

* પૂજ્ય શ્રીમોટાએ તા. ૨૨-૭-૧૯૭૬ની સવારે ફાજલપુર જવાને નડિયાદ આશ્રમ છોડ્યો ત્યારે તે જ ઘડીએ, આશ્રમના વીજળીના બધા દીવા બંધ થઈ ગયા હતા. આ દીવા અગાઉ એકાએક કદી બંધ થયા ન હતા. ત્યારે આશ્રમવાસીઓને અશુભનાં એંધાણ લાગ્યાં. અને પૂજ્યશ્રીએ તા. ૨૩-૭-૧૯૭૬ને શુક્રવારની વહેલી સવારે દોઢ વાગ્યે દેહત્યાગ કરેલો, એ એક સમાંતર વાત હોઈને અત્રે યાદ આવે છે.

જો તે અહીં જ છે !' આવા પ્રકારના શબ્દો તે કાગળમાં વાંચ્યા. મારા ભાઈનો એ કાગળ વાંચીને મને સમજાયું ભગવાને મારો ટેક જાળવ્યો. મારી લાજ રાખી, વચન પળાવ્યું, એમ પ્રતીત થયું. તેનાથી મને જે હર્ષોન્માદ પ્રગટ્યો, તે આનંદ કોટિ બ્રહ્માંડની તોલે આવી શકે એમ નથી. ભગવાન એટલો બધો સમર્થ છે અને તે સમર્થની ઓથ મારે માથે જીવતીજાગતી છે, એવો આ પ્રત્યક્ષ જીવતોજાગતો પ્રચંડ અનુભવ એની કૃપાથી પ્રગટ્યો....મારા જીવનની અનુભવની કક્ષાઓની દૃષ્ટિએ આ પ્રસંગનું મૂલ્યાંકન કંઈ નાનુંસૂનું નથી...તેમ છતાં મારા માટે આ દ્વંદ્વાતીત, ગુણાતીત પ્રકારનો અનુભવ એ તો એક ઘણો મોટો બનાવ છે.'

● ● ●

**સ્વજન :** મૂળજીભાઈનો પત્ર આપની પાસે હશે ?

**શ્રીમોટા :** ભાઈ શ્રી નંદુભાઈ કને હશે.*

## પૂજ્યશ્રીની બા (સૂરજબા)નો પુનર્જન્મ

**સ્વજન :** આપનાં માતુશ્રીએ આપનાં દર્શન કર્યાં પછી છેલ્લો શ્વાસ લીધો. તેમનો પુનર્જન્મ પછી ક્યારે થયો હશે ?

**શ્રીમોટા :** 'હા, એ કહું તે પહેલાં, મારા ગુરુમહારાજે કહેલો એક સિદ્ધાંત યાદ આવે છે, તે જણાવું. **કોઈ જીવને કોઈ સાધુમહાત્મા પરત્વે રાગ, મોહ, ભક્તિ કોઈ પણ પ્રકારે હોય અથવા કોઈ મહાત્માને તેવા જીવ પરત્વે સ્વજન જેવો ભાવ હોય તો તેવા જીવનો કલ્યાણકારી પુનર્જન્મ તત્કાળ થઈ**

* શ્રી નંદુભાઈ=પૂજ્ય શ્રીમોટાના અંતેવાસી

**જાય છે.** આ વાતની કસોટી મારા જીવનમાં જ કરી જોવાનું મારા મનમાં ઊગી આવ્યું. એટલે આપણે તો ગુરુમહારાજની કૃપાથી 'બાનો જન્મ વહેલો થયો છે કે ?' તે ચકાસી જોવા માટે હું ધ્યાનમાં બેસી ગયો. ધ્યાનની એક પરિસ્થિતિ છે, તેમાં 'સંયમ' આવે છે. યોગની ભાષાનો 'સંયમ' છે. સામાન્ય રૂઢ અર્થમાં 'સંયમ' શબ્દ વાપરીએ છીએ તે નહિ.'

'ધ્યાનમાં સંપૂર્ણપણે એકાકાર થઈ ગયા હોઈએ અને શરીરની સભાનતા જવાની પળ હોય તે જ પળે જો કોઈ સંકલ્પ આપણે રાખીએ, તો તે સંકલ્પ સાકાર થઈ જાય. આ કાંઈ નાનીસૂની વાત નથી. બોલવામાં સહેલું છે.'

'એટલે ધ્યાન ધરીને એવો સંકલ્પ-બાના પુનર્જન્મની માહિતી વિશે-મારા પોતાનામાં ધારણ કર્યો અને એમ તે ધારણ કરતાં જ કાશીની ગલીઓ, શેરીઓ, રસ્તાઓ, વળાંકો વગેરે શું શું હોય તે પ્રત્યક્ષ મારી નજરમાં આવ્યાં. અને છેવટે એક વળાંકવાળી ગલીમાં આવેલ એક ઘરમાં એક બાળકી જન્મેલી છે તે જણાયું. તે બાળકી તે મારી માતાનું સ્વરૂપ હતું, તે મારી નજરમાં સ્પષ્ટ આવી ગયું.'

'પછી સવારમાં ધ્યાનમાં જે જે દેખાયેલું, તે નિશાનીઓ જોતો જોતો પેલું ઘર શોધવા ગયો. છેવટે તે ઘર મળી આવ્યું. તેના ઓટલા ઉપર જઈને બેઠો. અંદર તો કેમ જવાય ? એટલે ભજન ગાવા લાગ્યો. થોડા સમય પછી અંદરથી કોઈએ આવીને મારા આગમનનું પ્રયોજન જાણવા માગ્યું. હિંદીમાં તેમણે પૂછ્યું.' તો મેં કહ્યું, 'મુખ્ય માણસને બોલાવો તો વાત કરું.'

'મેં તેમને કહ્યું, 'રાત્રે મને સ્વપ્ન આવ્યું હતું કે આપના ઘરમાં બાળકીનો જન્મ થયો છે. તે તમારી દીકરી મોટી શક્તિવાળી છે. એ જીવ મારા જીવન સાથે સંકળાયેલો જીવ છે. તેનાં દર્શન કરવાં છે. તેનાં દર્શન કરીને હું ચાલ્યો જઈશ. ભગવાનનો હુકમ છે એટલે આવ્યો છું.'

'આમ કહેવાથી તે લોકો દયાથી પ્રેરાઈને મને તેમના ઘરમાં લઈ ગયા અને પેલા ભાઈએ બાળકીને લાવીને મારા ખોળામાં મૂકી. બાળકીને હું પગે લાગ્યો. મને પ્રતીતિ થઈ ગઈ કે ધ્યાનમાં જેનું દર્શન થયું હતું તે આ જ.'

'મને ત્યારે બરાબર સમજાઈ ગયું કે શરીરધારી ચેતનનિષ્ઠ આત્મા સાથે જેને ખરેખરો રાગ થઈ તેવો જીવ અથવા એ આત્માને કોઈ જીવ પરત્વે પ્રેમભાવ હોય, તો એવો જીવ ફરીથી તુરંત જન્મ પામે. ભગવાને અત્યંત કૃપા કરીને મને આ પ્રયોગનું દર્શન કરાવ્યું. તેથી, મારા જીવનમાં જે ગદ્ગદ ભાવ પ્રગટ્યો અને તેથી ભગવાન ઉપર કેટલો વારી ગયો હોઈશ તેની કલ્પના કરવાથી સમજી શકાશે, એવી એ હકીકત છે.'

**સ્વજન :** મોટા, અનુભવી-રિઅલાઈઝ્ડ પુરુષો પુનર્જન્મ લેતા હશે કે બ્રહ્મમય થઈ જાય ?

**શ્રીમોટા :** ઘણાખરા અનુભવી જન્મ લેતા હોય છે. એમની ચેતન પરત્વેની જે ભાવના છે, એ ભાવનાને જીવતી રાખવા માટે પુનર્જન્મ લેતા હોય છે. એનો જન્મ કોઈક નિમિત્તને કારણે જ હોય છે. જોકે એ જન્મ લીધા વગર પણ કામ કરી શકે છે. એને જન્મ લેવો હોય ત્યારે એ લઈ શકે છે.

**સ્વજન :** શ્રીકૃષ્ણ ભગવાનનો અવતાર થયેલો એ નિમિત્તને લીધે થયેલો ?

**શ્રીમોટા :** જેમ આપણો જન્મ થાય છે એવી એને (અનુભવીને) જન્મવાની સ્વયંભૂ Instinct-પ્રેરણા છે. આગલા જન્મમાં શ્રીકૃષ્ણની શક્તિ ડિવિનિટી તરફ વધારે વિકસેલી. જે બાકી રહેલું, તે આ જન્મમાં ડિવિનિટી પૂરેપૂરી વિકસી ગઈ. અવતાર થાય એટલે કોઈ સ્પેશિયલ જીવ આકાશમાંથી ઊતરે છે એમ નહિ. મનુષ્યશરીરમાં કૃષ્ણ જન્મ્યા તે એમના પણ પાછલા જન્મો છે. પાછલા જન્મમાં ડિવિનિટીની (પરમ પદની) સાધનામાં જ હતા.

● ● ●

## મા પ્રત્યક્ષ થયાં

**સ્વજન :** આપના જેવા સંતાત્માઓ સદ્‌ગત જીવને નિમિત્ત મળતાં મળી શકે છે, સંદેશા મોકલી શકે છે, એવું જાણવામાં છે. આપનો કોઈ અનુભવ કહેશો ?

**શ્રીમોટા :** ભૂજમાં (કચ્છ)માં એકવાર ભયંકર ગણાય એવી એક ટેકરી ઉપર રાત ગાળવાનું મન થયું હતું. ત્યાં હિંસક પશુઓનો ખૂબ ભય રહેતો હતો. તેથી, રાજ્યની પરવાનગી લેવી પડી અને મળી પણ ખરી અને ત્યાં રાત ગાળી. તે રાતનું ભાવભર્યું સ્મરણ જીવનમાં મુદ્રાંકિત થઈ ગયેલું છે, અને એનાં પવિત્ર મીઠાં સ્મરણમાત્રથી દિલમાં સવિશેષ આનંદ પ્રગટ્યો છે ! મારાં આધ્યાત્મિક મા(પ્રભાબા)ની સેવામાં એમના શરીરની અંતઘડીએ હાજર રહી શકાયું ન હતું, તે દિલમાં ઘણું ઘણું સાલતું હતું, પણ ઉપાય શો ?

ત્યાં એ ટેકરી ઉપર મંદિરમાં ખુલ્લા ચોગાનમાં સૂતો હતો ત્યારે મધરાતે મા પ્રત્યક્ષ થયાં, તેમના ખોળામાં સૂવાનો લહાવો લઈ શકાયો અને વાતો પણ થઈ, પછી જ્યાં પડખું ફેરવું છું ત્યાં એ અદૃશ્ય થઈ ગયાં. આ તંદ્રાવસ્થામાંનો કે સ્વપ્નમાંનો અનુભવ ન હતો. તે તો પૂરી જાગ્રત અવસ્થામાં તેમનાં પ્રત્યક્ષ સશરીર દર્શન થયાં હતાં. આવી હકીકત તો કોઈના માન્યામાં પણ ના આવે. આવી વાતની જાહેરાત ના કરવાની હોય.

● ● ●

**સ્વજન :** મોટા, આપણા રાજદ્વારી નેતાઓ, કહેવાતા દેશસેવકો તેમના અવસાન પછી વહેલા જન્મે ખરા ?

**શ્રીમોટા :** રામ રામ કરો ! એ લોકો રાગદ્વેષથી ભરપૂર હોવાથી બહુ બહુ મોડા જન્મે. અરે ! જ્યાં રાજકારણ ના હોય એવી સેવાભાવી સંસ્થાઓના સેવકો પણ રાગદ્વેષથી ભરપૂર હોય છે. એ મારો જાત અનુભવ છે.

## પ્રેતાત્માની મુક્તિ

*(માનનીય શ્રી રમણભાઈ અમીન સાહેબ સાથે ફાજલપુર ફાર્મહાઉસમાં પૂજ્ય શ્રીમોટાએ જે સત્સંગ કરેલો, તેમાં ભૂત-પ્રેતયોનિના ઉદ્ધાર અંગેની વિગતો **'ગ્રહ ગ્રહણ'**ની દ્વિતીય આવૃત્તિ, પૃષ્ઠ નં. ૪૮ ઉપર છે, તે અત્રે પ્રસ્તુત છે.)*

**શ્રીમોટા :** એ લોકોનો (ભૂતપ્રેતનો) ઉદ્ધાર એની મેળે વખત આવતાં થાય છે. કેટલાંકને ઘણો કાળ લાગે. મારા જીવન સાથે સંકળાયેલા એવા **બે** કિસ્સા બનેલા.

**એક** તો નંદુભાઈની પેઢીમાં એક નોકર હતો. દક્ષિણમાં એક ઠેકાણે ધોધ પડે છે, તે નંદુભાઈના ભાઈ અને બીજાં બધાં આનંદ કરવા ત્યાં ફરવા ગયેલાં. એ માણસ કહે કે ધોધની છેક નીચે કૂવો છે. એમાં આ છોકરાને લઈને જઉં અને તરીને બહાર નીકળું. મેં કહ્યું, 'અલ્યા મરવું છે ? બૈરીછોકરાં છે કે નહિ ? લાવ.' એમ કરીને મેં છોકરાને લઈ લીધો. પછી એ તો પેલા વહેરા પાસે આમતેમ ફરવા લાગ્યો. અમે કહ્યું, ભઈ, 'તું આવતો રહે. આ લીલ બાઝેલી છે અને લપસીશ તો પડીશ.' આમ બોલીએ છીએ ત્યાં તો એ પડ્યો અને મરી ગયો. એ ભૂત થયેલો. એના મનમાં એમ કે 'મોટાએ કેમ મને ઉગાર્યો નહિ ?' મને એટલા બધા ધક્કા મારે. શરૂઆતમાં તો મને સમજણ ના પડી. જ્યાં ત્યાં ધક્કા મારે અને હું પડી જઉં. મને વાગે પણ ખરું. નંદલાલના મામાએ મને પડી જતો જોયેલો. પાછળથી સુસવાટાબંધ પવન વાતો હોય એવું લાગે. પછી અમારાં મૌનમંદિરના ઓરડામાં એ પ્રેતને રાખેલો. પછી એની સારી દશા થઈ હતી.

**બીજો** એક કિસ્સો મુંબઈમાં બનેલો. એક સ્વજનની દીકરી M.Sc. થયેલી. કોઈના પ્રેમમાં હતી. એના બાપે બીજે ઠેકાણે વિવાહ કરેલો. એ છોકરા સાથે એવું નક્કી કરેલું કે પરણાય એવી સ્થિતિ નથી. માટે હવે મરી જવું. પોતે M.Sc. થયેલી એટલે શું ખાતાં તરત જ મરી જવાય એ જાણે. પેલાને પડીકું આપ્યું. છોકરી ખાઈ ગઈ, પણ પેલા છોકરાને નંદલાલે સમજાવીને વારેલો એટલે બચી ગયેલો.

આ છોકરી પ્રેત થયેલી. મારે અને એમને ઘરોબો ખરો. મેં એના બાપને કહ્યું, 'હું એને સંભાળી લઈશ.' ઘણી વખત

સુરતના આશ્રમમાં રાત્રે અવાજો કરે. એ વખતે ડાહીબહેન મારી સાથે રહેતાં હતાં. ડાહીબહેને એ અવાજો સાંભળેલા. મેં એમને નહિ કહેલું કે આ પ્રેતના અવાજો છે. નહિતર એ ગભરાય. મને એણે બિવડાવવાના ઘણા પ્રયત્ન કરેલા. પછી ઠેકાણે આવી ગયેલી.

(બીજા કિસ્સાના બહેનની પ્રેતાત્મામાંથી મુક્ત કરાવવા પૂજ્ય શ્રીમોટાએ એ બહેનના શરીરના ભાઈ પાસે યજ્ઞવિધિ કરાવેલ અને એ જીવાત્માને પ્રેતયોનિમાંથી મુક્ત કરાવેલ. ત્યારે મોટા બોલ્યા હતા, 'હવે આ જીવની મુક્તિ થઈ ગઈ છે અને હવે કોઈ જન્મમાં તેને આવું પગલું ભરવું નહિ પડે અને એની ઉત્તમ ગતિ થશે.' - સં.)

**જીવાત્માના ઉદ્ધાર માટે પૂજ્ય શ્રીમોટાએ જાતે યજ્ઞ કર્યો**

તા. ૬-૭-૧૯૭૪ના રોજ શ્રી પી.ટી. પટેલના સૌથી મોટા દીકરા શ્રી સુરેશભાઈનું ૩૫ વર્ષની વયે મહેસાણા નજીક જગુદણ ગામ આગળ એક ગમખ્વાર અકસ્માતમાં અકાળ અવસાન થયું હતું.

આબુમાં ખરીદેલા તેમના મકાન માટે કેટલોક સામાન લઈને શ્રી સુરેશભાઈ કુંજરાવથી સવારમાં નીકળ્યા હતા. સાથે તેમનાં પત્ની શ્રીમતી વિદ્યાબહેન તથા સૌથી નાનો બાબો મનીષ પણ હતાં.

સંભવતઃ ડ્રાઈવરની ગફલતથી ગાડી એક વૃક્ષ સાથે અથડાઈ. શ્રી સુરેશભાઈનૈ ખૂબ ગંભીર ઈજા થઈ અને તેમનું પ્રાણપંખેરું તત્કાળ ઊડી ગયું. પત્ની શ્રી વિદ્યાબહેનને પણ સખત ઈજા થઈ હતી. તે બેભાન થઈ ગયાં હતાં. નાનકડો મનીષ અને ડ્રાઈવર બચી ગયા હતા.

શ્રી પી. ટી. પટેલના પરિવાર ઉપર વિધાતાએ જાણે કારમો વજ્રપાત કર્યો હતો. જુવાનજોધ દીકરો તેનાં ચાર માસૂમ બાળકો અને પત્નીને રડતાં મૂકીને પરલોક સિધાવ્યો હતો. પથ્થર પણ પીગળી જાય એવું કરુણ દૃશ્ય કુંજરાવમાં સર્જાયું હતું. આ આઘાતથી કઠણ કાળજાના શ્રી પી.ટી. પટેલ પણ ભાંગી પડ્યા હતા. તે સમગ્ર પરિવારને આશ્વાસન આપવા પૂજ્ય શ્રીમોટા કેટલાંક સ્વજનો સાથે તત્કાળ કુંજરાવ પહોંચી ગયા હતા. ભગ્ન હૃદયે શ્રી પી.ટી. પટેલે પૂજ્યશ્રીને પૂછ્યું કે, 'આપે મારા સુરેશને કેમ બચાવી ન લીધો ?' પૂજ્યશ્રીએ માત્ર એટલું જ કહ્યું કે, 'અત્યારે કશું કહેવાનો અર્થ નથી.' પૂજ્ય શ્રીમોટા જેવા કરુણાસાગર સંતનાં દર્શનથી અને પ્રેમાળ આશ્વાસનથી પરિવારે કંઈક રાહત અનુભવી.

લગભગ બે માસ પછી જ્યારે શોકનાં વાદળોની અસર ઓછી થઈ અને પરિવારના સભ્યો કંઈક શાંત અને સ્વસ્થ થયાં ત્યારે એક દિવસ પૂજ્યશ્રીએ શ્રી પી.ટી. પટેલને જણાવ્યું કે ચાલો આપણે થોડા દિવસ આબુ જઈએ. પૂજ્યશ્રીની ઇચ્છાને માન આપીને શ્રી પી.ટી. પટેલ પરિવાર સહિત પૂજ્યશ્રી સાથે આબુ ઉપરોક્ત મકાનમાં રહેવા ગયા.

એક દિવસ પૂજ્યશ્રીએ અચાનક જણાવ્યું કે આજે આ મકાનમાં મારે યજ્ઞ કરવો છે. શ્રી પી.ટી. પટેલને આશ્ચર્ય થયું. તેમણે કહ્યું, 'મોટા ! અત્યારે ઓચિંતા યજ્ઞની બધી વ્યવસ્થા કેવી રીતે થાય ? પૂજ્યશ્રીએ ભારપૂર્વક કહ્યું કે, 'મારે આજે જ અહીં યજ્ઞ કરવો છે.' યજ્ઞ માટે જરૂરી સામગ્રી લઈ આવવા અને બાજુમાં બાલમંદિરનાં બાળકોને તથા સ્ટાફને જમવા માટેનું આમંત્રણ આપવા પણ જણાવ્યું.

પૂજ્યશ્રીની આજ્ઞા મુજબ તાત્કાલિક યજ્ઞની તૈયારી કરવામાં આવી. પૂજ્યશ્રીએ જાતે તેમની આગવી રીતે યજ્ઞ કરવા માંડ્યો. યજ્ઞ પતી ગયા પછી ગંભીર થઈને પૂજ્યશ્રીએ જણાવ્યું કે 'આ યજ્ઞ દ્વારા મેં સુરેશના જીવાત્માની પ્રેતયોનિમાંથી મુક્તિ કરાવી છે. તેના પ્રારબ્ધમાં આવા સાત અકસ્માત લખાયેલા હતા. આ યજ્ઞ દ્વારા બધા અકસ્માતમાંથી મુક્ત થયો છે. તમને બધાંને સુરેશની ખોટ પડી પણ જીવાત્માનું હિત થાય એવું આપણે ઇચ્છવું જોઈએ. આ યજ્ઞથી તેનું કલ્યાણ થશે.'

સાભાર : 'હરિભાવ' માર્ચ, ૨૦૧૬ - શ્રી જયંતભાઈ પી. ટી. પટેલ

આ યજ્ઞકર્મમાં પૂજ્ય શ્રીમોટાના વહાલા સ્વજનશ્રી ઇંદ્રવદનભાઈ શૅરદલાલ (ઇંદુકાકા) હાજર હતા. તેમણે આ વાત પૂજ્ય શ્રીમોટાના ૧૨૨મા જન્મદિન ભાદરવા વદ ચોથના ઉત્સવમાં તા. ૨૨-૯-૨૦૧૯ના રોજ અમદાવાદમાં જાહેર પ્રવચનમાં કહી છે. જેનો ટૂંક સાર આ પ્રમાણે છે :-

પૂજ્ય શ્રીમોટાએ મને કહ્યું, ઇંદુકાકા યજ્ઞની તૈયારી કરો, સુરેશભાઈનો જીવ પ્રેતયોનિમાં છે તેની મુક્તિ કરાવવાની છે.

પૂજ્ય શ્રીમોટાએ શ્રી પી.ટી.પટેલને કહ્યું હતું કે ડ્રાઇવરે સુરેશભાઈ પાસે સો સોની નોટો જોઈ. ઉપરાંત, તેમની પત્નીએ જે દાગીનાં પહેર્યાં હતાં તે જોઈને ડ્રાઇવરનું મન બગડ્યું હતું. એ અકસ્માત ન હતો પણ જાણી જોઈને કરાયેલ સુરેશભાઈનું ખૂન હતું. ડ્રાઇવર એ બધાંની લૂંટ કર્યા બાદ ખાલી હાથે પોલીસ સ્ટેશને હાજર થયો હતો. પાછળથી વિગતો પ્રકાશમાં આવતાં પૂજ્યશ્રીની વાતો સાચી જણાઈ હતી.

આબુના મકાનમાં પૂજ્યશ્રીએ જે યજ્ઞ કર્યો તે સમયે મારી ઉપસ્થિતિ હતી. ભાઈ સુરેશનો જીવાત્મા પ્રેતયોનિમાં હતો. તેમાંથી યજ્ઞની વિધિ કરીને મનુષ્ય યોનિમાં ફેરવ્યો હતો. પૂજ્યશ્રીએ સાત લોટનું પૂતળું બનાવેલું...જેમાં અડદનો લોટ પણ હતો. મેં પૂજ્યશ્રી મોટાને પૂછ્યું, 'એ પ્રેત યજ્ઞ સ્થળે હાજર થયું છે તેની જાણ કેવી રીતે થશે ?' જવાબમાં પૂજ્યશ્રીએ કહેલું કે હું જ્યારે જોરથી **હરિઃૐ** બોલું ત્યારે એ પ્રેત આવ્યું છે એમ માનજે અને એ પ્રમાણે બનેલું. આમ, પૂજ્ય શ્રીમોટાએ જીવાત્માને પ્રેતયોનિમાંથી માનવયોનિમાં મૂક્યો. મોટા એમ કહેતા કે આવી વિધિ બે-ત્રણ જણ જ જાણે છે. (સં.)

**સ્વજન :** મોટા, આપ ઘણી વાર બોલો છો કે મારે તો મરવાનીય ઇચ્છા નથી અને જીવવાનીય ઇચ્છા નથી, એ બરાબર સમજાતું નથી.

**શ્રીમોટા :** 'પ્રભુનું યંત્ર થયા પછી શરીરને ટકાવી રાખવાનું મમત્વ કોઈ પણ આત્માને રહેતું નથી. તેના દ્વારા જે કંઈ કાર્ય કરવાનું હોય તે કાર્ય પૂરું થતાં સુધી તેનું શરીર ટકવાનું જ છે, એવો તેને દૃઢ આત્મવિશ્વાસ હોય છે જ. **પ્રભુના નિર્ણયથી સ્વતંત્ર નિર્ણય એવા આત્માઓને હોતો જ નથી.** એની મરજી ઉપર જ એ બધું રાખ્યા કરે છે. શરીર હોય કે ના હોય, પરંતુ પ્રભુનું કાર્ય ક્યાંય અટકી પડવાનું નથી. એટલે જે જે જીવોના જીવન સાથે તે (મુક્તાત્મા) સંકળાયેલો હોય છે, તેથી તેમનું તે ભોગવ્યા વિના રહી શકતો નથી. એટલે તેનું શરીર દર્દ કે રોગનું ભોગ ના જ થઈ પડે, એમ ના કહી શકાય. આમ છતાં તે પોતે તદ્દન સ્વતંત્ર અને નોખો હોય એમ જરૂર બની શકે, પરંતુ તેવો સંતાત્મા

ભગવાનની ધારણાથી જુદી રીતે કે બીજી રીતે પોતાનું શરીર ટકાવી રાખવાનું કદી પણ મમત્વ રાખશે નહિ.'

**સ્વજન :** (પૂજ્યશ્રી છેલ્લાં વર્ષોમાં જ્યારે ખૂબ અશક્ત થઈ ગયા હતા અને વ્હીલચૅર વિના ફરી શકતા ન હતા ત્યારે-)

મોટા, આપની તબિયત પહેલાંના જેવી નથી તોપણ ભાઈના (શ્રી નંદુભાઈ) કહેવા મુજબ, આપ હજુ પાંચદશ વર્ષ કાઢી શકો એમ છો.

**શ્રીમોટા :** મને કોઈ ઈચ્છા નથી. ગુરુમહારાજનો હુકમ થાય તો તુરંત શરીર છોડી દઉં. એમના આદેશની રાહ જોઉં છું.

## ભક્તનું કર્મ

**સ્વજન :** ભક્તનું કર્મ સંતાત્મા ભોગવે. તેથી, પેલા (ભક્ત)નું બધું કર્મ બંધ થઈ જાય છે ? પૂર્ણ થઈ જાય છે ?

**શ્રીમોટા :** ના, બધું કર્મ બંધ થઈ જાય એવું હોતું નથી, પરંતુ તે જીવમાં તેવું કર્મ ભોગવવાની સ્થિતિમાં એક પ્રકારનું હળવાપણું જન્મે છે, પણ પેલા જીવે એમ માનવાનું નથી કે હવે તેણે કશું કરવાપણું કે ભોગવવાપણું રહ્યું જ નથી. જો તે તેમ માનશે તો તેને અજ્ઞાનમાં કુટાયા કરવું પડશે.

## મુક્તાત્માનો પુનર્જન્મ

**સ્વજન :** મુક્તાત્માનો પુનર્જન્મ થાય ખરો ?

**શ્રીમોટા :** મુક્તાત્મા જન્મ લે પણ ખરો, ના પણ લે, કેમ કે તેને સંકલ્પો તો હોતા નથી. છતાં સંજોગો ઉપર આધાર છે. તેવાના ભક્તો તેમના હૃદયનો ભાવ ઉત્કટપણે રાખ્યા કરતા હોય અને એવા કોઈક ખાસ ગૂઢ નિમિત્ત હોય તો તેવાઓ જન્મ લે પણ ખરા. મુક્તાત્માને તેના ભક્તો

પ્રેમભક્તિથી ઝંખતા હોય તો તે જરૂર જન્મ લે. **જોકે મુક્તાત્મા જન્મ લીધા વિના પણ તેના ભક્તોનું શ્રેયપ્રેય સંભાળતા હોય છે.** ભગવાને કેટકેટલા અવતારો લીધા તે યાદ છેને ? તે જ રીતે મુક્તાત્માનું સમજવું.

**સ્વજન :** મોટા, અમે સાંભળ્યું છે કે આપનો પુનર્જન્મ સ્ત્રીનો છે ? એમ કેમ ?

**શ્રીમોટા :** હા, કારણ કે મારે તેમની વચ્ચે તેમના માટે કામ કરવું છે. આ પુરુષદેહથી જોઈએ તેટલું થઈ શકે નહિ, પણ હું સંતાન જણનારી સ્ત્રી નહિ હોઉં. (સ્મિત વેરતાં વિશેષમાં કહે -) પણ એવી, એટલી બધી સુંદર સ્ત્રી હોઈશ કે પુરુષો મને જોતાં જ લાંબા દંડવત્ કરતાં થઈ જશે.

**સ્વજન :** આપ ક્યારે જન્મ લેશો ? ક્યાં જન્મ લેશો ?

**શ્રીમોટા :** હા, આ જ પૃથ્વી ઉપર. પહેલાં મને લાગતું હતું કે હું દક્ષિણમાં જન્મ લઈશ. હવે એમ નથી લાગતું. મને સ્થળનું નક્કી નથી લાગતું. મને દક્ષિણનો દેશ ગમે તો બહુ પણ આવી રીતનું નક્કી નથી લાગતું, પણ મારે થોભવું પડશે એમ લાગે છે, પણ તુરંત જન્મ નહિ લઉં, કેમ કે મારાં અત્યારનાં સ્વજનોને મારી સાથે રાખવાં છે.

**સ્વજન :** પ્રભુ ! અમને તમારી સાથે રાખશોને ?

**શ્રીમોટા :** એનો આધાર તમારા ઉપર છે. અત્યારે તમે બધાં મળ્યાં છો, તે એમ ને એમ મળ્યાં છો ? વળગેલાં રહેવું જોઈએ.

**સ્વજન :** મુક્તને ફરી જન્મ લેવાનું થતાં જન્મથી જ તે મુક્ત અવતરે કે તેને નવા જન્મમાં સાધના કરવી પડે ?

**શ્રીમોટા :** નવા જન્મમાં તેને નામની થોડીક સાધના કરવી પડે ખરી, પરંતુ તે નામ પૂરતી, નિમિત્ત પૂરતી હોય. તેને બહુ વાર ના લાગે. બે, ચાર, પાંચ વર્ષમાં પણ પત્તો ખાઈ જાય. માનવોને દાખલારૂપ થવા પણ થોડીક સાધના કરવાની આવે છતાં તે અંગેના સખત ચોકઠાજડિત નિયમો ન હોઈ શકે. વળી, તેમની બાલ્યાવસ્થામાં અને કિશોરાવસ્થામાં તેમના જીવનના મુક્તપણાના ચિહ્નરૂપે સવિશેષતાની અમુક અમુક ઘટનાઓ પણ બનવા સંભવ છે. બાલ્યજીવનમાં મુક્તાત્માને પોતાની તેવી મુક્ત હોવાની પ્રતીતિ નથી હોતી. બાલ્યવયમાં મુક્ત આત્માના ચમત્કારિક લક્ષણની ઝલક કદીક કદીક વર્તાતી પણ હોય છે, પણ આગળપાછળનાંને તેની માહિતી નથી રહેતી.

● ● ●

**સ્વજન :** મોટા, શ્રીસાંઈબાબા વિશેનું એક આ (Sayings & Charters of Sai Baba)* પુસ્તક છે. તેમાં શ્રીસાંઈબાબાના શ્રીમુખેથી નીચેના શબ્દો બહાર પડેલા તે લખવામાં આવ્યા છે :-

'હું કબીર હતો અને કાપડ વણતો.'

'અકબરના દરબારમાં હું કામ કરતો અને તે મારા પ્રત્યે આદરથી જોતા.'

'ઝાંસીની રાણીના લશ્કરમાં પણ હું હતો અને તેની સાથે ફરતો.'

'હું ઘણું કામ કરતો. એટલું કામ કરતો કે મારાં હાડકાં દેખાતાં.'

---

* લેખક = શ્રીનરસિંહ સ્વામી

**શ્રીમોટા :** જુઓ, આવા મહાન પુરુષ આટલા જન્મો લઈને કામ કર્યા કરે છે, તો તેનો કંઈક અર્થ હશેને ? અવતારો અનંત છે. કશું સ્થિર નથી. જેટલું કામ કરો તેટલું ઓછું. તો આપણું શું ? આપણે તો ચસવાય માગતાં નથી ! માટે જ્યાં ઊભા છો, ત્યાંથી જરા ચસો તો બહુ સારું કહેવાય. ખસવા માંડો, ખસવા માંડો.

● ● ●

ઈશુની ચેતના, શ્રીરામ અને શ્રીકૃષ્ણની ચેતના આજે જીવંત છે. મહમદ પયગંબર સાહેબની સ્વતંત્ર ચેતનભાવના જીવંત છે. શ્રીરામકૃષ્ણ પરમહંસની દિવ્ય ચેતના આપણા ભારતમાં હજુયે વિદ્યમાન છે.

● ● ●

## મુક્તની ચેતનાશક્તિ

**સ્વજન :** મુક્તાત્મા પોતાનો સ્થૂળ દેહ છોડે ત્યારે પોતાની ચેતનાશક્તિ તે જેને આપવા ઇચ્છે તેને આપી જઈ શકે ખરો ?

**શ્રીમોટા :** ભૂમિકા તૈયાર થયા વિના ગમે તેવા મુક્તાત્મા પણ બીજાને તેવું પ્રદાન ના કરી શકે, પણ મુક્તનો દેહ ના હોય ત્યારે તેની સૂક્ષ્મ અસર સાધકને, ભક્તને સ્પર્શી શકે, જો ભક્તનું આકર્ષણ પ્રબળપણે ગુરુના સૂક્ષ્મ તત્ત્વ સાથે લાગી રહ્યું હશે તો. વળી, સ્થૂળ શરીરની સ્થૂળ મર્યાદા દૂર થતાં સૂક્ષ્મ તત્ત્વથી વધુ સબળ અને સંગીન સહાય કરી શકે છે, તે કરે પણ ખરા.

## - તો મોક્ષ મળે ?

**સ્વજન :** મૃત્યુ વખતે ભગવાનનું નામસ્મરણ થાય, તો તેથી મોક્ષ મળે, એ હકીકત સાચી છે ?

**શ્રીમોટા :** મોક્ષ મળવો એટલો રેઢો પડ્યો નથી, પણ જો મૃત્યુ સમયે ભગવાનનું નામ લેવાય તો સારી ગતિ થાય. એ હકીકત માનવા જેવી છે. જ્યારે શરીરના રોમેરોમમાંથી ચેતનાશક્તિ, પ્રાણશક્તિ નીકળીને શરીરના અમુક આધારમાં કેંદ્રિત થતી હોય છે, અને આ એક ક્ષણથીયે ઓછા વખતમાં બની જતું હોય છે, તેવે વખતે આ શરીરની પ્રકૃતિ કે જે દ્વંદ્વ અને ગુણથી બનેલ છે, તે મહત્ત્વપણે ભાગ ભજવતી હોતી નથી, ત્યારે તેનું સ્થૂળ શરીર પણ ભાગ ભજવી રહેલું હોતું નથી.

પણ સૂક્ષ્મ શરીર મોખરે હોય છે, તે વખતે એ સૂક્ષ્મ શરીર દ્વારા ભગવાનનું નામ લેવાય છે. એનું પરિણામ એની સારી ગતિમાં આવે છે. એટલે કે હવે પછીના જન્મમાં એ કોઈક ભાવનાશાળી સ્થિતિમાં જન્મ લે, એવી શક્યતા બની જાય છે....મોક્ષની વાત બહુ ઊંચી છે.

● ● ●

## મોક્ષ એટલે પ્રકૃતિ, પરા અને અપરામાંથી મુક્તિ

ચૌદ યોનિમાં મનુષ્યયોનિ જ એવી છે જે દ્વારા ભગવાનનો, ચેતનનો અનુભવ થઈ શકે અથવા તો મોક્ષ મેળવી શકાય.

**મોક્ષ એટલે જન્મમરણમાંથી મુક્તિ નહિ. સમાજની એ વાત ખોટી છે, પણ કામક્રોધાદિથી, રાગદ્વેષથી મુક્ત થવું એ મોક્ષ છે.** શરીર હોય તો જ એ અનુભવ થઈ શકે. એટલે જ આ મનુષ્ય જન્મ **'મનખા દેહ દોહ્યલો'** એ આપણામાં અસલથી જૂની જે કહેવત છે, તે તદ્દન સાચી છે.

આ મનુષ્યશરીર વિના આ મોક્ષપદ અનુભવવું દોહ્યલું છે. એટલે આ મનુષ્યશરીરનો જેટલો લાભ લેવાય તેટલો ઉચ્ચ, ઊર્ધ્વ ભૂમિકાનાં મનનચિંતવનમાં, ભગવાનની ભક્તિમાં, ભાવનામાં જાય એટલું ઉત્તમ છે.

● ● ●

મોક્ષ તો પોતાના પ્રયત્નથી જ પામી શકાશે. જેણે આ જીવનમાં જ અનુભવ કર્યો છે, તેવા મુક્તને (અનુભવી પુરુષને) પ્રેમથી વળગી જુઓ. તેને સમજવાની કોશિશ ના કરો, એની સાથે પ્રેમ કરો. પછી જુઓ તેનું પરિણામ.

● ● ●

## જીવોનું અવતરણ

**સ્વજન :** કોઈ જીવ out of spaceમાંથી (અંતરિક્ષમાંથી) આવે અને આ પૃથ્વીના વાતાવરણમાં રહે ?

**શ્રીમોટા :** એ બધું મને કંઈ સાચું લાગતું નથી. એનું કારણ કે એ out of spaceમાંથી આવે, જે વાતાવરણ હોય એ વાતાવરણમાંથી આવે, તો તેનું શરીર ટકી ના શકે. એમ બની શકે કે દેવપુરુષ કોઈકનામાં એનું મિડિયમ બનાવી પોતાની ભાવનાને પોષે એ Possible (શક્ય) છે. જેમ પ્રેત પોતે કોઈકનું મિડિયમ બનાવીને પોતાની લાલસા અને બધું ભોગવે છે, તેવી રીતે એ જો એવા પ્રકારની છઠ્ઠી ભૂમિકાવાળો (સાધનાની ભૂમિકાવાળા) જીવ હોય તો એનામાં અવતરણ થઈ શકે, પણ એ બીજા કોઈ આકાશમાંથી આવેલો જીવ

આપણી પૃથ્વી ઉપરના આ વાતાવરણમાં ટકી ના શકે એમ મને લાગે છે. એવો કોઈ બળવાન જીવ, એવી શક્તિવાળો હોય તો પોતાનું વાતાવરણ બદલી શકે, જીવનમાં અશક્ય કશું નથી. એવા આવે છેય ખરા, પણ સામાન્ય જીવો નહિ. બહુ બળવાન આત્માની શક્તિવાળા જીવો. બાકી, સામાન્ય રીતે તો આવા અવતારી પુરુષો પણ માના પેટે જ જન્મે છેને !

● ● ●

## પુનર્જન્મ-જન્મસ્થળનું નિમિત્ત વિજ્ઞાન

માણસ જન્મે ત્યારે એની આજુબાજુના સંસ્કારો એ બધું લઈને જ જન્મે છે. એટલે પોતાના એકલાના જ સંસ્કાર નહિ, અનેક જીવોની સાથે સંકળાયેલા છીએ અને જેની સાથે બધું તાદાત્મ્ય (એકરૂપતા) છે, એવા બધાય જીવો આપણી સાથે આવેલા છે.

● ● ●

**સ્વજન :** શરીર છૂટી જાય પછી આ નિમિત્ત...

**શ્રીમોટા :** જ્ઞાનની દશામાં (સાક્ષાત્કારી પુરુષને) નિમિત્ત, બાકી આપણને Tendency-વૃત્તિ. (મનુષ્યજીવમાં પ્રકૃતિનું વલણ).

● ● ●

**સ્વજન :** ગયેલા જીવોમાંથી કોણ કોની સાથે જન્મતા હશે, એ કહેશોજી ?

**શ્રીમોટા :** આપણે પણ જ્યારે જન્મતાં હોઈએ છીએ ત્યારે આપણી સાથેના આપણા

મિત્રો કે વેરીઓ કે આપણાં સગાં, આપણા અણગમાવાળા કે જેને માટે આપણને વેર છે, એવા બધા જીવોને આપણે સાથે લઈને જન્મતાં હોઈએ છીએ. દરેક આપણે, પોતપોતાનું એક સર્કલ જે આપણી પોતાની વૃત્તિઓને લઈ બાંધેલું છે, એવાને જ લઈને જન્મતાં હોઈએ છીએ.

• • •

### છોકરાં અમુકને ત્યાં જન્મે તેનું કારણ શું ?

**સ્વજન :** તો કોઈ વ્યક્તિ multi-millioner-ધનાઢ્યને ત્યાં જન્મે છે એ કેવી રીતે ?

**શ્રીમોટા :** એ વ્યક્તિ એને ઘેર જન્મી એ એનું તમે પ્રારબ્ધ કહેવું હોય તો કહો એને. એની મારે ના નથી.

**સ્વજન :** એમાં કોઈ કર્મનું કારણ ખરું ?

**શ્રીમોટાઃ** કર્મનું કારણ ખરું, પણ એમાં મૂળ સિદ્ધાંત જોઈએ તો જે માબાપ હોય છે ને એ છોકરાં જે થાય છે તેઓ એની સાથે સંબંધવાળા છે. તે જીવો વાતાવરણમાં છે. વાતાવરણની બહાર નથી. એ વાતાવરણમાં જીવો હોય છે અને પેલાં માબાપને એ લોકોની સાથે આકર્ષણ છે. એ જાણતા નથી. **એ એની ઈચ્છા છે છોકરાં થવાની. છોકરાં થવાની ઈચ્છા છે એ પાકી વાત, પણ અંતરમાંથી એમને પેલા જે અવકાશમાં જીવો છે આવા, તેવા લોકો (માબાપ)ની સાથે સંબંધ થઈ જતો હોય છે અને એ સંબંધ પછી એમને ખેંચી લાવે છે અંદર. માના પેટના ગર્ભાશયમાં એને ખેંચી લાવે છે.** ખરી વાત તો એવી છે. એમાં પાપપુણ્યને લીધે એ થતું

હોય છે એવું કંઈ નહિ. પણ સંબંધ મૂળનો ખરો. પેલા જીવ સાથે. તેના લીધે પેલા લોકો છોકરાં થવાને તો સૌ કોઈને મરજી હોય એમાં તો બેમત નથી. સૂક્ષ્મ શરીર જે છે તે પેલા લોકોને ઝંખતું હોય છે. પોતાના હોવાથી તે પેલાને ઝંખતા હોય છે. એના કારણે પેલા ખેંચાઈને આવે છે માના પેટમાં. એમ કારણ હોય છે. ખરું કારણ તો આ છે. એમાં પાપપુણ્યનું કોઈ કારણ કે વાત નથી.

● ● ●

## પરદેશમાં જન્મ

**સ્વજન :** જે લોકો બીજા દેશમાં જન્મવાનું વિચારતા હોય તો શું એનો જન્મ એ દેશમાં થાય ?

**શ્રીમોટા :** દા.ત. આપણા હિંદુસ્તાનમાં જન્મનારા, આપણી રીતે રહેનારા આપણે છીએ તે આપણે એકબીજાની સાથે સંકળાયેલાં છીએ. એકબીજાની સાથે આસક્તિ છે. હવે એવા જીવો અમેરિકામાં કે બીજા દેશમાં નહિ જન્મે. જ્યાં જ્યાં પોતાના જે જે જીવોની સાથે જેટલું એટેચમેન્ટ છે તે વાતાવરણમાં જન્મે છે. જન્મથી જ યુરોપનું વાતાવરણ અને એવું બધું જેના માનસમાં હોય એવા ત્યાં જન્મે. અહીં રહેતો હોય પણ બધું યુરોપિયન રીતે જ વિચારવા કરવાનું બનતું હોય, એની રહેણીકરણી બધું જ એ રીતનું હોય, એવો અહીં રહેતો હોય તોય એ ત્યાં જન્મે. જે પ્રકારની ઘણા લાંબા કાળ સુધીની જેવી જેની વિચારસરણી, જે પ્રકારની જીવસૃષ્ટિ એ ત્યાં જન્મે. એટલું જ નહિ, પણ એ જાતની સભાનતા લાંબાગાળા સુધી ઘણાં વર્ષો સુધી જેની રહ્યા કરતી હોય તો

ત્યાં તેનો જન્મ થાય. કોક વખત આવો ખ્યાલ આવે, કોક કોક સમયે ત્યાંનો વિચાર આવે એથી ત્યાં જન્મ ન થાય.

• • •

## જંગલમાં જન્મ

આવા જંગલમાં કેમ જન્મ થાય ? જીવ કેમ અહીં જ જન્મતો હશે ? અહીં શું દાટ્યું હશે એને ? આમાં શો રસ પડતો હશે તે અહીં આવ્યો ? કંઈ કશા કારણ વિના કર્મ બનતું નથી. એ જેમ સિદ્ધ હકીકત છે, તેવી રીતે આ જન્મ પાછળ કોઈ કારણ છે. એને એવા વિચારો વારંવાર થયા હશે કે, સ્વતંત્ર, જંગલમાં હરવું ફરવું. આપણને કોઈની રોકટોક ન હોય, આપણી મેળે કમાવું અને ખાવું. આવા વિચારવાળાઓ આવા જીવનમાં આવે. પોતાના આવા વિચારો, આવા પ્રકારની જિજીવિષા, આવી ઇચ્છા વગેરે ભેગાં થઈને એક બીઈંગ થાય. પછી તે તે પ્રકારના જીવનમાં જીવ પ્રવેશે છે.

• • •

**સ્વજન :** કોઈ કોઈ ક્ષેત્રોમાંના મોટા માણસો જેઓ પોતાનું મિશન પૂરું કર્યા વિના પરલોક ગયા હોય તેઓ તે વિષયના તેવા જીવંત માણસોને (દા.ત. વૈજ્ઞાનિકો, સાધકો, કલાકારો, લેખકો વગેરેને) મદદ કરતા હશે ?

**શ્રીમોટા : આધ્યાત્મિક જીવનના વિકાસમાં આગળ વધેલા જે પુરુષો છે, જે જીવો છે, તેઓ આ વાતાવરણમાં છે અને એવા લોકો આવા વલણવાળા (જીવંત) માણસોને મદદ**

**કરે છે, તેનો મને અનુભવ છે,** પણ વિજ્ઞાનનો મને અનુભવ નથી. આમ છતાં જો આ થિયરી એને પણ લાગુ પાડીએ કે વિજ્ઞાનની અંદર ગુલતાન થયેલા, એકાગ્ર થયેલા, કેંદ્રિત થયેલા જીવો કે જેમની શોધખોળ પૂરી થયેલી ના હોય, અને શરીર છૂટી ગયેલું હોય, તેવા લોકો પણ વાતાવરણમાં રહેતા હોવા જોઈએ અને પેલું એમનું યોગ્ય મિડિયમ હોય તેને એ જ્ઞાન આપતા હોવા જોઈએ.

• • •

## માનવયોનિમાંથી પ્રાણીયોનિમાં જન્મ ન થાય. નિમ્ન પ્રકૃતિવાળાની ગતિ

**સ્વજન :** આપણાં શાસ્ત્રોમાં એવી વાત આવે છે કે નિમ્ન પ્રકૃતિવાળો, ખૂની અને એવો દુષ્ટ માણસ, તેનું અવસાન થતાં માનવયોનિને બદલે હલકામાં હલકી પ્રાણી-યોનિમાં જન્મ લેતો હોય છે, એ સાચી વાત ?

**શ્રીમોટા :** ના, માનવી મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ એ પાંચ કરણોની બનેલી પ્રકૃતિવાળો છે ત્યારે અન્ય પ્રાણીમાં એ પાંચ તત્ત્વો હોતાં નથી. એટલે ગમે તેવી હલકી પ્રકૃતિવાળો માણસ પ્રાણીયોનિમાં જન્મ કેવી રીતે લઈ શકે ? એવો માણસ કોઈ એકદમ નીચા અને હલકા કુળમાં જન્મે, ઊંચા કુળમાં નહિ, પણ એવું બને કે પ્રાણીયોનિવાળો જીવ પ્રભુકૃપાએ માનવયોનિમાં જન્મ લઈ શકે, જો તે એવા ઊંચા માનવી કુટુંબના આશ્રયે રહેલો હોય તો. ભગવાન રમણ મહર્ષિના આશ્રમે એક ગાય હતી, જેનું નામ લક્ષ્મી પાડ્યું હતું અને મહર્ષિને તેના માટે સારો ભાવ હતો. આ ગાય તેના

અવસાન પછી માનવયોનિમાં જન્મ લઈ શકે. બાકી, સાપ, શિયાળ કે વાઘબિલાડીનો અવતાર મળવાની વાતો એક રૂપક તરીકે આપવામાં આવી હશે, લોકોને ચેતવણી આપવા ખાતર. નિમ્ન પ્રકૃતિવાળા માણસો કૂતરાં, બિલાડાં અને શિયાળ જેવાં હિંસક પ્રાણીઓની જેમ વર્તતાં ક્યાં નથી જોવામાં આવતાં ? ઘણી વાર તેવાઓનો સ્વભાવ કૂતરાં બિલાડાંની પ્રકૃતિ કરતાં અનેકગણો ખરાબ હોય છે. **એટલે Law of evolution (ઉત્ક્રાંતિના નિયમ) પ્રમાણે જે વાનરમાંથી માનવ બને તે માનવમાંથી વાનર ના બની શકે.** દુષ્ટ પ્રકૃતિવાળો માણસ પણ કુદરતના કાનૂન મુજબ સુધરવા, ઉચ્ચતર સ્થિતિએ જવા સર્જાયો હોય છે જ.

● ● ●

## પતિપત્નીનો સંબંધ

**સ્વજન :** પતિપત્ની તરીકે જોડાતાં બે જીવોનો સંબંધ આકસ્મિક હોતો હશે ?

**શ્રીમોટા :** ના, **એ બે જીવોનો સંબંધ અનેક જન્મ જન્માંતરોમાં કોઈ ને કોઈ રીતે ચાલુ રહ્યા કરતો હોય છે જ. એટલે એક વખત જોડાયેલા બે જીવોનો સંબંધ કદી પણ છૂટી શકતો હોતો નથી.** તે લગ્નસંબંધ પણ તે તે જીવ સાથેની તેટલા પ્રમાણની કોઈ ને કોઈ, આમ કે તેમ અથડામણનું જ પરિણામ હોય છે.

**સ્વજન :** ઋણાનુબંધના કારણે થતા સંબંધો ઉપર પૂર્ણવિરામ કેવી રીતે મૂકી શકાય ?

**શ્રીમોટા :** જ્યારે કોઈ જીવ જીવનવિકાસ કરતો બધાંથી મુક્ત થઈ જાય અને ચેતનામાં નિષ્ઠા પામી જાય ત્યારે તેવા જીવના સંસારી સંબંધો ઉપર પૂર્ણવિરામ આવી શકે, બાકી નહિ.

• • •

## મૃત્યુવેળા ચેતનનિષ્ઠની મદદ

**સ્વજન :** ચેતનનિષ્ઠનો પ્રેમ બીજા જીવ પરત્વે હોય અને બીજો જીવ એટલો બધો ભક્તિપ્રધાન ના હોય તોયે તેને મૃત્યુવેળા શાંતિ, આરામ, રાહત મળે ?

**શ્રીમોટા :** હા, જરૂર મળે. મારી એક ભત્રીજી, જેને નાર ગામે (પેટલાદ તાલુકો) પરણાવેલી. તેને ક્ષય રોગ થયો હતો. તે બીમારીની છેલ્લી અવસ્થામાં હતી. તેને ઘણી ઉધરસ આવતી અને છાતીમાંથી લોહી પડતું. બહુ રિબાતી. તેથી, તે મને કહે, 'કાકા, તમે આટલી ભક્તિ કરો છો, તો મને આ રોગમાં જરા આરામ થાય અને શાંતિથી મરું એટલું ના કરો ?' એની એવી સ્થિતિએ મને પિગળાવ્યો. વળી, એ મારી ભત્રીજી હતી. તેથી, મેં તેને શાંતિ આપી. મને જોતજોતામાં સખત ખાંસી, કફ અને લોહી પડવા માંડ્યાં. શ્રી નરહરિભાઈ પરીખ અને બીજાઓ (હરિજન આશ્રમના) ચિંતાતુર થઈને મારી સારવાર કરાવવા માંડી. દરમિયાન મારી ભત્રીજીની ખાંસી મટી ગઈ, લોહી પડતું બંધ થઈ ગયું અને છેવટે તેણે શાંતિથી છેલ્લો શ્વાસ લીધો. તે બાદ મને પણ ખાંસી વગેરે મટી ગયાં. આ તાદાત્મ્ય ભાવનાનું પરિણામ.

• • •

## વિદ્યાકાકીનું મોત માગવા ભીખુકાકા* શ્રીમોટા પાસે ગયા

વિદ્યાકાકી ભીખુકાકાનાં પત્ની હતાં. (સુરત) આશ્રમમાં જ રહેતાં. એ બહુ બીમાર પડી ગયેલાં. વાંસામાં ચાઠાં ને ઘારાં પડી ગયેલાં. એટલે ભીખુકાકા **મોટા** પાસે વિદ્યાકાકીનું મોત માગવા ગયેલા. ભીખુકાકાએ મને કહ્યું, 'હું **મોટા** પાસે વિદ્યાનું મોત લેવા જાઉં છું.'

ભીખુકાકા તો નડિયાદ આશ્રમે ગયા ને **મોટા**ને વાત કરી કે, '**મોટા** ! વિદ્યા બહુ હેરાન થાય છે. વિદ્યાનું મોત આપો તમે !' **મોટા**એ કહ્યું, 'તું જાણે છે કે મારી પાસે મોત છે ?' **ભીખુકાકા બોલ્યા, 'હા, *મોટા* ! મને ખબર છે કે તમે જન્મ પણ આપી શકો ને મૃત્યુ પણ આપી શકો.'** **મોટા**એ કહ્યું, 'તું લાકડાં લાવી રાખજે.' ભીખુકાકા તરત ગાડીમાં બેસીને સુરત આવ્યા. તે વખતે સ્મશાનમાં લાકડાં કે એવું કંઈ હતું નહિ. જ્યારે કોઈ મરી જાય ત્યારે ગાડામાં લાકડાં લઈને આવવું પડતું. ભીખુકાકા બીજે દિવસે જ સવારમાં રાંદેરથી લાકડાં લઈ આવ્યા ને આશ્રમમાં મૂકી દીધાં. શહેરમાંથી લોકો વિદ્યાકાકીની ખબર લેવા આવે ને લાકડાં જોઈને એમ કહે કે, 'ભીખુકાકા તો વિદ્યાકાકીનાં મોતની રાહ જોયા કરે છે કે શું ? લાકડાં પણ આગળથી લાવી રાખ્યાં છે !' એમ કહે બધાં હોં ! બીજે કે ત્રીજે દિવસે વિદ્યાકાકી ગુજરી ગયાં. **મોટા** કહે કે, 'વિદ્યાકાકી પાછળ સરાવવાનું કે બારમું તેરમું કંઈ કશું કરવાનું નહિ. કોઈ પણ વિધિ કરવાની નહિ. બધું હું કરી લઈશ.' એથી વિદ્યાકાકી પાછળ કાંઈ કરેલું નહિ.

---

* શ્રી ભીખુકાકા = પૂજ્ય શ્રીમોટાના અંતેવાસી

**મોટા** ધારે તે કરી શકે. આપણને પહોંચાડવા હોય તો પહોંચાડીય દે તરત !

શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ, બીજી આ., પૃ.૧૯૦

● ● ●

## શ્રીમોટાએ ઇચ્છામૃત્યુ આપ્યું

નડિયાદમાં હરિઃૐ પેટ્રોલ પંપવાળા વૈકુંઠભાઈનાં બા પથારીવશ હતાં ત્યારે મોટા મળવા ગયેલા. મોટા, બાને મળ્યા. ખબરઅંતર પૂછ્યા ત્યારે બાએ કહ્યું, 'હવે મને મૃત્યુ આવે તો સારું, હે ભગવાન મને લઈ લે !'

મોટાએ બહાર આવીને વૈકુંઠભાઈને કહ્યું, 'જા, બાને પૂછી જો કે મરવાની ઇચ્છા ખરેખર છે કે ખાલી ખાલી કહ્યા કરે છે ?' પછી વૈકુંઠભાઈએ પૂછ્યું ત્યારે બાએ કહ્યું, 'મારે હવે મરવાની ખરેખરી ઇચ્છા છે.'

પછી મોટાએ હીરો મંગાવ્યો અને બાના કપાળમાં હીરો અડાડીને કંઈ વિધિ કરી. બાને કહ્યું, 'બા, તમે સંકલ્પ કરો.' માજીએ સંકલ્પ કર્યો ને માજીનું શરીર તે દિવસે કે બીજે દિવસે છૂટી ગયું. મોટાનો સંકલ્પ હતો એટલે એ સિદ્ધ થયો.

શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ, બીજી આ., પૃ. ૧૬૯

● ● ●

## પુનર્જન્મની સાબિતી માટે

હિંદુસ્તાનમાં જે જે સંસ્કૃતિઓ પ્રગટી : જૈન, બૌદ્ધ વગેરે, એ બધાંએ પુનર્જન્મને માન્યો, પણ આપણી પાસે સાબિત કરી શકાય એવું કોઈ સાધન નથી. એટલે એ કેવી રીતે માનવી ? એટલે મનાય એવી વાત ના હોય તો માનસશાસ્ત્રની દૃષ્ટિથી વિચારીએ.

● ● ●

## તમામ ધર્મમાં પુનર્જન્મ

બુદ્ધિને એમ થાય કે સાલું બીજો જન્મ છે એની ખાતરી શી ? એ આપણા ઋષિમુનિઓએ પ્રયોગો કરીને આ સાબિત કરેલું છે. જગતના બધા ધર્મોએ, એ ધર્મોના મૂળ પુરુષો એ બધા જ આ માટે સંમત છે, તો કહે ખ્રિસ્તીઓ કાંઈ છે સંમત ? મુસલમાનો તો કંઈ એવું માનતા નથી.

ભઈ, તમે વિચાર કરો. વચલી વાત એણે નથી કહી. આ જન્મે આપણું શરીર ગયું. પછી Day of Judgement (ન્યાય તોળવાનો દિવસ-ખ્રિસ્તી ધર્મની માન્યતા), કયામતનો દિવસ (મુસ્લિમ ધર્મની માન્યતા) આવશે ત્યારે ન્યાય થશે, તેની વાત કરી છે. ત્યારે જાગવાના કે નહિ બધાં ? ત્યારે પુનર્જન્મ છે કે નહિ ? કેસેટમાં છે. ન્યાય થાય તો ભોગવવો પડેને ? ભોગવવાને માટે તો શરીર જ જોઈએ. ત્યાં છે ખરી પુનર્જન્મની વાત. આ તદ્દન સાચી વાત છે.

## પુનર્જન્મ કેમ અને ક્યારે ?

**આપણી આ ભવની પ્રકૃતિની ગતિ અને દિશા જેવા પ્રકારની હોય, તેવા પ્રકારનો આપણો પુનર્જન્મ નિશ્ચિત છે, તે પણ નક્કી.** જે કોઈ જીવને ઉચ્ચ પ્રકારની ઉત્કટ લગની જે કોઈ એક વિષયમાં લાગે, તેવા જીવનો જન્મ વહેલો જ થાય, એટલે કે તુરંત થાય, એવું ગણિતશાસ્ત્ર નથી. કોઈ સ્થૂળ વિષયની બાબતમાં ઉત્કટ લગની લાગે તો તેવાનો જન્મ વહેલો થાય તેમ પણ નથી, પરંતુ વિષયની ઉત્કટ પ્રકારની લાગણી જેટલા પ્રમાણમાં વધારે **સાત્ત્વિક,** તેટલા

પ્રમાણમાં તેનો જન્મ વહેલો થાય, તેવું કંઈક ખરું. **અને આધ્યાત્મિક માર્ગની જેને લગની લાગેલી છે, એવા જીવનો જન્મ બીજા પ્રકારના જીવો કરતાં ઘણો વહેલો થાય છે એવો અનુભવ છે.** બીજા પ્રકારના લોકોને જન્મ લેતાં પહેલાં ઘણું ઘણું અટવાવું પડે છે. તે પ્રકારની મૂંઝવણ, ગૂંગળામણ, અકળામણ અને લોલુપતાની ઉત્કટ દશામાંથી આધ્યાત્મિક માર્ગની લગનીવાળો જીવ વહેલો બચી જાય છે. મતલબ કે તેવી દશામાં તેને પડી રહેવું પડતું નથી, એ એક ઘણો મોટો તેવા જીવને લાભ છે.

• • •

## સૂક્ષ્મ શરીર તો ઘરના ઉંબરા જેવું છે

સૂક્ષ્મ શરીર એ તો કારણ શરીરમાં જવા માટેનો ઉંબરો છે. તેના વડે બહાર પણ જવાય અને અંદર પણ જવાય એટલે ઉંબરો કહ્યો છે. સ્થૂળ શરીર છૂટે ત્યારે સૂક્ષ્મ અને કારણ શરીર સાથે જાય છે. ભગવાનના નામની પ્રવૃત્તિ કે ભાવનામાં વખત ગાળી શકીએ તો એ જાતના સંસ્કાર ચિત્તમાં પડે છે. એ સંસ્કારોનો ઉઠાવ થાય ત્યારે સંસ્કારો સૂક્ષ્મમાં પ્રવેશે છે. આપણા જન્મનો આધાર સૂક્ષ્મ સંસ્કારો પર જ રહેલો છે. એ તો ઘરના ઉંબરા જેવું છે. સંતપુરુષના સંસ્કાર સીધા સૂક્ષ્મ શરીરમાં પ્રવેશે છે અને પછી તેને સ્થૂળ શરીરનાં મનાદિકરણમાં તેવો (પ્રભુભક્તિનો) ધક્કેલો થતો અનુભવાય છે. આમ, સૂક્ષ્મના સંસ્કાર ઉપર નવા જન્મનો આધાર છે.

• • •

## આવતા જન્મની તૈયારી

**સ્વજન :** મારી ઈચ્છા સાહિત્ય જેવા વિષયના પ્રોફેસર થવાની હતી, પણ એનાથી ઊલટી જ દિશામાં ફંગોળાઈ ગયો !

**શ્રીમોટા :** તમારે આવતા જન્મે જે થવું હોય તે વિષયમાં તમે સતત રત રહો, મંડ્યા રહો, એની પાછળ દિલ લગાડી એ જ કામ કરતાં રહો તો તેવા તમે આવતા જન્મે જરૂર બની શકો.

● ● ●

## હું હિંદુ ધર્મમાં અને પુનર્જન્મમાં માનું છું

હું હિંદુ ધર્મમાં માનું છું. હિંદુ ધર્મ પ્રમાણે મરણ પછી આપણે ફરીથી જન્મ લઈએ છીએ, એટલે પહેલાંનો સંબંધ હોય છે ખરો.

આ સુરતમાં લાખો માણસો છે. એ બધાંમાંથી આપણે જ કેમ મળ્યાં ? આપણે આટલાં જ કેમ ? કારણ કે આપણે પરાપૂર્વનો સંબંધ છે. એ તમને યાદ નથી પણ મને બરોબર યાદ છે. ગત જન્મના સંબંધના નિમિત્તે આપણે અહીં મળ્યાં છીએ.

● ● ●

## આપણું જીવન

આપણું જીવન આપણે કેવી રીતે પૂરું કરવું તે આપણા પોતાના જીવનધ્યેય ઉપરથી નક્કી કરી શકીએ. જેને ધ્યેય જ નથી તે અથડાતો કુટાતો આમ તેમ પ્રચંડ દરિયાનાં મોજાંમાં જેમ લાકડાનો ટુકડો મોજાંની સાથે ને મોજાંની વચ્ચે મોજાંથી અથડાયા ને અફળાયા કરે તેવું તેનું (જીવન) થવાનું.

● ● ●

# ખંડ-૫

## કૅન્સરના દર્દીને અભયદાન

(અનુષ્ટુપ)

*નિરંતરે ભજે ભાવે હરિને જે ઊંડું હૃદે,*
*હરિ તેને બધી રીતે સંભાળે છે જ જીવને.*

**– શ્રીમોટા**

### ‘જાણે મોટામાં સમાઈ ગયા !’

શ્રી વ્રજલાલભાઈ (વજુભાઈ) જાની શ્રીમોટાના, ઉચ્ચ શિક્ષણ પામેલા ભક્ત હતા. તેમના વિશે આજીવન હરિજન સેવક શ્રી છગનલાલ જોશીએ* જે લખ્યું છે, તે જોઈએ -

‘મારી સાથે સૌરાષ્ટ્રમાં ૧૯૫૩-’૫૪માં પછાત વર્ગ બોર્ડના મુખ્ય અધિકારી તરીકે શ્રી વજુભાઈ જાની કામ કરતા હતા. તેઓ મોટાના ભક્ત બન્યા હતા. ત્યારે મોટા, આટલા બધા દિવ્ય પુરુષ હશે, એવી કોઈને કલ્પના ન હતી. આજે તો મોટાએ અનેકને તાર્યા છે. વજુભાઈ જાની કમભાગ્યે કૅન્સરમાં સપડાયા. શરીરનું એક પણ અંગ હાલી શકે નહિ. આંખ ઊંચી કરતાં પણ વેદના થાય, એવા દિવસો છેલ્લી અવસ્થામાં તેમને ગાળવા પડ્યા હતા.વજુભાઈ તો ઈશ્વરભજનમાં લીન રહેતા અને અમે તેમનું દુઃખ જોઈ રડતા હતા, પણ વજુભાઈ તો કેમ જાણે મોટામાં સમાઈ ગયા હોય, એવી શાંતિ ભોગવતા હતા !’

આ બધા દાખલા ઉપરથી એટલું તો સમજાય છે કે

---

* સાબરમતી આશ્રમ (અમદાવાદ)માં ૧૯૨૬-’૨૭ની સાલમાં આશ્રમના સેક્રેટરી અને ત્યાર બાદ હરિજન સેવક સંઘના પીઢ કાર્યકર.

સંતાત્મામાં 'હળી, મળી, ભળી, ગળી' ગયેલાઓ કેટલી શાંતિથી છેલ્લા 'રામ રામ' કરી શકતા હોય છે !

● ● ●

(અનુષ્ટુપ)

*દુ:ખ એ તો પ્રસાદી છે પ્રભુના ઘરની મળી,*
*સ્વીકારી વ્હાલથી જે લે ધન્ય તે તો થશે નકી.*

'જીવનપગલે', ચોથી આ., પૃ. ૬૧

● ● ●

## કૅન્સરના દર્દીને પત્રો

અગાઉ જેમનો ઉલ્લેખ થયો, તે પૂજ્ય શ્રીમોટાના મિત્ર અને સાધક શ્રી વજુભાઈ જાની, કૅન્સરના અસાધ્ય રોગમાં સપડાયેલા. તેમને અને તેમનાં પત્ની શ્રીમતી જયાબહેન જાનીને ૧૯૫૫, ૧૯૫૬ અને ૧૯૫૭ દરમિયાન પૂજ્યશ્રીએ લખેલા પત્રોનો સાર :-

### શરીર એ જીવન નથી

**કૅન્સરના હાઉથી આપણે ભડકવાની મુદ્દલે જરૂર નથી. હરિસ્મરણમાં જીવતા થવા કાજેનો આ એક પ્રેરણાત્મક ધક્કો છે.** વજુભાઈનું શરીર જવાનું હોય કે નહિ, તોપણ બિલકુલ શોક જ થાય નહિ એવી પાકી જીવતી તૈયારી કરવી જોઈએ. ખરું જીવન તો તે પછીની દશાનું જ ગણાય છે અને તે (આધ્યાત્મિક વિકાસ) હરિસ્મરણમાં લગની પ્રગટ્યા વિના કદી શક્ય નથી.

*જિજીવિષાની ભાવનાને જરા પણ મોળી પડવા ના દઈશ. જીવનની હારમાળા અનંત છે. તે તૂટક નથી. શરીર એ જીવન નથી. જીવનની અનંતતાના અનુભવ માટે શરીર જરૂરનું છે અને તેથી શરીરનું મહત્ત્વ ઘણું છે.

---

* જીવન જીવવાની ભાવના

જીવનની પાછળ પણ કશુંક છે અને આગળ પણ કશુંક છે. જમીનમાં બી વવાય છે ત્યાર પછી તેમાંથી જીવન ફૂટે છે, પરંતુ બીજનું પણ પહેલાં જીવન હતું. એટલે શરીરની ઝાઝી હાયવોય કરવાની ના હોય.

## દુર્લભ માનવશરીર

શરીરને હું તો ઘણું ઘણું મહત્ત્વ આપું છું. ચેતનના અનુભવ કાજે શરીર મહત્ત્વનું છે. માનવશરીર વિના તેવો અનુભવ શક્ય નથી. માનવીપણાનાં આવાં કેટલાંય શરીર, અસંખ્ય શરીર-ખોળિયાં, પછીથી પ્રભુકૃપાથી કોઈક જ શરીરધારી જીવથી પ્રભુને ખોજવાનું બની શકે છે. તેમાંય એવી ખોજ કરવાવાળાંમાં ભાગ્યે જ કોઈકને સાચી ધગધગતી તમન્ના વળગેલી હોય છે. એવી તમન્નાવાળાંમાંથી કોઈક તેને (ઈશ્વરને) અનુભવી શકે છે. તેથી, આવું માનવશરીર દુર્લભ ગણેલું છે.

શરીરને જવાપણું તો રહેલું છે, તે હકીકત છે. તેમ છતાં તે સાથે સાથે શરીરની પણ સળંગતા અને સમગ્રતા એકધારી કદી તૂટી જતી નથી હોતી અને તેથી તો શરીરનો ફરી જન્મ થવો શક્ય હોય છે.

## મોટામાં મોટો ધર્મ

**એની (શ્રીહરિની) કૃપા તો શુભઅશુભ બન્નેમાં સમાયેલી છે.**

આપણને કંઈક અમૂંઝણ થાય, શોક, દિલગીરી થાય, મુશ્કેલી થાય કે એવું કંઈ થાય ત્યારે પ્રાર્થનાનો આશરો લઈ શકાય અને સંગ્રામ (તે કાજે) જીવનનો મોટામાં મોટો ધર્મ છે.

રોગ અને શત્રુ રાતે વધે, એવી એક કહેવત છે, તે કેટલેક અંશે સાચી પણ છે.

રોગ આવેલો છે તે ચેતવવા, જગાડવા માટે...હવે જાગી જાવ. જાગીને જીવવાનું છે. એનું સ્મરણ કર્યા કરજો.

**તો દુઃખ અને કાળ ટૂંકાં થાય છે**

**જે દુઃખને નિશ્ચિંતતાથી અને પ્રેમથી ભગવાનની કૃપા ગણીને આપણે વેદીએ છીએ, તે દુઃખ અને તેનો કાળ બન્ને ટૂંકાં થઈ જાય છે.** આપણે ગળિયા બળદ થઈ જવાનું નથી. જીવદશાવાળા શરીરને મુખ્ય આધાર ગણે છે. જોકે અમારા માટે તો એકલું શરીર આધાર નથી, માંહેલો પણ આધારરૂપ છે. આપણે માંહેલાને ખરેખરું મહત્ત્વ આપ્યું નથી અને શરીરને મહત્ત્વ આપ્યું છે. એટલે જ બધી મોકાણ છે. મૃત્યુનો ડર કે શોક ના હોય. ખરેખર તો આપણે હૃદયના ઉમળકાભેર તેના સ્વીકાર માટેની ઉત્કટ તૈયારી કરવી જોઈએ.

**'મારી સાથે નિશ્ચિંત રહેવાનાં'**

જત, ગઈ કાલથી તારા વિચાર વારંવાર આવ્યા કરે છે, તેમ તેમ સ્મરણને પ્રેમભક્તિભાવે પ્રાર્થનાથી પ્રભુનાં ચરણકમળમાં સમર્પણ કર્યા કરું છું.

**પ્રભુકૃપાથી મળેલાંની સાથે જે પ્રેમ કરેલો છે, તે પ્રેમના પ્રતાપના ભાવ વડે કરીને મને એટલી ખાતરી થઈ ગયેલી છે કે તે જીવનો સાથ મારી સાથે નિશ્ચિંત કાયમ રહેવાનો છે. તેમાંથી કોઈ સ્વજન છટકી શકે તેમ નથી. ગમે તે કોઈ સ્થિતિમાં તમને મારી સાથે રાખ્યા વિના, પ્રભુકૃપાથી મને જંપ વળવાનો નથી, તે નક્કી જાણજો.**

મૃત્યુના ડરને કદી પણ ના સેવવો અને જિજીવિષાની ભાવનાને મુદ્દલે મોળી પડવા દેવી નહિ. જવાનું તો શરીર

છે. શરીરની અંદર જે રહેલું છે, તે તો જઈ શકવાનું નથી.... માટે શાંતિ, પ્રસન્નતા, ધીરજ જેટલી જળવાય તેટલી ઉત્તમ.

• • •

(ગઝલ)

*'પ્રભુનું નામ લીધા તે, સતત કરજો હૃદયમાંહે,*
*પ્રભુ સારું બધું કરશે, હૃદય વિશ્વાસ ધરજો તે.'*

'જીવનપાથેય', ચોથી આ., પૃ. ૧૫૮

• • •

## પત્રો

### મૃત્યુને આવકાર

પ્રિય બહેન, તા. ૨૭-૭-૧૯૫૭

દુઃખ આવે છે ત્યારે ચારેબાજુથી આવે છે. માટે, એ તો ધીરજથી, પ્રેમથી, શાંતિથી તેને સહેવાનું છે. રિબાઈ રિબાઈને મરવામાં માણસાઈ નથી. રિબાઈ રિબાઈને તો કોણ મરે ? આપણે મૃત્યુને તો હર્ષથી સ્વીકારીને વધાવવું છે. અથવા **'મૃત્યુ મરી ગયું રે લોલ'** એવું કોઈક કવિનું ગીત છે. એમ આપણે તો હરિકૃપાથી જીવવું છે. માટે, કૃપા કરજો. કૃપા કરજો.

### અનંત જીવન

મારા વહાલા, તા. ૨-૮-૧૯૫૭

પ્રભુ તારા દિલમાં હરિસ્મરણની ભાવના જીવતી રાખે એટલી જ પ્રાર્થના છે.

કૃપા કરીને જિજીવિષાની ભાવના તો અખંડ અને સમગ્રપણે પ્રત્યેકમાં રહેલી જ હોય છે. તે તોડી તૂટી શકતી જ નથી અને તેથી તો જીવનની અનંતતા ટક્યા કરે છે.

**શરીરનો અંત તે કંઈ જીવનનો અંત નથી.** શરીરના અંતથી પુનર્જીવનની નવી શક્યતાઓમાં પ્રવેશવાનું બનતું હોય છે. આપણે જૂનું વસ્ત્ર ઉપયોગમાં લેતાં નથી અને નવું ધારણ કરીએ છીએ, તેના જેવું જીવ પણ કરે છે, એવી સહજ રચના છે. જે કામ હવે આ શરીરથી થઈ શકે તેવું નથી હોતું, તે નવા શરીરથી થવાનું છે. હરિસ્મરણની ભાવના દઢાવવાનું કર્યા કરશો તો મારા ઉપર પરમ ઉપકાર થવાનો છે.

## મૂંઝવણમાં શું કરવું ?

પ્રિય બહેન, તા. ૮-૮-૧૯૫૭

મારો આધાર હવે તારા ઉપર છે. માટે, કૃપા કર. **હિંમત રાખી, ધીરજ, શાંતિ પકડીને સેવા કરજે. રડીશ કરીશ નહિ, તો જ મારી લાજ રહે.** તું પ્રેમથી સ્થિર ચિત્તે શાંતિથી હરિસ્મરણ કરતાં કરતાં જે કરીશ તે એક યજ્ઞ છે. તારે જે કહેવું હોય તે પ્રાર્થનાથી એને (ઈશ્વરને) નિવેદન કરી શકાય.

## નિરાશામાં આધાર

પ્રિય ભાઈ, તા. ૨૯-૮-૧૯૫૭

આપણાં બધાંની લાજ રાખવાવાળો તો તે હજાર હાથવાળો ધણી છે. ધીરે ધીરે ખાવાનું પણ ઓછું થતું જાય છે અને અશક્તિનો વધારો થયે જ જાય છે. એટલે હવે મને લાગે છે કે વધારે વાર થવાની નથી. માટે, નિશ્ચિંત થવું. **જીવનમાં સંપૂર્ણ નિરાશાથી શરીરને છોડવું એ હિતાવહ નથી,** પરંતુ માનવીને કહેલું કંઈ થોડું જ બધું ગળે ઊતરતું હોય છે ! ભગવાનની કૃપાનાં લક્ષણ પ્રત્યક્ષ જીવનમાં વર્તાતાં હોવા છતાં, જે જીવને નિરાશાનો પાર નથી તેવા જીવને શું કહેવું અને શું કથવું ? **અમનેયે સોબત તો મરદની ગમે છે.**

## બીમારની ખબર પૂછવાનો રિવાજ

પ્રિય બહેન, તા. ૧૩-૯-૧૯૫૭

તારા પતિની સારવારમાં અને સેવામાં આપણા તરફથી કંઈ પણ કશા પ્રકારની કમી ના રહે તેની તો ઘણી ઘણી કાળજી રાખવી. આપણે ત્યાં કોઈ આવે-જાય એટલે એના શરીરની સેવામાંથી આપણું લક્ષ જરાકે ઘટવું ન જોઈએ. તેના તરફનું ખૂબ ખૂબ મહત્ત્વવાળું આપણું ધ્યાન સદાય તેનામાં ચોંટેલું રહે એ ઘણું જરૂરનું છે.

માંદગીની વેળાએ આપણામાં જોવા જવાનો જે રિવાજ છે, તેની પાછળનો હેતુ તો આપણને તે લોક ઉપયોગી થઈ પડે અને મદદમાં આવે તે હતો અને છે. આજે અમદાવાદમાં જ્યાં ત્યાં હું જોઉં છું કે માંદગીના ઘરવાળાએ આવનારની ઊલટી વધારે દેખરેખ રાખવી પડે છે. ચાપાણી કરવાં પડે છે, નહિતર કહેશે કે અમારો ભાવ પણ ન પૂછ્યો. **તારા પતિને જોવા આવવા ત્યાં આવવાને માટે મારી કોઈ સલાહ પૂછે તો હું તો ઘસીને ના પાડું. એને માટે જેને ખરેખરો દિલનો સાચો પ્રેમ હોય તે દિલમાં દિલથી એને માટે પ્રાર્થના કરે. લાગણીનો તે સાચો ઉપયોગ છે.** કોઈ આપણને જોવા આવતું નથી, એવું તો આપણને કદી થવાનું નથી અને ઓછું આવવાનું પણ નથી, ઊલટું તેથી કરીને એવી સેવામાં આપણે વિશેષ એકધારાં ટકેલાં રહી શકીએ, જેની હાલમાં ઘણી વધારે જરૂર છે.

## છેવટની ઘડી

પ્રિય ભાઈ તથા બહેન, તા. ૨૦-૯-૧૯૫૭

એનું ધાર્યું થવાનું છે, Let Thy will be done

(ઈશ્વરની ઈચ્છા મુજબ થવા દો) એવો જ્ઞાનભક્તિપૂર્વકનો શરણાગતિનો આશરો આપણે કેળવવાનો છે. જેને શ્રીભગવાન ઉપર પૂરેપૂરાં શ્રદ્ધા અને વિશ્વાસ છે, તે તો જે કાંઈ મળે તેને પ્રસાદી તરીકે પ્રેમથી સ્વીકારે છે.

## કલ્યાણકારક રીત

પ્રિય બહેન, તા. ૨૫-૯-૧૯૫૭

કોઈ પણ સંજોગોમાં તારે ગભરાઈ ન જવું. હૈયે પૂરતી ધીરજ રાખવી અને પાકી હિંમત દૃઢાવજે અને કોઈ જાતની ચિંતા કરવી નહિ. ખરી લાગણી તેનું નામ જે આપણું પ્રિય હોય તેની જ રીત આદરવી. લોકોની પેઠે **ડળક ડળક આંખમાંથી આંસુ પડે તે કંઈ લાગણીનું સાચું સ્વરૂપ નથી.** આપણે તો એની સેવામાં એકતાર લાગી જવું. આપણી સેવાથી એને પૂરતો આત્મસંતોષ થાય તો જ આપણી સેવાનું સાચું મૂલ્યાંકન ગણાય. એટલે આપણે એની સેવામાં કોઈ જાતની કમી ના રહે તે જોવું અને એની સેવામાં લગાતાર રહ્યા કરવું.

## અપાર કૃપા

પ્રિય ભાઈ તથા બહેન, તા. ૨-૧૦-૧૯૫૭

પ્રભુકૃપા અપાર છે. માત્ર, શરીરની બાબતમાં આપણે માગીએ અને ઈચ્છીએ તે રીતે ફળતી આપણને લાગતી નથી એટલું જ. તેમ છતાં જીવનની બાબતમાં તે કામ પણ લાગતી હોય.

## સ્વજનના મૃત્યુટાણે પ્રાર્થના

પ્રિય ભાઈ તથા બહેન, તા. ૨૨-૧૦-૧૯૫૭

**પ્રભુકૃપાથી મળેલાં સ્વજનના શરીરના મૃત્યુકાળે મતિગતિ**

**શ્રીપ્રભુનાં ચરણકમળમાં જ પ્રગટે એવી મારી પ્રાર્થના એને (ઈશ્વરને) હંમેશાં થયા કરતી હોય છે.** આ હકીકત પણ પ્રયોગસિદ્ધ છે. નંદુભાઈની બાને મરણટાણું પ્રગટેલું. બે કલાક સુધી નાડી પણ ડૉક્ટરોને હાથ આવતી ન હતી અને ત્રણ ડૉક્ટરોની કમિટી બોલાવેલી. તેમના શરીરની એવી ગંભીર સ્થિતિ હતી, તેવી વેળાએ પણ એકમાત્ર હરિનું સ્મરણ તે કર્યા કરતાં હતાં અને તે પણ મોટેથી. ડૉક્ટરને પણ નવાઈ લાગતી હતી કે તેમના શરીરની આવી ગંભીર હાલતમાં તેઓ આવી રીતે બોલી શકે છે કેવી રીતે ? **એટલે ભઈલા, તું નિશ્ચિંત થજે. શરીરથી તારાથી દૂર હોવા છતાં મારું દિલ તારામાં છે અને તારી ભાવના-તારા દિલની ભાવના-ભગવાનમાં પ્રગટ્યા કરે એ જ મારું તો ધ્યેય છે.** તારા શરીરની સ્થિતિ અને તેનું દર્દ જોતાં કોઈ પણ માનવીથી તારી જેમ ટકી શકાવું શક્ય નથી. શ્રીભગવાનની કૃપાનો તને જરૂર સાથ છે.

બહેનને માલૂમ થાય કે એની સાચી રીતે સેવા કરવાનો આ જ ખરો કાળ છે અને હવે જ ખરેખરી હિંમત પકડવાની છે. કોઈ પણ રીતે તેને ઓછું આવવા દેશો નહિ અને તેને જેમ સરળતા અને શાંતિ રહે તેમ વર્ત્યા કરશો.

## મૃત્યુની પળનું આગમન

પ્રિય ભાઈ તથા બહેન, તા. ૨૬-૧૦-૧૯૫૭

પુનઃસર્જનના નવજીવનના વિકાસ માટેની અલગ શરીરની ખરેખરી પળ આવી ચૂકેલી છે. પળ ચૂકે તે બધુંય ચૂકે. માટે, આપણે હવે તો આ ગાળો પ્રભુકૃપાથી ઘણી ખબરદારીથી, હિંમતથી અને પરાક્રમથી ચેતવાનો છે. અંતરની જાગૃતિ એ જ જીવનવિકાસનો પાયો છે. પ્રભુકૃપાથી એને

ટકાવજે. શરીર તો એવી જાગૃતિ પ્રગટાવવા માટેનું એક સાધન છે. શરીરના કરતાં અંતરનાં સાધનોનું બળ કેટલાયગણું મોટું હોય છે અને એ બળ જ અત્યારે કામ આપી રહેલું છે. હવે શરીરની પળો નજીક છે. માટે, કૃપા કરીને અંતરમાં જાગૃત રહીને ચેતજે.

*(પૂજ્ય શ્રીમોટાના સ્વજન મિત્ર ઉપરનો તેઓશ્રીનો આ છેલ્લો પત્ર છે. સ્વજનના દેહવિલય બાદના પત્રો તે સ્વજનની પત્નીને ઉદ્દેશીને લખ્યા છે, તેનો સારભાગ અત્રે પ્રસ્તુત છે.)*

**સદાનો સાથી**

પ્રિય બહેન, તા. ૧૧-૬-૧૯૫૮

**કૃપા કરીને અમને તારા દિલમાં રાખવાને જો જીવતો પ્રયત્ન પ્રેમભક્તિપૂર્વક કરશે તો 'મોટા'નો સાથ તને મળતો તું પ્રત્યક્ષ અનુભવી શકીશ અને તને કદી એકલું એકલું નહિ લાગે એની ખાતરી તને પ્રભુકૃપાથી આપી શકું છું.**

હવે તો આપણે 'મોટા'નામાં જ દિલ પરોવવાનું છે. ભગવાનનું સ્મરણ કર્યા કરજે. તને એકલું લાગે છે, એવું તું લખે છે. તેથી, અમને લાગી આવે છે પણ તું હિંમત રાખજે.

• • •

પ્રિય બહેન, તા. ૪-૭-૧૯૫૮

જેટલું જીવવાનું હોય તેટલું શાંતિથી પ્રસન્નતાથી જીવીએ તો તેમાં શ્રેય છે. શરીર માંદલું ભલે રહે અને હોય, પણ જેનું મન માંદલું તેનું જ જીવતર રંડાયું એમ જાણજે.

તું એકલી છે એમ કદી માનતી નહિ. તારા શરીરની હવે તો બરાબર તારે જ સંભાળ રાખવાની છે.

• • •

પ્રિય બહેન, તા. ૨૩-૭-૧૯૫૮

શરીરના દરદથી આપણને અકળામણ થાય ખરી પણ એ અકળામણને જો ટકવા દઈએ તો તો તે આપણને બુડાડી જ દે. એટલે તેવી વેળાએ પ્રાર્થના કે નામસ્મરણ કરવાનું રાખે છે, તે ઘણી સારી વાત છે.

## રોગ પ્રેમથી ભોગવો

પ્રિય બહેન, તા. ૧૮-૮-૧૯૫૮

કુદરતની એવી કૃપાશક્તિ છે કે દુ:ખ કે રોગની સામે તને સહનશક્તિ પણ એ પ્રેર્યા કરે છે. કોઈક બૂમો પાડે, ત્રાડો પાડે, કોઈક કંટાળે, કોઈક રિબાય અને કોઈક શાંતિથી પડી રહે, તે તે બધાંયને તે તે રીતે સહન તો કરવું જ પડે છે. એટલા કાજે જ હું કહું છું કે જે ભોગવવું પડે તે પ્રેમથી, શાંતિથી અને ધીરજથી ભોગવવાનું કરીશું, તો તે ઊગી નીકળવાનું છે. બબડવાથી અને ત્રાસવાથી, કંટાળવાથી તો દુ:ખ દર્દ બેવડાય છે, ત્રેવડાય છે તે નક્કર હકીકત છે. હરિના સ્મરણ વિના બીજા કશાથી ઊગરવાનો આરો નથી.

• • •

## દુ:ખને આશીર્વાદ ગણજે

મેં એક બહેનના પતિ ગુજરી ગયા ત્યારે લખ્યું છે કે, દુ:ખને આશીર્વાદ ગણજે, કેમ કે વિકાસની શક્યતા દુ:ખમાં છે. સ્ટ્રગલમાં છે, સંગ્રામમાં છે-સુખમાં નથી-આ વાતનો ખ્યાલ જ નહિ આવે. બહુ ઓછા લોકો સમજે છે કે દુ:ખમાં, મુશ્કેલીમાં, આપત્તિઓમાં, ગૂંચોમાં, સંઘર્ષણોમાં જેટલો માણસ

જાગૃત રહે તેટલો તેનો વિકાસ થાય. પણ જાગૃતિ પર આધાર છે. દુઃખમાં માણસ જડ રીતે દબાઈ જાય તો નકામું. **દુઃખ કોઈ પણ માણસને જગાડવા માટે છે.** એમાં જે જાગીને પુરુષાર્થ કરે છે, ઉપર આવવાનો એનો વેગ કંઈ ઓર હોય છે.

● ● ●

## દુઃખ સાધના કરાવે છે

ભગવાનના નામની મસ્તી અને તેની ધૂન અને તેનો નશો એ કોઈ ઓર પ્રકારના હોય છે. મીરાં ભગત થઈ ગઈ, તેની વિટમણાઓ આગળ આપણી વિટમણાઓ કશી વિસાતમાં નથી. અનેક સંતભક્તોએ અત્યંત કઠણાઈમાં પોતાનું જીવન વિતાવ્યું છે, પરંતુ તેમણે તે અંગે કોઈને ફરિયાદ સરખી પણ કરી નથી. ઊલટું કુંતામાતા જેવાંએ તો રાજમાતા હોવા છતાં અને જંગલોમાં અનેક પ્રકારની વેદનાઓ અને કષ્ટો સહન કરવાં છતાં, શ્રીભગવાન પાસે દુઃખ જ માગ્યું કે જેથી કરીને એનું પ્રિય નામસ્મરણ જીવતું રહી શકે. ધન્ય છે એવા આત્માઓને ! એવા આત્માઓની આગળ આપણે બધાં તો ખાલી આળપંપાળ છીએ.

આપણને કશી વિટમણાઓ નથી, ગૂંચ પણ નથી, ત્રાસ પણ નથી અને મુશ્કેલીઓ પણ નથી તો પછી દુઃખ તો હોય જ શું ? નામસ્મરણ ભલે શુષ્કતાથી થતું લાગે તોપણ લીધા કરવું. સંતોષકારક ન થતું લાગે ત્યારે આપણું મન બીજી કોઈ બાબતમાં ભેરવાઈ પડેલું છે, એમ સમજવું.

● ● ●

**અભયવચન**

**બાકી તો આપણે જીવનમાં સાથે હોઈએ કે ન હોઈએ, તોપણ તમે બન્ને મારાં વહાલુડાં સ્વજન છો જ અને રહેવાનાં જ છો. બ્રહ્મા પણ તે સગપણને છેદી શકે તેમ નથી.**

'જીવનપાથેય' પાંચમી આ., પૃ. ૬૨

● ● ●

## જીવન મોહથી રંગાયેલું છે.

(અનુષ્ટુપ)

પોતાનું સર્વ માન્યું જે સાથે તે આવવાનું ના,
છતાં તેમાંથીયે **મોહ** કેમે કૈં છૂટતો જ ના,

સંસાર મૂકીને સર્વ ચાલ્યા જવાનું છે ખરે,
છતાં સંસારનો **મોહ** મુકાતો કોઈથી ન તે.

'મોહ' પ્રથમ આ., પૃ. ૮૪/૮૫

ઘર, લક્ષ્મી, ઘરેણાં સૌ બાળ, બચ્ચાં બધાંયને,
-સંસારાદિ વગેરેને છોડી જવાનું આપણે,

ખાલી હાથે જ આવેલા જવાનું ખાલી હાથ છે,
મનથી છોડી દેવાનું છતાં ના દિલ થાય છે.

'મોહ' પ્રથમ આ., પૃ. ૧૦૦

કેવો આખોય જન્મારો **મોહાવેશ** વિશે વીતે !
છતાંયે કોઈની આંખ **મોહ**થી પાછી ના વળે.

લઈને જન્મની સાથે **મોહ** તો જીવ જન્મતો,
પાછો લઈ જતો **મોહ**ને મૃત્યુની પછી.

'મોહ' પ્રથમ આ., પૃ. ૮૭

❑

# ખંડ-૬

## મૃત્યુ કોઈના હાથની વાત નથી

(ગઝલ)

*પ્રભુના કોપમાં ભારે અનુકંપા દયા, પ્રેમ,*
*જગજ્જન ના શકે સમજી પ્રભુની શી હશે નેમ !*

*પ્રભુના વિશ્વની રચનાતણો કંઈ ખેલ ન્યારો છે,*
*ઘડીમાં તે રડાવે છે, ઘડીમાં તે ખિલાવે છે.*

'જીવનપગલે', ચોથી આ., પૃ. ૫૩

● ● ●

## પૂજ્ય શ્રીમોટાનો પત્ર

(શ્રી દોરાઈસ્વામી, જે શ્રીઅરવિંદના અંગત સ્નેહી અને પ્રેમી હતા, તેમના દીકરાનું યુદ્ધમાં અવસાન થયા પછી પૂજ્ય શ્રીમોટાએ તેમને લખેલો પત્ર.)

પ્રભુની રચનામાં જે ભયંકરમાં ભયંકર લાગતું હોય તે પણ તેના વિકાસના હેતુ અર્થે જ થતું હોય છે. ભારતના સમગ્ર સમાજના ઘોર તામસયુક્ત જીવને જગાડવા, ઉઠાડવા માટે એવી ભયંકર મુસીબતો, વિઘ્નો, મુશ્કેલી, આફતો, દુઃખ આવું બધું અનિવાર્ય છે. **ભગવાન આપણું કલ્યાણ કેવી રીતે કરવા ચાહે છે, તેની આપણને કશી જ ગતાગમ નથી હોતી.**

પ્રભુ પર ભલેને શ્રદ્ધા વિશ્વાસ કોઈને જરા પણ ન હોય, તેમ છતાં પ્રભુ કાંઈ થોડો જ તેને છોડી દેતો હોય છે ? જીવન કાંઈ હાલ જેટલું અને જેવું છે તેટલું જ હોય છે એવું કશું નથી. જીવન તો પહેલાં પણ હતું, એ હવે પણ છે અને પછીથી પણ હોવાનું

જ. જીવનનાં અનંત પાસાં છે. અને તે પ્રત્યેક પાસામાં એનાં દર્શનનો, તેનો અનુભવ થવાની આવશ્યકતા રહેતી જ હોય છે. સોનાનો કે લોઢાનો આકાર ઘડવાને કાજે એને ભયંકર ગરમીમાંથી પસાર થવું પડે છે અને એને ભારેમાં ભારે હથોડાના ઘા એરણ પર સહેવા પડે છે. એવી એની સ્થિતિ તે પણ તેની ઘડાવાની જ ભૂમિકા હોય છે, પરંતુ તેનું આપણને જીવતુંજાગતું ભાન પ્રકટેલું હોતું નથી. આપણને જીવનની કારમામાં કારમી નિરાશાવાળી દશા પ્રકટે છે, તેવી દશામાં ક્યાંય કોઈ પણ દિલાસો દિલને ખપમાં લાગતો હોતો નથી. દિલ દિલથી દિલમાં સાવ નોધારું એકલું એકલું થઈ જતું હોય છે અને ત્યારે જીવન એક બોજારૂપ પણ કેટલાંકને લાગે તે સ્વાભાવિક છે.

પ્રત્યેક જીવની જેવી સમજણ તે તે કાળે જે તે પ્રમાણેની પ્રવર્તતી હોય છે, તે તે પ્રકારની સમજણ તેના જીવનના આગળના તબક્કામાં તેવી ને તેવી જ પ્રવર્તતી હોય છે એવું કશું નથી.

કુદરતના કાયદામાં પ્રત્યેકમાં ફેરફાર હોયા જ કરે છે. ફેરફાર એ તો એનો સનાતન કાયદો છે. આ ફેરફાર દ્વારા જ કુદરત જેને તેને ઘડતી હોય છે. જગતમાં કશું પણ ફેરફાર પામ્યા વિના રહી શકતું નથી. અંધકાર ગમે તેવો ગાઢ હોય છે, છતાં પ્રકાશ ફરી પ્રકટવાનો જ હોય છે, એટલું જ નહિ પરંતુ ગાઢ અંધકાર હોય છે જ, પરંતુ તે પ્રમાણે તે પરખાતું હોતું નથી. તે પ્રકાશ પરખાતો હોતો નથી. તેમાં કંઈ પ્રકાશનો દોષ હોતો નથી. આપણે પ્રકાશ પરત્વે જ્ઞાનભક્તિપૂર્વક સ્વીકાર અને સભાનતાની ભૂમિકાવાળાં હોતાં નથી.

પ્રત્યેક જીવની જે જે કાળે જે જે સમજણની સ્થિતિ પ્રકટે તેમાંથી જો મુક્ત થવાની એને અદમ્ય પ્રેરણા જાગે તો તેવી સમજણની દશામાંથી પણ તે પ્રભુકૃપાથી મુક્ત જરૂર થઈ શકે.

નહિતર તો માનવી તેવી ને તેવી દશામાં પડ્યો જ રહ્યા કરવાનો અને જે ઊઠે જ નહિ, જાગે જ નહિ, જે જાગી ઊઠી મથે જ નહિ, તેને તો કોણ ઉઠાડી શકે અને જગાડી શકે ! પ્રભુ તો સદાકાળ આપણી સાથે જ રહેલા હોય છે અને આપણા જીવનમાં તે ઓતપ્રોત વણાયેલા જ હોય છે.

સમગ્ર સમાજને તેવી જ રીતે વ્યક્તિને પણ તે તેને ઘડવાની પ્રક્રિયામાં હોય છે.

સમાજના જીવનમાં જ્યારે જ્યારે ઘોર તામસ પ્રવર્તેલું રહ્યા કરેલું હોય છે, તે તે પોતે જ્યારે આળસ મરડીને બેઠો થઈ શકતો નથી ત્યારે ત્યારે કુદરત તેવા સમાજને પારાવાર મુશ્કેલીઓ, ઘોર વેદના, દુઃખો, કૉયડાઓ વગેરે જીવનમાં પ્રેરાવી પ્રેરાવી તેને જાગ્રત કરવાને મથે છે. તેવી જ રીતે વ્યક્તિનું છે.

કોઈ પણ શરીરધારી ચેતનાત્મક આત્મા સાથે કોઈ અકળ એવા કારણથી પ્રભુકૃપાથી કોઈ પણ રીતે મદદકર્તા થઈ પડ્યા હોઈએ છીએ તો તેવું આપણા જીવનમાં ઊગી નીકળ્યા વગર રહી શકતું નથી. આપણે જ્ઞાનભક્તિપૂર્વકનો સ્વીકાર અને સભાનતાની ભૂમિકાવાળાં જો નથી હોઈ શકતાં તો તેથી કરીને પણ તે બેઠો નથી રહી શકતો. એ તો જીવનમાં અનેક ઊથલપાથલો કરાવ્યા જ કરવાનો. એની જગાડવાની, બેઠા કરવાની અને મથાવવાની રીત એની પોતાની આગવી અને સ્વતંત્ર હોય છે. જે આપણી સમજણના ચોકઠામાં બરાબર બંધબેસતી ના હોય, તેથી કરીને કંઈ પણ યથાર્થ નથી એમ તો નહિ જ કહી શકાય. એકવાર આપણાં પાનાં જો એવાની સાથે પડી ચૂક્યાં અને આપણે ગમે તેટલા ભલેને હાલીએ ચાલીએ નહિ અને ભલેને ઘડીવાર એમ માની લો કે એનાથી વિમુખ થયેલાં હોઈએ તોપણ તે તો તેનું કામ કર્યા જ કરવાનો છે. તે તો અનેક

પ્રકારના જુદા જુદા આઘાતો પ્રેરાવી પ્રેરાવીને અંતરની ભૂમિકાને જાગ્રત કરવાને મથ્યા કરવાનો જ છે. તે પ્રભુકૃપાથી આપણી અજાણમાં પણ આપણને કોઈ ને કોઈ રીતે મથાવ્યા કરવાનો છે. આવા પ્રકારના અંધકારને સકળ આધારને પણ ઊથલપાથલ કરી મૂકે એવા પ્રસંગો પણ જીવનમાં પ્રકટવાના જ છે. જ્યાં સુધી આપણે તેને જ્ઞાનભક્તિપૂર્વક ભાવથી પ્રત્યુત્તર આપતાં નહિ થઈ શકીએ, ત્યાં સુધી આવી પ્રકટેલી પ્રક્રિયાને હવે આપણે કોઈ ઉપાયે થોભાવી શકવાનાં નથી. આવું બધું આપણને રુચે કે નહિ તોપણ આપણી રુચિ કે અરુચિનો પ્રશ્ન રહેતો નથી.

ઘણી વાર તો તે **માનવીને દુઃખના ગર્તમાં નાખીને પણ ઘડતો હોય છે. ઘણી વાર આઘાત પ્રત્યાઘાત પ્રેરાવીને પણ ઘડી શકે છે. આવા ચેતનનિષ્ઠ-ચેતન પામેલા શરીરધારી આત્મામાં આપણા હૃદયના જ્ઞાનભક્તિપૂર્વકનાં હેતુમૂલક શ્રદ્ધા, વિશ્વાસ જો જીવતાંજાગતાં પ્રકટી ગયાં હોય તો તેવા જીવનું કલ્યાણ નિશ્ચિત છે.**

● ● ●

**‘પ્રભુ કઈ રીતે કૃપા કરે છે કે કરશે તે તો આપણે જાણતાં નથી, પણ એ જે કંઈ કરે છે તે કૃપા જ છે એટલું જાણતાં આવડે, એટલી શ્રદ્ધા દૃઢ થાય તો મનની શાંતિ ને આનંદ સ્થિર થાય.’**

● ● ●

(ગઝલ)

*ઘડાવાને માટે પરિસ્થિતિ મળે સર્વને વિશ્વમાંહે,*
*થતું એ હેતુનું નિજ હૃદયમાં ભાન કો ધન્ય વેળે,*

‘જીવનપગલે’, ચોથી આ., પૃ. ૪૫

● ● ●

## મૃત્યુ પછી દેહદાન વિશે

**સ્વજન :** મોટા, કેટલાક માણસો પોતાના મૃત્યુ પછી દેહદાન કે ચક્ષુદાન કરવાનું કહેતા હોય છે, તો તે વિશે આપનો શું મત છે ?

**શ્રીમોટા :** એક રીતે ખોટું નથી. સારી આંખો જરૂરતવાળાંને મદદરૂપ થાય, પણ કોઈએ દેખાદેખીથી એવું કરવું ઠીક નહિ, કેમ કે ગત જીવને તેના દેહની થતી કાપકૂપી જોઈને બહુ દુઃખ થતું હોય છે. જે ખૂબ મક્કમ મનવાળો હોય, ભાવવાળો હોય અને સેવાનો આદર્શ પોતાની સમક્ષ રાખીને એવાં દાન કરવાની જાહેરાત કરી હોય, તો તેનો વાંધો નહિ.

## સ્વજનના મૃત્યુ પછી સ્થૂળદાન

**સ્વજન :** જીવાત્માના ગયા પછી તેના શ્રેયાર્થે તેનાં સ્વજનો પુણ્યદાન કરે, તો ગત જીવનું શ્રેય થાય ?

**શ્રીમોટા :** ના, જીવતાં તેના હાથે જે થાય અને તે કરે તો તેનું જ પુણ્ય તેને મળે. મૃત્યુ બાદ તેના નામે થતાં દાનથી ગત જીવને કશો લાભ થાય નહિ, પણ એક બીજી વાત ખરી છે કે દેહાવસાન પછી તેર દિવસની અંદર મરનારની સ્મૃતિને સતેજ રખાઈને જો કાંઈ પુણ્ય, સત્કાર્ય તેના અર્થે થાય તો તેની સભાનતા-જાણ તે ગત જીવને થાય ખરી. તેને સંતોષ થાય તેટલું જ. બાકી, તેવાં થતાં દાનથી તેની (ગત જીવની) વૃત્તિઓનો કશો વિકાસ ના સંભવે. તેવો વિકાસ કરવો હોય તો જીવિત દશામાં પોતે જાતે જ તેવું દાન હેતુના ભાન સાથે કરવું. બાકી, ઘરેડથી, દેખાદેખીથી, દબાણથી કે વ્યવહારથી થતાં દાન તે દાન જ નથી, અને તેથી જીવનવિકાસમાં કશો લાભ થવો શક્ય નથી.

## શ્રેષ્ઠ દાન

પંચમહાભૂતોમાંથી રચાયેલ સ્થૂળ શરીરનો નાશ થાય છે ત્યારે સૂક્ષ્મ શરીર નીકળી જાય છે. તેની સાથે ગુણ અને ભાવ (સંસ્કારો) બીજા જન્મમાં પણ જાય છે. તેથી, ગુણભાવ વિકાસની પ્રવૃત્તિઓનું દાન જ સાચું દાન છે.

## દાન કેવું કરવું જોઈએ ?

દાનધર્મ વિશે બોલતાં તેઓશ્રીએ કહ્યું, 'હજુ પ્રજામાં ધર્મ પરત્વેનું ભાન જોઈએ તેટલું પ્રગટ્યું નથી. ધર્મ એટલે રૂઢિગત દેખાવ નહિ, પણ પ્રજામાં ગુણ અને ભાવ પ્રગટે તેવું આચરણ. ગુણ એટલે સાહસ, હિંમત, ધૈર્ય, તિતિક્ષા, સદ્‌ભાવ, ત્યાગ, વૈરાગ્ય વગેરે.' ભાવ એટલે પ્રભુપ્રીત્યર્થે બધું કરી છૂટવાની તમન્ના. જો પ્રજામાં ગુણભાવ પ્રગટે તો દેશ ઊંચો આવે. બીજાં દાન કરવાં ખોટાં છે એમ નથી કહેતો, પણ 'ગુણભાવ'ને દ્યોતક દાન થાય, તો તે તમારી સાથે ને સાથે જ મૃત્યુ પછી પણ પણ આવશે અને તે વધુ લાભદાયી થશે.'

## ગુણ અને ભાવ એટલે શું ?

ગુણ એટલે કે ઉદારતા, વિશાળતા, સહનશક્તિ, ધીરજ, શાંતિ, પ્રસન્નતા, હિંમત, સાહસ, ત્યાગ, પરાક્રમ અને બીજાને કેમ કરીને મદદગાર થવાય વગેરે. અને ભાવ એટલે જેના વડે ઉપરના ગુણો આપણામાં યથાર્થ રીતે ચોંટી રહે તે. ભાવ એવો મુલાયમ સૂક્ષ્મ ગુંદર છે કે જેમાં ગુણો આપમેળે ચોંટી જાય છે અને ગુણોની યથાર્થતા વધે છે. ભાવને કારણે શક્તિ ઊર્ધ્વગામી બની રહે છે. એ ભાવ ગુણોને દિવ્યતમ ક્ષેત્રોમાં ચોંટાડેલા રખાવે છે.

## માતૃપિતૃ દોષ

**સ્વજન :** 'માતૃપિતૃ દોષ' હોય તો તે 'નારાયણબલિ' કરવાથી દૂર થઈ જાય છે તે વાત સાચી ખરી ?

**શ્રીમોટા :** એ તૂત છે. જો એવા માતૃપિતૃ દોષના વિચારો આવ્યા જ કરે તો તે વખતે ખરા દિલથી પ્રાર્થના કર્યા કરવી, તે ઉપાય ઉત્તમ છે, અને નામસ્મરણ તો હાલતાં ચાલતાં કરવું. તેવા સ્મરણથી શરીરના આરોગ્યને મદદ થાય છે.

**સ્વજન :** બારમાના દિવસે પિંડ વહેરવા વગેરેની જે ક્રિયા થાય છે, તે બરાબર છે ?

**શ્રીમોટા :** ક્રિયાઓ બરાબર છે, પણ તે ગત જીવનાં સ્વજનોએ જાતે કરવી જોઈએ, તો વધુ શાંતિ થાય. સંસારમાં થતી કોઈ પણ પૂજાવિધિ સ્વજનોએ જાતે કરવી ઘટે. મારી મા મરી ગઈ ત્યારે મેં મારી જાતે તે વિધિ કરી હતી.

## શ્રાદ્ધમાં વાસ નાખવાની પ્રથા

કાગડાને વાસ નાખીએ છીએ તે રીતે એ બધું પહોંચે છે, એ વાત ખોટી છે. એ પ્રથાનો આપણે એવો અર્થ કરવાનો કે પ્રાણીમાત્ર સાથે આપણે તો પ્રેમ રાખવાનો છે. શ્રાદ્ધને દિવસે કાગડો ન આવ્યો તો લોકો કકળાટ કરી મૂકે છે કે પિતૃઓ આપણા પર રિસાયા છે, એવું કંઈ નથી. **કાગડાઓને અને પિતૃઓને કોઈ સંબંધ નથી.**

મૂળ અર્થ એ છે કે આપણે આપણા બાપદાદાને એમ ને એમ તો યાદ કરતાં નથી. એ જેમનાં મરણ થયેલાં તે તેમના દિવસો છે. આ બધા શ્રાદ્ધના દિવસો છે. એમના ભલાને માટે આ દિવસે શું કરવું ? **એમના ભલાને માટે તો ઉત્તમમાં ઉત્તમ પ્રાર્થના. એટલે બેસીને જેટલો વખત થાય તેટલો વખત પ્રાર્થના કરો, જપ કરો, દાન કરો અને પરમાર્થ કરો,** કારણ

કે બીજું બધું થાય છે તે ઉપરચોટિયું છે. એનો કંઈ અર્થ નથી.

ખરેખર તો આપણે આપણી જાતે પ્રાર્થના કરીએ, જપ કરીએ, તપ કરીએ, સ્મરણ કરીએ, એને માટે ભગવાનને પ્રાર્થના કરીએ, એની સદ્‌ગતિ કરજે, સદ્‌બુદ્ધિ આપજે, એનું કલ્યાણ કરજે, એને શાંતિ આપજે-એમ પ્રાર્થના કરીએ અને આપણાથી શક્ય બને તો એ મુજબ એવું કંઈક યોગ્ય પ્રકારનું દાન કરીએ. દાન પણ આ કાળના અર્થ પ્રમાણે કરવું જોઈએ કે જેથી પ્રજા બેઠી થાય. દાન કરો, મંદિરમાં આપો કે ધર્મશાળામાં આપો કે દવાખાનામાં આપો, આ બધાં ઘણાં સારાં કામ છે. તમે ના કરશો તોપણ થયા કરવાનાં છે, એ તો ચાલ્યા જ કરશે. એના કરતાં મૌલિક કામ કરો. જેથી કરીને નવો ચીલો પડે. અને ના થાય તો કંઈ વાંધો નહિ, પણ આટલું તો કરો-પ્રાર્થના કરો, સ્મરણ કરો, એમના ગુણ સંભારો, એમના વિશે વાત કરો. એમણે કરેલાં સારાં કાર્યો યાદ કરો. જેથી એમની સ્મૃતિ આપણાં છોકરાંઓમાં જળવાઈ રહે. એવું કરીએ તે વધારે સારું.

• • •

**સ્વજન :** ગયાજી વગેરે સ્થળે શ્રાદ્ધ સરાવવાનો અને પિતૃઓને તર્પણ કરવાનો રિવાજ છે, તે વિશે આપની શી માન્યતા છે ?

**શ્રીમોટા :** ગયાજી, સિદ્ધપુર વગેરે સ્થળે શ્રાદ્ધ સરાવવાનો અને તેમ કરીને પિતૃઓને તર્પણ કરવાનો કશો અર્થ નથી. તેથી, કંઈ ગત જીવને લાભ થાય નહિ. આવો રિવાજ પડવાનું કારણ એમ બન્યું હોય કે કોઈ પ્રખર પુરુષ કે પુરુષોએ તે તે સ્થળે શુભસંકલ્પ આવા કશાક અંગે પહેલાંના કાળમાં કર્યો હોય અને તેથી તે તે સ્થળે શ્રાદ્ધ સરાવવાનો રિવાજ પડ્યો હોય. એ બધું હાલ તો ઘરેડરૂપ બની રહ્યું છે.

## સદ્‌ગત વડીલોને યાદ કરી પ્રાર્થના કરજો

(અનુષ્ટુપ)

*'પિતૃઓને સ્મરી પ્રેમે ભાવથી પ્રાર્થના કરી,*
*કલ્યાણ પ્રેરતા રે'જો' જીવને લક્ષ્ય પ્રેરવી.'*

'વિધિવિધાન', બીજી આ., પૃ. ૯૬

• • •

## જીવન અનંત છે

**સ્વજન :** (રમણભાઈ અમીન) જીવન અવિચ્છિન્નપણે એક છે, હાલના આપણા દેખાતા જીવનની પાછળ ને આગળ પણ એક પરંપરા છે, એ પરંપરા અનાદિ છે, તેમ છતાં એવામાં ચેતન હોવાથી ચેતનનું જ્ઞાનભાન પ્રગટે તો તે અંતવાળી પણ બની શકે ?

**શ્રીમોટા :** આ જીવન છે, આપણે જીવીએ છીએ. એની મર્યાદા નથી. ચાલ્યા જ કરે. એ આ શરીરધારી જીવન છે. તેનો અંત તો ભગવાનમય થઈ જઈએ એવું પ્રત્યક્ષ જ્ઞાનભાન પ્રગટી જાય તો શરીરવાળું જીવન અટકે. પછી પણ જીવન છે, પણ તે જુદા પ્રકારનું. શરીર ન પણ હોય. શરીરવાળા જીવનનો અંત આવી જાય. જ્ઞાન એવું થાય તો. ભગવાનની સાથે તન્મયતા આપણી થાય તો શરીરવાળું જીવન અટકી જાય. ત્યાર પછી જીવન ચાલ્યા કરે છે. જેમ ભગવાનનો કોઈ અંત નથી. એ અમર્યાદ છે, એને કોઈ મર્યાદા નથી. તેવા પ્રકારનું આપણું જીવન થઈ જાય તોપણ એનું વ્યક્તિત્વ, અલગ વ્યક્તિત્વ મટી જાય અને ભગવાનમાં સમાઈ જાય.

• • •

**જગત એટલે જ ફેરફાર.** તો એવા ફેરફારને આપણા જીવનમાં જ્ઞાનપૂર્વક આપણે સ્વીકારીને સ્વેચ્છાએ આપણા જીવનનો સમૂળગો ફેરફાર પ્રભુકૃપાથી પમાડતાં રહીએ.

• • •

## ભીષ્મપિતામહ

આપણા મહાભારતમાં એવો દાખલો આપ્યો છે કે ભીષ્મપિતામહ કાળને થંભાવી રાખે છે. કહે છે કે, 'હમણાં નહિ. ઉત્તરાયણમાં જઈશ.' ત્યાં સુધી બાણશય્યા ઉપર સૂવે છે, એ પણ Symbolic (પ્રતીકરૂપે) છે. પણ નિશ્ચિંતતાથી, શાંતિથી. એટલે જીવનના અનેક કાળનાં અનેક સંભારણાંઓ, અનેક જન્મનાં સંભારણાંઓ તે વખતે પ્રગટે છે. જ્યારે શરીર મરવાનું થાય ત્યારે એ સંસ્કારો જાગે છે. કોક અકસ્માત થાય અને ક્ષણમાં મરી જાય છે અને એ ક્ષણમાં પણ એ સંસ્કારો લાખો હજારોવાર જન્મી શકે છે.

ભીષ્મપિતામહ તો જ્ઞાની પુરુષ હતા, અનુભવી હતા. એટલે બાણશય્યા પર સૂવે છે, તે બતાવે છે કે અનેક જન્મોનાં આવાં સંભારણાંઓ છે, જે સુખદ નથી. એટલે બાણશય્યા એ હિસાબે કહ્યું છે.

• • •

## બધું છોડવા માંડ

શ્રીમોટાએ એકવાર મુંબઈમાં એક 'સાહેબ'ને કહેલું, 'બધું છોડવા માંડ. આમેય મરીશું ત્યારે બધું છોડવું જ પડશેને ? તો અત્યારથી રાગ, દ્વેષ, મોહ, માયા, ગુસ્સો, મમતા વગેરે શું કામ ના છોડાય ?'

• • •

'જે સરી જાય તે સંસાર.' જે જતો રહેવાનો છે, રહેવાનો નથી તેને વિશે તે વળી આટલી બધી મથામણ શી ? તેની સાથે આ મન તેમાં ને તેમાં પડ્યું રહે છે ને મન એના વિચારમાં લથબથ રહ્યા કરે છે એની તે શી વાત કરવી ! મન વડે જ બંધન ને મોક્ષ છે. મનમાં જેવો ભાવ, ભાવના, લાગણી કે વૃત્તિ રહેવાની તેવો સંસાર લાગવાનો છે. માટે, આપણે તો બધાંનાં મૂળરૂપ મનને ફેરવવાનું છે.

• • •

## હવે પરવારવા માંડો

*તા. ૨૬-૬-૧૯૭૬*

બા, **હવે પરવારવા માંડો, હુંયે પરવારું છું.** જે કંઈ ભેગું કરવાનું છે તે ભેગું કરી લઉં છું. તમે હવે બીજી વાતોમાંથી મનને પાછું વાળી લો. **આ બધાં (સગાંવહાલાં) કોઈ સાથે નહિ આવે. માત્ર ભગવાનનું નામ સાથે આવશે, એ**ને જ હવે યાદ કરો. બીજી કોઈ માથાકૂટમાં પડશો નહિ. સ્મરણ કર્યા કરો. તો બા, હવે બધું છોડવા માંડો. આમેય મરીશું ત્યારે છોડવું જ પડશેને ? તો અત્યારથી રાગદ્વેષ, મોહમાયા, ગુસ્સો શું કામ ન છોડવાં ? જેને જેમ કરવું હોય તેમ કરવા દો. આપણે તેમાંથી છૂટી જઈએ.

(આ પત્ર લખ્યાને ૨૭ દિવસ બાદ પૂજ્ય શ્રીમોટાએ દેહત્યાગ તા. ૨૩ જુલાઈ, ૧૯૭૬ના રોજ કર્યો હતો.-સંપાદક)

## યુવાની એ તાજું ફૂલ છે

**સ્વજન :** ઘણાં એમ કહેતાં હોય છે કે 'ઘડપણમાં ગોવિંદ ગાશું.' આ શક્ય છે ?

**શ્રીમોટા :** ઘડપણમાં મોટે ભાગે કોઈ ગોવિંદના ગુણ ગાઈ શકવાનું નથી. જીવનની સાધના એટલી સહેલી નથી. સાધનામાં જોઈતાં સાહસ, હિંમત, પુરુષાર્થનું બળ, ઉત્સાહ, ખંત, ધીરજ વગેરે ગુણો જુવાનીમાં જ વધુ ખીલેલા રહે છે. તે વેળાએ સાધનામાં જો ખૂંપી જવાનું બન્યું, તો ઉત્તરોત્તર વિકાસ થયા કરવાનો. **ત્યારે એવા માનવીને ઘડપણ હોવા છતાં ઘડપણ નહિ હોય. જુવાની એ તાજું ફૂલ છે. શ્રીભગવાનને ચરણે તાજાં ફૂલો ચડાવવાનાં હોય.**

● ● ●

## નિરાંતે ઊંઘો શું !

ક્યાંક વહેલું ગાડીએ જવાનું હોય છે, તો આપણે કેટકેટલાં વહેલાં ઊઠવાનું કરીએ છીએ ? જે તે બધું ઝટ પરવારવાનું કરી લઈએ છીએ, કિંતુ આ મહા મુસાફરી તો નિશ્ચિત જ છે, તેમ છતાં મહા આશ્ચર્યમાંનું આશ્ચર્ય તો એ છે કે કોઈ પણ તેને કાજે તૈયારી કરતું જણાતું નથી !

● ● ●

## માથે મૃત્યુ ભમી રહેલું છે

માથે મૃત્યુ ભમી રહેલું છે. બધા માણસો કહે છે કે મરણ નિશ્ચિત છે, પરંતુ પથારીમાં સાપ પડ્યો હોય તો તેમાં કોઈ ઊંઘી શકે ખરું ? એવી રીતે લોકો મૃત્યુ નિશ્ચિત છે, નિશ્ચિત છે એમ કહે છે ખરા, પણ તેમાં સાચી સમજણ નથી. માત્ર, સ્મશાન વૈરાગ્ય જેવું તે કહેવાનું હોય છે. બાકી, મરવાનું છે એમ નિશ્ચિત લાગે તે માણસને ચેન ના પડે. જાગતી રહેજે અને ભગવાનના નામસ્મરણમાં તલ્લીન રહેજે તો જ ખપની છે. ❑

# ખંડ-૭

## જન્મજન્માંતરના સંસ્કારો

**અનેક જન્મોથી એના એ જ દિવસે આપણે જન્મ્યાં હોઈએ,** તે જ વખતે અનેક જન્મનું આપણે સાથે લઈને આવેલાં હોઈએ. જે અનેક જન્મનાં કર્મો, સંબંધો, અનેક પ્રકારના ગુણોના (સત્ત્વ, રજસ અને તમસ) અને પંચતત્ત્વો- આકાશ, તેજ, વાયુ, જળ અને પૃથ્વી-એ બધાંયનાં આકર્ષણો એ વખતે આપણી સાથે હોય છે. ઉપરાંત, આપણે કરેલાં કર્મોના સંસ્કારો પણ સાથે હોય છે.

આટલું બધું આટલામાં આવે કેવી રીતે ? એનું પ્રમાણ અંગુષ્ઠ છે. શાસ્ત્રમાં સૂક્ષ્મ શરીરને 'અંગૂઠા' જેવડું ગણાવ્યું છે, પણ Invisible-દેખી શકાય એવું નહિ. It has got a length but no breadth. (એને લંબાઈ છે પણ પહોળાઈ નથી) એમાં અનેક જન્મોની link-સાંકળ છે.

● ● ●

## કર્મના સંસ્કાર-પ્રકૃતિ-પ્રારબ્ધ

મોટા ભાગના માણસોનું જીવન Tendencies (પ્રકૃતિના વલણને) આધારે વહે છે. એ પ્રકૃતિનું મૂળ એ ચિત્તમાં સંગ્રહાયેલા સંસ્કારો છે. એ સંસ્કારોની જે Totality (સરવાળો) છે એને પ્રારબ્ધ કહ્યું છે. પ્રકૃતિનાં વલણો કંઈ આકાશમાંથી થોડાં આવે છે ? એ તો આપણે કરેલાં કર્મો ઉપરથી સંસ્કારો પડ્યા છે, એમાંથી ઉત્પન્ન થાય છે. એ સંસ્કારો એટલા બધા બળવાન છે કે જીવમાત્ર પોતાની પ્રકૃતિ પ્રમાણે જ વહ્યે જાય છે. નકારાત્મક વલણ ઊઠે અને હકારાત્મક પણ ઊઠે.

તટસ્થતા પ્રગટે તો જ આપણે પ્રકૃતિના વલણને સમજી શકીએ અને ત્યારે જ એનાથી બીજી રીતે વર્તવાને આપણે તૈયાર થઈ શકીએ. જીવદશામાં-પ્રકૃતિમાં રગદોળાયેલામાં તટસ્થતા હોતી નથી. **તટસ્થતા જન્માવવા માટે મનનો પુરુષાર્થ કરવો પડે. તટસ્થતા કંઈ એમ ને એમ જન્મતી નથી. કોઈક જ એવો હોય જેને જીવનનો ધ્યેય હોય અને ધ્યેયને સાનુકૂળ પ્રકૃતિ ન હોય તો એ પ્રમાણે એ નહિ વર્તે.**

આધ્યાત્મિક શાસ્ત્રમાં વરસ એ જીવન નથી પણ શ્વાસને જીવન કહ્યું છે. એટલે તટસ્થતા કેળવાતાં શ્વાસ અને પ્રાણ શુદ્ધ થતાં જીવન લાંબું થશે.

● ● ●

## ભગવાનને વરવું છે ?

આપણે ભગવાનને વરવું છે અને **ભગવાનને વરવાને માટે જે જે જીવોએ ભેખ લીધો છે, તેમને કંઈ ઓછાં દુઃખ અને આપત્તિ પડ્યાં નથી**. એટલે આપણે ભાગે આ જે ભોગવવાનું આવ્યું છે, તે પ્રેમથી કંટાળ્યા વિના, ત્રાસ પામ્યા વિના, ભગવાનની કૃપાપ્રસાદી લેખીને જો ભોગવી શકીએ તો તેમાં પણ જરૂર જીવનવિકાસ થઈ શકે.

● ● ●

## ભવિષ્યની ચિંતા શા માટે ?

ભવિષ્યની કોઈ જાતની ચિંતા કરવાની ના હોય. જે ભવિષ્યની ચિંતા કરે છે, તે મૂર્ખ માનવી છે અને અજ્ઞાની છે. **જે જીવ પોતાનો વર્તમાનકાળ યોગ્યપણે ઉત્તમપણાથી સાચવી શકે છે, તેનો ભવિષ્યકાળ પણ સચવાયેલો જ છે.**

● ● ●

## 'આ જીવ ભગવાન નથી'

તેં મને જે ભાવથી કાગળ લખ્યો છે, તેની હું કદર કરું છું. તેં (મને) ગાળો દીધી હતી ત્યારે પણ (મારો) એ જ ભાવ હતો અને આજે મને ભગવાન તરીકે તું સ્વીકારે છે ત્યારે પણ એ જ ભાવ છે. આ જીવ ભગવાન-બગવાન નથી. ભગવાનની કૃપાથી જે હોઉં તે હોઉં. એની કૃપાનું જે બળ છે, તે જ સાચું બળ છે. **માનવી ગમે તેટલો મહાન હોય, છતાં જ્યાં સુધી તે દેહધારી છે, ત્યાં સુધી તેનામાં ભગવાનનું અવતરણ થયેલું હોવા છતાં તે ભગવાન નથી.** ચેતનામાં પ્રતિષ્ઠિત થયેલા આત્માનું શરીર એ તેની મર્યાદા નથી કે નથી તેને અવરોધકર્તા. એવાનું શરીર તો અનેક જીવોની સાથે હૃદયના તાદાત્મ્યભાવથી ભાગ લઈ રહેલું હોય છે.

● ● ●

## સંતપુરુષના સંસ્કારોનું વિજ્ઞાન

જેમ જીવનના બીજા સંસ્કારો (સંસારવહેવારક્ષેત્રમાં થયેલાં કર્મોના સંસ્કારો) દરેકના ચિત્તમાં પડ્યા જ કરે છે, તેમ સંતપુરુષ સાથેના સંપર્કના સંસ્કારો પણ તેના ચિત્તમાં જરૂર પડવાના જ. એવા સંસ્કારોનો ઉદય કોઈક વેળા તો જરૂર થવાનો જ.

પરંતુ જીવાત્માના (વ્યક્તિના) હાલના જીવનના તબક્કે એના કર્મપ્રારબ્ધના ઉદયવર્તમાન સંસ્કારોનું જોર ઘણું હોય છે અને પોતે એમાં અજ્ઞાનપણે દોરવાયા કરે છે. એટલે સંતપુરુષના જીવન સાથેના પડેલા સંસ્કારો એમ ને એમ ચિત્તમાં પડી રહેલા છે. **જેવી રીતે ભગવાનનો ભાવ સચરાચરમાં**

**સર્વત્ર પડી રહેલો હોય છે, પણ તેની અસર આપણને લાગતી નથી. તેમ સંતસમાગમના સંસ્કારો એમ ને એમ પડી રહે છે,** પણ આપણે જો (ભક્તિમાર્ગે) જીવંત પુરુષાર્થ કરવા લાગીએ-અને તે પણ જાગૃતિપૂર્વક અને જ્ઞાનપૂર્વક કરીએ તો પેલા સંતના પડી રહેલા સંસ્કારો આપણને જરૂર પ્રેરક તત્ત્વરૂપે મદદ કર્યા કરશે. એ પ્રમાણે વર્તન ન કરી શકે તોપણ બીજા જન્મમાં, ચિત્તમાં પડી રહેલા આવા સંસ્કારોનો ઉદય થવાની સરળતા તેને સાંપડ્યા કરશે. આમ, સંતપુરુષના સમાગમની અસરનો લાભ કેવી રીતે અને ક્યારે લેવો તે આપણા પોતાના હાથની વાત છે.

બીજો પ્રશ્ન એવો સંભવે છે કે આ ચાલુ જીવનમાં કર્મપ્રારબ્ધને કારણે એવો જીવાત્મા તો ઘસડાયા કરતો હોય છે. એટલે નવા ને નવા સંસ્કારો તેનામાં દૃઢ થયા કરવાના અને એવા સંસારી સંસ્કારોનું જોર વધ્યા જ કરે, તો પછી સંતસમાગમ એને કેવી રીતે ફળી શકે ?

આ પ્રશ્ન પરત્વે વધારે ઊંડા ઊતરતાં માલૂમ પડે છે કે **એવો જીવાત્મા પણ કોઈ સાચા સંતના સમાગમમાં આવ્યો હોય, તો તે પણ તેના યોગાનુયોગ કર્મનું જ પરિણામ છે.** એટલે એણે કોઈ ગૂઢ રીતે પણ એ સમાગમની થોડીઘણી લાયકાત તો મેળવી જ છે. **આમ, પૂર્વના અનુકૂળ સંસ્કારોને પરિણામે એને સંતના સમાગમનું ફળ મળ્યું, તો એ સમાગમ એને વિશેષ ફળદાયી જરૂર થાય.** એવો માણસ ભલેને દેખીતી રીતે જૂની ઘરેડમાં જ ચાલ્યા કરતો દેખાય, તોપણ તેના મનના ઊંડા થરોમાં આછી આછી પણ, થોડીઘણી પણ, હિલચાલ આવા સંપર્કને લીધે થયા જ કરશે. જો તે કેવળ કર્મપ્રારબ્ધના

સંયોગે કરીને સંસ્કારોને વશ પૂરેપૂરી રીતે રહીને જીવન વિતાવતો હોય તોપણ, એ જ રીતે આ નવા ઊર્ધ્વગામી સંસ્કારોને વશ રહીને પણ તે ઓછેવત્તે અંશે વર્તશે જ, અને જો *અનુષ્ઠાનને કારણે સંતથી એનામાં વિશેષ રહેવાનું બને, તો એવા સંસ્કાર વધારે ને વધારે પડવાના જ. જેમ કોઈ જાતના (સંસારવહેવારક્ષેત્રમાં થયેલાં કર્મોના) સંસ્કારો તેનામાં પડ્યા વિના રહેતા નથી. તેમ જ આ જાતના (સંત સમાગમના) સંસ્કારો પડશે અને તે પેલા સંસ્કારોની જેમ જ નકામા જવાના નથી. આમ, પરસ્પર વિરોધી બે જાતના સંસ્કારો એના ઉપર પડે છે, પણ સંસારી માનવીના ચિત્તમાં પડેલા કે પડતા બીજી જાતના સંસ્કારો ભલેને ગમે તેટલા બળવાન હોય તોપણ એ સંસ્કારોના બળ કરતાં સંતપુરુષથી પડેલા સંસ્કારો વધારે બળવાન હોય જ છે. આ કંઈ કલ્પના સૃષ્ટિમાંથી ઊપજાવેલી મનોહારી અવાસ્તવિક કથા નથી, એ તો સત્ય ઘટના છે અને એ ઘટનાને બુદ્ધિના પ્રમાણનો પણ ટેકો મળી શકે છે.

**સંસારી સંસ્કારો રાગદ્વેષયુક્ત કામક્રોધાદિથી ભરેલા હોય છે. એટલે તેમાં આસક્તિ હોય છે, પણ ગમે તેવી આસક્તિથી**

* અનુષ્ઠાન-**સંતના હૃદય સાથે આપણા હૃદયનો મેળ મેળવવાની પ્રાથમિક શરૂઆત, એનું નામ અનુષ્ઠાન.** અનુષ્ઠાનથી પેલો સંત, સાધકના (વ્યક્તિના) જીવનમાં પ્રવેશ કરવાનું પગરણ કરે છે. સંતપુરુષની સાથે આવું આપણા જીવનનું અંગતપણું કેળવવાની શરૂઆત કરવી તેનું નામ જ અનુષ્ઠાન છે. જેમ જેમ એ આત્મીય ભાવ વધતો જાય છે તેમ તેમ સાધકનો વિકાસ ઝડપી થતો જાય છે.

**ભરેલો સંસારી માનવી ગમે તેવા આસક્તિના પ્રયોજને પેલા સંત તરફ આકર્ષાય તોપણ સંત જાતે આસક્તિરહિત હોવાથી સંતથી એનામાં પડતા સંસ્કારો આસક્તિ વગરના જ હોય છે. સંતનું પોતાનું જીવન એટલું તો મહાન, પ્રખર, તેજસ્વિતા અને ઓજસથી ભરેલું, ભગવાનની શક્તિથી ભરેલું હોય છે કે સંસારી માનવીનું તેના પ્રતિ આકર્ષણ થતાં પેલો સંત તેની સંસાર તરફની આસક્તિનું જોર પણ ખેંચી લેશે, અને સમય આવતાં પોતાના સંસ્કારોનો ઉદય તેનામાં કરાવશે.**

'જીવનસંદેશ', છઠ્ઠી આ., પૃ. ૮૦ થી ૮૩ સંકલન

## ગુરુનો પ્રેમ

(ગઝલ)

હૃદય અમ પ્રેમના રસથી સદા જોડાયેલાં રે'શે,
*જીવન તો એક છે છોને *જીવનના દેહ જુદા છે.
ભલે મૃત્યુ ભલે સ્વર્ગે ભલે જ્યાં હો જવાનું ત્યાં,
અમે તો સાથ રે'વાના અમે સાથે જ ઊડવાના.

'પુનિત પ્રેમગાથા', ત્રીજી આ., પૃ. ૨૧૨

• • •

## સંતપુરુષનો સાથ

એકવાર સંતપુરુષ સાથે આપણી સંમતિથી અનુષ્ઠાન થયું, તો સંતપુરુષ આપણને કદી છોડશે નહિ. **સાધકને ગમે તેવું દુઃખ અને કષ્ટ થાય તોપણ જે કંઈ યોગ્ય કરવાનું હશે, તે કરતાં સંત અચકાશે નહિ.**

'જીવનસંદેશ', છઠ્ઠી આ., પૃ. ૭૯

• • •

* જિગર, * દિલ

## મનુષ્યદેહ

(અનુષ્ટુપ)

અનેક જન્મ પામ્યો તું, લેશે અનેક જન્મ તું,
મર્યો તું કેટલી વારે, જન્મ લેશે ઘણાય તું. ૧

પ્રત્યક્ષ હાલ જે રાજા પહેલાં તે હતા બધાં,
મૃત્યુ પામી વળી પાછા એમણે જન્મ તો લીધા. ૨

‘શિશુ, જુવાન ને વૃદ્ધ’ અવસ્થા દેહની જ તે,
તે સૌ ચાલી જતું દેખો, જે તે સૌ નાશવંત છે. ૩

જન્મ ને મૃત્યુની વાતે બુદ્ધિશાળી પુરુષ તે
મોહ પામી મુઝાતો ના જાણી તે બનવાનું છે. ૪

વિષયો ઇંદ્રિયાદિના સુખ, દુઃખાદિ જન્મ દે,
તે છે અનિત્ય, તેથી સૌ તે સહી, તું તટસ્થ ર્‌હે. ૫

શો અવિનાશી આત્મા છે, જન્મે છે ના, મરે ન તે,
શરીર તો બધાંનુંયે જવાનું છે જ આખરે. ૬

એવા શરીર પ્રત્યે તો મોહ હોવો ઘટે ન તે,
પ્રાપ્ત કર્મતણો ધર્મ તારે વિચારવો ઘટે. ૭

જે પ્રાપ્ત કર્મ પ્રત્યક્ષ આવી પડેલ છે શિરે,
‘તેનો શો યોગ્ય છે ધર્મ’ તે વિચારવું યોગ્ય છે. ૮

*‘જીવનગીતા’, સાતમી આ., પૃ. ૨૬*

• • •

## મનુષ્યદેહ અને આત્મા

(અનુષ્ટુપ)

‘દેહ ને દેહમાં ર્‌હેતા આત્માનો ભેદ કાં ભૂલ્યો ?
મરે છે દેહ, આત્મા તો કદી નાશ ન પામતો. ૨૪

જન્મથી ને સ્વભાવે તો દેહ આ નાશવંત છે,
જન્મ, યુવા, જરા, વ્યાધિ, મૃત્યુ એ સ્થિતિ દેહને. ૨૫

ભલે નાશ થતો દેહ, દેહીનો નાશ ના થતો,
દેહનો જન્મ તો થાયે, દેહીનો નવ સાંભળ્યો. ૨૬

અજન્મા તુજ આત્મા છે, ન વધે કે ન તે ઘટે,
હતો પ્હેલાં હજીયે છે, રહેવાનોયે નિત્ય તે. ૨૭

છે અખંડિત તો આત્મા, શક્તિ બ્રહ્માંડ રક્ષતી,
સર્વ વ્યાપ્ત અવિનાશી શક્તિ અમર શી ખરી !' ૨૮

'જીવનગીતા', સાતમી આ., પૃ. ૨૭

• • •

## પુણ્યાત્માનો પુનર્જન્મ

(અનુષ્ટુપ)

કલ્યાણમાર્ગ લેનારો દુર્ગતિ નહિ પામશે,
ગમે તેમ થતાં એનું અકલ્યાણ નહિ થશે.' ૬૪

'પ્રમાણે કર્મની એવો મૃત્યુની પછી કોઈયે,
પુણ્યલોકે વસી પાછો આવે છે જગ ઉપરે. ૬૫

જ્યાં સાનુકૂળ સંજોગો જીવનહેતુ સાધવા,
એવાં માતાપિતા વચ્ચે તે અવતરતો તદા. ૬૬

*પવિત્ર ઘેર તે જન્મે, આવો છે જન્મ દુર્લભ,
કરેલો પૂર્વનો એનો ઊગી સૌ નીકળે શ્રમ.' ૬૭

---

* જ્યાં સાનુકૂળ સંજોગો જીવનહેતુ સાધવા
એવાં માતાપિતા વચ્ચે તે અવતરતો તદા.

'સંસ્કારો શુભ તેના સૌ પૂર્વના કાંઈ જે હશે,
આપોઆપ ફળે સર્વે જન્મ્યા પછીથી જીવને. ૬૮
'જીવનગીતા', સાતમી આ., પૃ. ૧૫૧, ૧૫૨

• • •

## નિશ્ચિંત બનજે તું

(અનુષ્ટુપ)

'કિંતુ આ સર્વમાંયે જે સર્વસ્વ નિજનું,-ચહી
મને, શ્રદ્ધાથી અર્પીને, ભાવેથી મુજને ભજે, ૭૬
જાણજે શ્રેષ્ઠ તું એને, એવો તું બન, એટલે
**તારો તે ભાર પ્રેમે હું ઉપાડીશ બધો શિરે.'** ૭૭
'જીવનગીતા', સાતમી આ., પૃ. ૧૫૩

• • •

## માનવીદેહનું મહત્ત્વ

શરીરનાં જન્મમરણ તો અનેક થયાં જ કરેલાં છે, પણ માનવીના શરીરનું માહાત્મ્ય ઘણું છે. એવું એનું માહાત્મ્ય અને રહસ્ય સમજાય તે કાજે જ જન્મદિવસને આપણામાં મહત્ત્વનું સ્થાન છે.

માનવીના શરીર દ્વારા જીવ મુક્તિને પામી શકે છે, બીજી કોઈ યોનિના શરીરથી તેમ થવા શક્યતા લાગતી નથી. તેથી, આ માનવશરીરની મહત્તા અનંતગણી છે એમ જાણી, એને જે જીવ ભગવાનનું મંદિર ગણીને પ્રત્યેક કર્મ કરતી પળે એનો સદુપયોગ જ કર્યા કરે છે, તે જીવ તરી જાય છે.

• • •

કોઈ સંતહૃદયમાં એ જીવનો થયેલો રાગ અને તે પણ જો સજીવપણે થયેલો હોય, તો જીવનો તેવો રાગ પણ એ જીવને ઊંચે લઈ જવાને સમર્થ બને છે. કિંતુ એવા રાગના ઉચ્ચ ગતિનાં પરિણામ જીવ કદીક તો આ જન્મના જીવનમાં દેખી શકવાને શક્યતાવાળો બનતો નથી. જોકે, એવા જીવનાં બાહ્ય આચરણ ગમે તેવાં હોય તોપણ તેવો જીવ ભાવનાનાં ક્ષેત્રમાં નવો જન્મ લીધા વિના રહી શકતો નથી, એ પણ એટલું જ સાચું છે.

● ● ●

## માનવજન્મનો હેતુ

(અનુષ્ટુપ)

પ્રભુનો પ્રેમ લેવાને જન્મેલાં આપણે છીએ,
તે વિના કો બીજો હેતુ છે ના જીવનનો ખરે,
'જીવનપગલે', ત્રીજી આ., પૃ. ૧૦૯

● ● ●

## સાજનને ઘેર કેવા થઈને જવાય ?

મથુરીબહેન ખરેએ હમણાં ભજન ગાયું કે,

'કર લે શૃંગાર ચતુર અલબેલી
સાજન કે ઘર જાના.....'

આપણે પણ સાજનને ઘેર જવા માટે શૃંગાર સજવાનો છે. 'ચતુર અલબેલી' એમ આપણને સંબોધીને કહ્યું છે. **ભગવાન આપણો સાજન છે.** તેને ઘેર મેલાંઘેલાં જઈએ એ નહિ ચાલે. આમાં શરીરની વાત નથી, પણ અંદર વસતા અમર તત્ત્વની વાત છે. આપણે જીવપ્રકારની વૃત્તિઓથી મેલાંઘેલાં રહીએ અને એવા જ રૂપમાં સાજનને ઘેર જઈએ એ શી રીતે ચાલવાનું ?

માટે કહું છું કે **'મનુષ્યની જિંદગી કેવળ મહાલવા કાજે નથી, પણ ઊંચા પ્રકારની ભાવના પ્રગટાવવા કાજે છે.'**

● ● ●

પ્રત્યેક જીવની જન્મોજન્મની સમગ્ર અને સળંગ સંસ્કાર શક્તિ કેવા પ્રકારની છે અને મૃત્યુટાણે તે જીવની કેવી ગતિ રહે છે, તેના પર તે જીવનો જન્મ તુરંત કે મોડો થવાનો આધાર રહે છે.

● ● ●

પુરુષશરીરી જીવ બીજા જન્મમાં સ્ત્રી પણ જન્મે અને સ્ત્રીશરીરી જીવ પુરુષ પણ જન્મે. પુરુષ હોય તે પુરુષ જ જન્મે અને સ્ત્રી હોય તે સ્ત્રી જ જન્મે એવો કશો અફર અને અટલ નિયમ નથી.

પુરુષ જીવ થયો હોય છે તેને સ્ત્રીજીવમાં જન્મ લેતાં વાર લાગે છે, કારણ કે એને સ્ત્રીની એવી અખંડ ઝંખના રહેવી જોઈએ અથવા તો કોઈ એવો બહુ શક્તિવાળો જીવ હોય તો એને કંઈ એવું (પ્રબળ સાધન) કરવું પડે.

● ● ●

**માનવદેહ**

(અનુષ્ટુપ)

પ્રેમની સાધના દિવ્ય માનવી જ કરી શકે,
યોનિમાં બીજી કોઈયે થવી શક્ય ન તે દીસે.

દુર્લભ માનવી જન્મ તેથી તો જગમાં ગણ્યો,
કૃપાથી એવું પામેલાં, એને શું રોળી નાખવો ?

'પુનિત પ્રેમગાથા', ત્રીજી આ., પૃ. ૫૩

● ● ●

## પ્રાણીમાત્રમાં શ્રેષ્ઠ માનવી

આપણને મનુષ્યજીવન મળેલું છે. એનું ખરેખરું મહત્ત્વ આપણા દિલમાં સાચી રીતે ઊગી ગયેલું નથી. એ જીવનમાં અમુક પ્રકારનું વિશિષ્ટ તત્ત્વ, વિશેષપણું રહેલું છે. એ કયા પ્રકારનું વિશેષપણું છે, જેને લીધે મનુષ્યજીવન બીજાં પ્રાણીઓ કરતાં શ્રેષ્ઠ છે ?

જળચર, પશુ, પંખી કે બધાંમાં બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ સરખાં નથી. એ બધાંમાં મન નથી. બુદ્ધિ તો બહુ ઓછી. જળચર, પશુ, પંખી વગેરેમાં પ્રાણ છે. **માનવીમાં મન છે, એટલે એ માનવી છે.** માનવીમાં પાંચ ઇંદ્રિયો વિશેષપણે ખીલેલી હોવાથી આપણે આપણા આત્માના સત્ત્વમાં ખીલી શકીએ. આત્માના પ્રકાશમાં વ્યક્ત થઈ શકીએ. સ્થિર અને સ્થિતપ્રજ્ઞ થઈ શકીએ. એ માટે આપણી પાસે પાંચ કરણો મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ છે અને એટલે મનુષ્યજીવન બધાં પ્રાણીઓમાં શ્રેષ્ઠ છે. મારે મન શરીર બહુ મોટું સાધન છે. જેમ નદી પાર કરવા હોડી જેવું કોઈ ઉત્તમ સાધન નથી તેમ જીવને શિવ થવા કાજે શરીર જેવું કોઈ ઉત્તમ સાધન નથી.

## મનુષ્યજન્મ - માનવદેહનો હેતુ

પહેલાં મનુષ્યને મનુષ્યત્વનું ભાન થવું જોઈએ. મનુષ્ય શરીરનો શો હેતુ છે તેનું જ્ઞાનભાન જાગવું જોઈએ. દેવયોનિ ઉત્તમ છે, છતાં દેવો માટે પણ મુક્તિ દુર્લભ છે. દેવોને પણ મુક્તિ મેળવવા માટે મનુષ્યજીવન ધારણ કરવું પડે. મનુષ્ય જન્મ ઉત્તમ-દોહ્યલો કહેવાય છે. તો શા માટે તેમ કહેવાયું છે ?

કારણ મનુષ્યશરીરમાં જ જ્ઞાન ઉત્પન્ન થાય છે.

મનુષ્યયોનિમાં દ્વંદ્વની રચના છે. એટલે સામસામાં જોડકાં સુખ-દુઃખ, લાભ-ગેરલાભ, અનુકૂળ-પ્રતિકૂળ, સત-અસત વગેરે સામસામી બાજુઓ છે, એવું જ્ઞાન મનુષ્યયોનિમાં જ થઈ શકે. આથી સમજણ પ્રગટે. સીધી સ્થિતિમાં કદી સમજણ પ્રગટે છે ? જ્યાં ઘર્ષણ છે, ત્યાં બુદ્ધિ વિચાર કરવા લાગી જાય છે. કોઈ માનવી સાથે આપણે સમતાભર્યો વહેવાર કર્યો હોય અને પછી કોઈ કારણે ઘર્ષણ થાય અને એની પ્રકૃતિ આપણી પર તપી જાય ત્યારે એ કેવો હતો અને કેવો છે તેના વિચારો આવે છે. આમ, ઘર્ષણ થાય ત્યાં વિચારો પ્રગટે. માટે દ્વંદ્વની રચના સમજણ પેદા કરવા માટે છે. આવી રચના ફક્ત મનુષ્ય-યોનિમાં જ છે. **તમારી શક્તિને સન્માર્ગે વાળો તો જીવનમાં શાંતિ, પ્રસન્નતા, આનંદ વધશે.** એ સૌ ચેતનના ગુણધર્મ છે. એનો વિકાસ મનુષ્યદેહથી જ થઈ શકે. એ દેહની અંદર સદ્‌ભાવના, સુમેળ, ત્યાગ વગેરે પ્રગટી શકે. આ બધું મનુષ્યશરીરથી જ શક્ય છે અને એ સર્વ કાંઈ કરવાથી જ ચેતનનો અનુભવ થઈ શકે છે, એટલે શરીરનું મહત્ત્વ છે. એટલા માટે મનુષ્યજન્મને બહુ દોહ્યલો કહ્યો છે.

*(અનુષ્ટુપ)*

*જીવન માનવીનું તે એવું દિવ્ય પવિત્ર હા !*
*બિચારો માનવી કિંતુ પ્રીછે એનું મહત્ત્વ ના.*

• • •

## જન્મદિવસ

જન્મદિવસનું મહત્ત્વ પૃથ્વી પરના બધા જ દેશમાં છે. તો એનું રહસ્ય શું ? કારણ એ

છે કે આ જન્મે આપણને આ શરીર મળ્યું. તે આ શરીર અમુક દિવસે અમુક ટાઈમે જન્મ્યું, એનું અનુસંધાન પણ આગળ (પૂર્વજન્મમાં) **અનેક જન્મોથી એના એ જ દિવસે એ જ વખતે (સમયે) આપણે જન્મેલાં હોઈએ,** તે જ વખતે અનેક જન્મોના સંસ્કાર આજે સ્ફોટ થાય છે, પણ સામાન્ય જીવને આની સમજ પડતી નથી. આ જન્મદિવસ ઊજવવાનું શું ? આપણે જન્મ્યાં તે દિવસ અને બીજા દિવસોની વચ્ચે ફરક છે. તે દિવસે એનું શરીર જુદા પ્રકારનું હોય છે.

જન્મવેળાએ સમય અને બીજું બધું સાનુકૂળ હોય છે. એની (પૂર્વજન્મની) link-સાંકળ હોય છેને ! જ્યાં એનું વધારે એટેચમેન્ટ (આસક્તિ) હોય ત્યાં જન્મ લે. જીવદશાવાળો જીવ છે એટલે ઘણો મોહ, ઘણી લગની, ઘણો રાગ જ્યાં એને લાગેલો હોય ત્યાં એ જન્મ લે. ગમે ત્યાં ન લે.

તે દિવસે સામાન્ય કરતાં કંઈ કશું વધારે ક્રિએટીવ (રચનાત્મક) છે, એને વધારે ને વધારે ક્રિએટીવ કરવું હોય તો તે દિવસથી આપણે કંઈ કશું તે તરફનું અને તે અર્થેનું ક્રિયાત્મક કંઈક કશું રોજ ને રોજ નિશ્ચિત સ્થળે અને સમયે કર્યા કરવું જોઈએ. દિશા કાં તો પૂર્વ કે દક્ષિણ. પૂર્વમાં સૂર્ય ભગવાન છે અને દક્ષિણ એટલે જ્ઞાન. એવી રીતે જો આપણે આમ કર્યા કરીએ તો જ જન્મદિવસનો ઉપયોગ કર્યો કહેવાય. એ પછી આપણો બીજો જન્મદિવસ આવે ત્યારે વધારે રીગરસ-Rigorous-(ઉત્કટ પ્રયત્નશીલ) બનીએ છીએ. આમ, જન્મે જન્મે ક્લૅરિફિકેશન-સ્પષ્ટતા થાય. કોઈ ગમે તેવું કહે, અત્યારે દલીલ કરે તો તમને એ ફેરવી શકે, પણ પેલી સ્થિતિ એવી થાય

કે જેમાંથી તમે બિલકુલ છૂટા થઈ શકો જ નહિ. એટલું બધું મજબૂત થઈ જાય. ધીરે ધીરે આપણે જો એનું રહસ્ય સમજ્યાં કે મનુષ્યનું શરીર મળ્યું છે એનો કોઈ હેતુ છે. એને સફળ કરવા માટે આપણે કોઈ ને કોઈ સાધન પકડવું જ જોઈએ. જ્યારથી સમજ્યા ત્યારથી શરૂઆત કરવી. જન્મદિવસથી શરૂઆત કરીએ તો ઉત્તમ છે.

• • •

## માનવજન્મ સાચવી લેવો

(અનુષ્ટુપ)

જન્મવું, મરવું પાછું એની એ ઘટમાળમાં,
ઘાંચીના બેલના જેવું જીવવું ! રસ શો ત્યહાં !

ઘરેડે એકની એકે ચાલ્યા કરી જ જીવવું,
'માનવી જન્મ એવાએ ખોઈ નાખ્યો' પ્રમાણવું.

'ભાવપુષ્પ', ત્રીજી આ., પૃ. ૨૯

• • •

## મનુષ્યજીવન પ્રભુને પામવા માટે મળ્યું છે

આ જીવન આપણને પ્રભુને પામવા માટે મળ્યું છે. પણ આ મનુષ્યના જીવન વિશે આપણે જરા પણ વિચાર કરતાં નથી અને આપણે જીવન વેડફી દઈએ છીએ. બેચાર હજાર રૂપિયા હોય તો આપણે વેડફી દેતાં નથી. આ જીવન તો રૂપિયાથીય વિશેષ ખપમાં લાગે તેવું છે. **આ મનુષ્યનું જીવન તો લક્ષ્મી કરતાં પણ મોંઘું છે. આ જીવન છે તો આપણે લક્ષ્મી મેળવી શકીએ છીએ. નહિ તો નહિ.** જીવન

વડે સંસારમાં જે તે કરી શકીએ. આ  શરીરમાં જીવ ન હોય તો તેની કાંઈ કિંમત નહિ. લોકો કહેશે કાઢો, કાઢો એને બાળી મૂકો. એમ આ જીવન છે તો બધું જ છે. આવું તો કોઈ વિચાર કરતું નથી છતાં આપણે આપણી જાતને બુદ્ધિશાળી સમજીએ છીએ. જેના વડે જીવન છે તેની આપણને ગરજ નથી. આપણે માંદા પડીએ તો દવા કરીએ છીએ, એ શરીરને માટે. જીવન માટે નહિ. જીવન વિશે આપણે બિલકુલ વિચારતાં નથી. આ જીવન બહુ મોંઘામૂલું છે. આ મનુષ્યરૂપી ધનને તમે એળે ના વેડફી નાખો તો સારું. પણ નવ્વાણું પોઇંટ નવ્વાણું ટકા જીવન એળે જ જાય છે.

● ● ●

## સંસારનો હેતુ

**સ્વજન :** આ બધું સાંભળતાં એમ પૂછવાનું મન થાય છે કે સંસારનો હેતુ શો ?

**શ્રીમોટા :** સંસારનો હેતુ જીવનના ફલિતાર્થે છે. સંસાર તો ભગવાનનો જ વ્યક્ત ભાવ છે. એટલે તેમાં (સંસારમાં) મનના દૃષ્ટિકોણને બદલાવવાનું આપણે શક્ય બનાવવાનું છે. હૃદયથી, મનથી અનેક પ્રકારનાં દ્વંદ્વો (સારું-નરસું, નીતિ-અનીતિ, સત્ય-અસત્ય વગેરે) જે કંઈ અનાદિ છે અને અનંત સુધી રહેવાનાં છે, તેમને મહત્ત્વ આપવાનું ના કરી, મનહૃદયને ભગવાનની ધારણામાં જ કેળવ્યા કરવાનું હૃદયથી જો બન્યા કરે તો સંસારનો પ્રત્યેક પ્રસંગ જીવને પ્રેરાવવા કાજે સર્જાયેલો છે, એવું જીવતુંજાગતું ભાન થાય.

**સ્વજન :** તો જીવન અનંત છે એમ જ સમજવાનુંને ?

**શ્રીમોટા :** હા, હું જીવનને અનંત માનું છું અને મૃત્યુ એ તો માત્ર અકસ્માત છે. **મૃત્યુને લીધે જીવનની અખંડિતતા અને સળંગતા તૂટતી નથી હોતી.*** માત્ર શરીર ધારણ કરેલું છે. એટલે શરીર તો જવાનું જ છે. એ હકીકત છે, પરંતુ તે અનંત કાળ સુધી ટકે એવી શક્યતા નથી. તેથી, મૃત્યુનો ભય ના હોય.** શરીરનું મમત્વ અને મડાગાંઠ તોડવાં જોઈએ. એ તોડવાને માટે તો મારા ગુરુમહારાજે આ જીવને કરાંચીમાં નગ્ન ફેરવ્યો હતો.

• • •

---

* આ બાબત સંબંધે શ્રીમા શારદામણિદેવીનો પ્રસંગ યાદ આવે છે. જ્યારે શ્રીરામકૃષ્ણ પરમહંસના શરીરનું અવસાન થયું ત્યારે શારદામણિદેવી 'પોતે વિધવા થયાં છે,' એમ ગણીને તેમની બંગડીઓને પથ્થરથી તોડવાનો પ્રયાસ કરવાં લાગ્યાં. તે જ ઘડીએ શ્રીરામકૃષ્ણ, દેવીજીની આગળ પ્રગટ થઈને બોલ્યા, 'શારદા ! શારદા ! આ તું શું કરે છે ? હું અવસાન પામ્યો નથી. હું જીવતો છું. કેવળ એક ઓરડામાંથી બીજા ઓરડામાં ગયો છું.' આ એમ સમજાવે છે કે જીવન અનંત છે. તેનું મૃત્યુ થતું નથી.

** સ્પિરિટ વર્લ્ડ-પ્રેતાત્માની દુનિયામાંથી જેમણે સંદેશા ઝીલ્યા છે, તેમનું કહેવું છે કે શરીરના અવસાન પહેલાં ગંભીર પ્રકારની બીમારીઓથી પીડાતો માણસ, તેના અવસાનની થોડી ક્ષણો પૂર્વે, તદ્દન દુઃખમુક્ત બની જાય છે અને અપૂર્વ આનંદની લહરીઓમાં પસાર થતો હોય છે. અવસાન પછી માણસ બદલાતો નથી. તે તેનાં પ્રકૃતિ, વાસનાઓ, આવેશો, સંસ્કારો બધું લઈને જાય છે. સ્થૂળ શરીર છોડીને તે સૂક્ષ્મ શરીરમાં પ્રવેશે છે, જેમ જૂનાં કપડાં ઉતારીને નવાં કપડાં પહેરાય છે તેમ.

• • •

# ખંડ-૮

## જન્મ, જીવન, મૃત્યુ અને પુનર્જન્મ વિશે

### જીવનમાં આનંદ છે તેથી જ જિવાય છે

માણસને જીવવામાંથી રસ નીકળી જાય છે ત્યારે પોતાની જાતે જ મરે છે અને ગમે તે કારણે જીવવામાંથી રસ નીકળી જાય. એ કેમ નીકળી જાય છે ? વ્યક્તિએ વ્યક્તિએ તેનાં કારણો જુદાં જુદાં છે. કંટાળો કે ત્રાસ એમ નહિ, પણ જે જીવનમાં ગમે તેટલું કષ્ટ હોય તોપણ જીવવામાં આનંદ છે. કષ્ટમાં કષ્ટ, ભારેમાં ભારે કષ્ટ હોય તોપણ આનંદ સાથે ને સાથે જ છે જોડે. એ આનંદ એમાં એ એને દેખાતો નથી, પરખાતો નથી, સમજાતો નથી, લાગણી એને થતી નથી, પણ તેમ છતાં એને આનંદ છે, અને એની સાથે જ, માટે એ જીવે છે. તે આનંદ જતો રહે છે અને રસ જતો રહે છે એટલે એના શરીરનું મરણ થાય છે. આનંદ જતો રહે પછી શરીરથી ઘડીવાર જિવાય નહિ. મુખ્ય તો જીવનમાં આનંદ છે. જીવવાનું કારણ જ આનંદ છે.

• • •

### મૂળમાં રસ

કંઈ કશામાં રસ ના હોય તો જીવન ટકે નહિ. રસ વગર જીવી શકાય નહિ. કોઈક કહે કે 'મારું જીવન તો શુષ્ક છે', પણ એમ હોય તો એ મરી જાય. એટલે ક્યાંક પણ રસ હશે, નહિ તો જીવે નહિ. એટલે રસ ક્યાંક પણ હોય છે જ.

રસના પ્રકાર જુદા જુદા. જીવદશામાં કામ, ક્રોધ, લોભ વગેરેમાં રસ હોય.

એનાથી બીજા પ્રકારના હોય તેમને નામનામાં, પ્રતિષ્ઠામાં રસ હોય અને દરેકમાં રસ હોય છે. જીવન અને રસને નોખાં ના પાડી શકાય. માટે, જીવનને અનંત પણ કહ્યું છે.

● ● ●

**આધ્યાત્મિક જીવનની શરૂઆત ક્યારે થાય ?**

આપણે આપણામાં રહેલ રાગદ્વેષ, મમતા, અનેક જાતના આગ્રહો, ટેવો, કુટેવો બધાંને સંહારવાનાં છે. એ બધાં પૂરેપૂરાં સંહારાય ત્યારે જ આપણા મૂળ આધ્યાત્મિક જીવનની શરૂઆત થાય. તે એકદમ થાય નહિ. એ ભગવાનનું નામ લેતાં લેતાં વહેલું થાય.

● ● ●

**આવતા જન્મે સુખી કેમ થવાય ?**

જો આપણે આવતા જન્મમાં નર્યું સુખ જ મેળવવું હોય તો આપણે બધાંની સાથે મિત્રતા, પ્રેમ, વિવેક, વિનય રાખીએ. બીજા ભલે ગમે તેમ રહે, તો આપણે આવતા જન્મમાં દુઃખી ન થઈએ. દુઃખ હોય તોય આપણને લાગે નહિ એવી માનસિક ભૂમિકા જન્મે. એટલું જ નહિ પણ આ જન્મમાં પણ સુખી થવાય. એટલે આપણે બધા અણગમા, ઈર્ષા, અદેખાઈ કાઢી નાખવા, કારણ કે એ મનને ટૂંકું કરી દે છે. બુદ્ધિને પણ ટૂંકાવે છે. ક્લેશ, કંકાસ બધું જે નેગેટિવ છે, એ આપણો વિસ્તાર નહિ થવા દે. ટૂંકાવી દે છે. ઉદાર નહિ થવા દે.

● ● ●

**સંસારનો હેતુ**

જીવનને, જીવનના વિકાસ માટે આ સંસાર છે. એમાં

બદ્ધ થઈ રહેવાને માટે સંસારનો હેતુ નથી. એમાં જકડાઈ જવાને માટે નથી, પણ એમાંથી મુક્ત થઈ જવાને માટે હેતુ છે. આપણે મનુષ્ય તરીકે જન્મ્યાં છીએ, તે સંસારમાં બદ્ધ થવા માટે જન્મ્યાં નથી. આ સંસારમાંથી મુક્ત થવા માટે જન્મ્યાં છીએ અને મુક્ત થવા માટે સંસારને છોડી દેવાનો નથી.

● ● ●

## સમાજ કબરને પૂજનારો છે

જગતમાં જ્યાં ત્યાં જોઉં છું કે માનવી તો એના ગયા કેડે એના પૂતળાંને માત્ર પૂજે છે. આઘે ક્યાં જવું ? મહાત્મા ગાંધીનો પ્રત્યક્ષ જીવતો દાખલો લ્યોને ? એણે તો પોકારી પોકારીને કહેલું કે, 'ભાઈ ! કોઈ મારાં પૂતળાં કે મંદિરો ચણશો નહિ.' પણ આજે સમાજ એના પૂતળાંને પૂજી રહેલો છે. એના જીવનની મૂળ પ્રાણચેતનાને કોણ સ્વીકારે છે ? એના આદર્શને-એની સંસ્કૃતિને-કોણ વરવા ચાહે છે ? હું તો ઘણી વખત કહું છું કે **જગત મડદાને પૂજનારું છે.**

● ● ●

(ગઝલ)

મળેલું માનવી જીવન વૃથા જે વેડફી દે છે,
શરીરે માનવી છો હો, છતાં તે માનવી ના છે.

'જીવનઘડતર' પ્રથમ આ., પૃ. ૨૯૩

મળેલું માનવી જીવન મહામોંઘું અનોખું છે,
નિરર્થક વેડફી દેતાં ન કોઈને આંચકો લાગે.

'જીવનઘડતર' પ્રથમ આ., પૃ. ૩૦૭

● ● ●

(ગઝલ)

જીવનમાં જન્મવું મરવું સદા તે નિત્યનો ક્રમ છે,
પરંતુ ત્યાં હરિ સ્મરવા હરિ ભજવા શું અઘરું છે.

● ● ●

## મળશુદ્ધિ

*તા. ૨૭-૧૦-૧૯૬૦*

એક સાધુ મહારાજે કહેલું કે મળ જેવા તમારા સંસ્કાર. મળને કારણે નકારાત્મક વલણ પ્રગટે છે. દસ્ત સાફ આવવો એ ઘણું જરૂરી છે. એનું માનવીને જ્ઞાનભાન નથી. **દસ્ત સાફ નહિ હોય તો અહમ્-પ્રાણ પણ સાફ થાય નહિ.** મળ સાફ કેમ આવે એ શીખવું જોઈએ. એક મિત્રને કહ્યું કે મરતાં મરતાં મળ રહી ન જાય, કેમ કે જન્મે ત્યારે મળ બને છે અને મરે ત્યારે રહે છે. એને માટે મળની શુદ્ધિની ખાસ જરૂર.

● ● ●

## અભય વચન

મારા મનથી એક વાત ચોક્કસ છે કે સંકળાયેલા જીવના પ્રાણને મારા હૃદય સાથે તો પ્રભુકૃપાથી બાંધી લેવાનો છું કે જેથી કરીને જન્મોજન્મ સાથે જ રહી શકીએ અને હોઈ શકીએ.

● ● ●

## પાપ અને પુણ્ય ભોગવવું

પુણ્યયે ભોગવવું પડે અને પાપેય ભોગવવું પડે. આમાં કોઈ સરવાળા બાદબાકી કે ગુણાકાર ભાગાકાર છે નહિ. પુણ્ય વધારે કરવાથી પાપ હઠી જાય છે કે ઓછાં થઈ જાય છે, એ માન્યતા સાચી નથી.

● ● ●

## સૌનું કલ્યાણ નિશ્ચિત છે

મારે મન તો કોઈ પાપી નથી, જે જે મળેલાં છે એનું કલ્યાણ તો નિશ્ચિત વાત છે, માત્ર એક લગની લાગી જાય તેટલી જ વાર છે.

● ● ●

## માતાપિતાનું ઋણ તો વાળી જ ન શકાય

આપણું શરીર માતાપિતાથી બંધાયેલું છે. શરીર વડે કરીને જ આપણે તે કરી શકીએ (ઋણ વાળી શકીએ) દુનિયામાં બીજા બધાંના કરેલા ઉપકારનો બદલો કદાચ વાળી શકાય, પરંતુ માતાપિતાના ઋણનો બદલો તો વાળી જ ન શકાય.

● ● ●

સંસાર વ્યવહારમાં આપણે સંસારી થવાનું નથી. સંસારમાં આપણે તરતાં રહેવાનું છે. એ મુખ્ય ખ્યાલ આપણે રાખવાનો છે.

● ● ●

જગતમાં તમે બધાંની વચ્ચે હોવા છતાં તમે એકલા પડી જાવ છો. તમે એકલા જ છો એ જાતનો અનુભવ આપણને થાય છે. 'જો તું આ બધાંમાં હોવા છતાં આ બધાં જુદા છે. તું રડતો હતો, તારા પોતાનાં તું ગણતો હતો. પણ તું અનુભવી લે. જોઈ લે તું. તું એકલો જ છે.' તે અનુભવ આપણને બહુ પાકો થાય છે ત્યારે આ સંસાર એટલા માટે જ ભગવાને આપ્યો છે.

## વારંવાર જન્મ શું કામ ?

(અનુષ્ટુપ)

અનેક રસ લેવાને આત્મા જીવરૂપે જ છે,
અનેક જન્મ તે અર્થે ધરે નવા નવા જ તે, ૧૫
રસ પ્રકૃતિના ક્ષેત્રે પીવા છતાં ધરાય ના,
તેથી તો જન્મનો છેડો આવે કેમે કદાપિ ના. ૧૬

'મોહ', બીજી આ., પૃ. ૩

• • •

તમે નિમિત્ત સાથે કેવી રીતે જીવો છો એના આધારે તમે ભવિષ્ય જન્માવી શકો છો.

• • •

## સંભારે છે પ્રભુને જે....

'પ્રભુનું નામ લીધા તે, સતત કરજો હૃદયમાંહે,
પ્રભુ સારું બધું કરશે, હૃદય વિશ્વાસ ધરજો તે.'

●

'જીવનનો બધો ભાર, જેના શીતળ છાંયડે,
ખંખેરી માનવી નાખે, એવું તો સંતવૃક્ષ છે.'

●

'નિરંતરે ભજે ભાવે હરિને જે ઊંડું હૃદે,
હરિ તેને બધી રીતે, સંભાળે છે જ જીવને.'

●

'કૃપાથી જો સરે કામ, એવું જો ઇચ્છતા જ હો,
કૃપાના કરનારાની, સાથે સંબંધ કેળવો !'

●

'તારી ચિંતા તું કરે, એથી વિશેષ હરિ કરે.'

●

'સંભારે છે પ્રભુને જે, સંભાળતો પ્રભુ તેહને.'

●

'પ્રભુનું જો તમે રાખો, તમારું પ્રભુ રાખશે.'

●

'પોતાનો ભાર જે સોંપે, ઉપાડે ભાર તેહનો.'

●

'એને પ્રેમે ભજે, તેને જીવન ફેરવાવશે.'

●

'જેણે છે પકડ્યો હાથ, તેજ પાર ઉતારશે.'

●

## મિત્ર ખરેખરો ક્યાંયે હરિ જેવો મળે નહિ...

(અનુષ્ટુપ)

**મિત્ર ખરેખરો ક્યાંયે હરિ જેવો મળે નહિ,**
**વફાદાર હરિ જેવો બીજો કોઈ જગે નહિ;**
સંબંધ દિલનો એનો છે બંધાયેલ જેહને,
તેને તે ખપમાં લાગે, જ્યારે ખરી જરૂર છે.

**એનું વચન આપેલું કદી મિથ્યા જતું નથી,**
**બોલેલું પાળવાવાળો હરિ જેવો બીજો નથી.**

• • •

**પ્રાર્થના**

ધારેલું કામ તે પાર,
કૃપાથી પાડજો સીધું.
પ્રાર્થના મારી એવી તે,
સાંભળજો પ્રભુ તમે.
વહારે ધાજો તમે મારી,
કામ તે પાર પાડજો.
આવજો, આવજો સહાયે,
વાર લગાડશો નહિ.
તારા ભક્તનું આ કામ,
કૃપા કરી નીપેટજો.

• • •

## શરીર આપણું રક્ષણહાર છે

શરીર તો આપણું રક્ષણકર્તા છે. આપણી આસપાસના વાયુમંડળમાં વાસનાથી થયેલાં સૂક્ષ્મ તત્ત્વો એટલાં બધાં છે કે, જો આપણને ભગવાને શરીર ન આપ્યું હોત, તો તે બધાં આપણામાં પ્રવેશીને આપણને તેમનું એક મૂઢ હથિયાર બનાવી દઈને પોતાની વાસનાઓ સંતોષીને આપણું અધઃપતન કરાવત. આપણું શરીર પાર્થિવ તત્ત્વનું છે, ઘન છે, જ્યારે પેલાં અનિષ્ટ તત્ત્વો વાયુરૂપ, પ્રવાહી, બદલાતા આકારવાળા હોઈ આપણા શરીરના સ્થૂળ તત્ત્વ સાથે અથડાઈને નિષ્ફળપણે પાછાં ફરે છે. આપણને કામ કે ક્રોધની જોરદાર વાસના થાય છે ત્યારે તેમને રોકીને શરીર આપણું રક્ષણહાર થઈ પડે છે જો આમ ન બનતું હોત તો કોણ જાણે આપણે આપણું જ કેટલુંય નુકસાન કરી બેસત.

• • •

આપણી આ ભવની (જન્મની) પ્રકૃતિની ગતિ અને દિશા જેવા પ્રકારની હોય, તેવા પ્રકારનો આપણો પુનર્જન્મ છે.

• • •

(અનુષ્ટુપ)

જિવાય જે પ્રમાણેનું તે પ્રમાણેનું જીવન
-નિર્માણ કરતાં છીએ, જાણી લેજો જ નિશ્ચય.

'મોહ', પ્રથમ આ., પૃ. ૩

• • •

વર્તમાન અને ભૂત, નિમિત્ત તો રહેલ છે,
ભવિષ્ય થતું નિર્માણ, જીવે કેવું નિમિત્ત તે !

• • •

સંસારમાં રસ રહેતો હશે તો સંસારી બનાશે. પ્રભુમાં રસ રહેતો હશે તો પ્રભુમય બનાશે.

• • •

ઉંમર થાય એટલે માણસે ધીમે ધીમે આ સંસારમાંથી આસક્તિ ઓછામાં ઓછી કરતાં જવું, એ એના પોતાના માટે સારું છે.

• • •

**ગ્રહોની અસર**

ગ્રહોની અસર દૂર કરવાને માટે આપણે પોતે ભગવાનને પ્રાર્થના કરીએ, જાપ કરીએ તે હજારગણાં અસરકારક છે. ભગવાનનું સ્મરણ કરો. એમ કરતાં કરતાં બધું સારું થશે. ભગવાનનું સ્મરણ ગમે તેવી ખરાબમાં ખરાબ અસરોને પણ દૂર કરે છે.

• • •

જે માનવી ઓછામાં ઓછો ભોગ ભોગવે છે, અને વધારેમાં વધારે ત્યાગ કરે છે, તે દૈવી બની શકે.

• • •

(અનુષ્ટુપ)

પ્રભુનાં વરદાનોમાં સુમૃત્યુ વર શ્રેષ્ઠ છે,
સ્વાતંત્ર્ય, સત્ય ને ન્યાય તે માટે મૃત્યુ ઈષ્ટ છે.

'કૃપાયાચના શતકમ્', બીજી આ., પૃ. ૧૦

-શ્રી હેમંતકુમાર નીલકંઠ (પૂજ્ય શ્રીમોટાના અંતેવાસી)

• • •

*(ગઝલ)*

*મૃત્યુ સમે જ્યાં અનેક ઉપાધિથી, જીવ ગૂંચાશે, બાપ !*
*સ્મરણ કેમ કરી થાશે તે કાજે, આજ વસો મન આપ.*
*પ્રભુ ! તને ઉરના કોટિ પ્રણામ.*

'આર્તપોકાર', ત્રીજી આ., પૃ. ૫ **—શ્રીમોટા**

• • •

*(વસંતતિલકા)*

***છેલ્લી પળે સ્મરણ ભાવથી થાય તારું,***
***એ એકલું જ પ્રભુ ! હું કર જોડી માગું,***
***પ્રેમામૃતે ડૂબવજે મુજને પ્રભુ ! તું,***
***ને ધન્ય રાંક કરજે, તુજ દાસ હું છું.***

**'જીવનદર્શન', ૧૧મી આ., પૃ. ૧ —શ્રીમોટા**

**॥ હરિ:ૐ ॥**

❑

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દઢતર કર્યા કરો. અભીપ્સા, ઇન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૨૦ :** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૦:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૦ :** ગૂજરાત વિદ્યાપીઠ પ્રવેશ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, ‘હરિઃૐ’ જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૨ :** ‘મનને’ની રચના.

**૧૯૨૩ :** ‘તુજ ચરણે’ની રચના તથા પ્રકાશન.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૪ :** ‘તુજ ચરણે’ ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭:** સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૨૮ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે ‘હરિઃૐ’ જપ અખંડ થયો.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી ’૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્‌ગીતાનું વિવરણ લખ્યું-‘જીવનગીતા’

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને ૨૮ દિવસની સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. ‘મનને’ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું ‘ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ’ અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા-ટેપવાણી | ૧૮ |
| ૪. | શ્રીમોટા પ્રવચન-વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનંસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

| | |
|---|---|
| ૧૩. આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. ભાવ | ૧૯૭૧ |
| ૧૭. જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. જીવનઆહ્‌લાદ | ૧૯૭૨ |
| ૨૬. રાગદ્વેષ | ૧૯૭૨ |
| ૨૭. નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. મોહ | ૧૯૭૩ |
| ૩૬. કૃપા | ૧૯૭૩ |
| ૩૭. સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. શ્રીસદ્‌ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | શ્રીમોટાની દાંપત્ય-ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા-પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

•

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા-ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | **મોટા** - મારી મા | ૨૦૦૩ |

•

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

•

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મ-મૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

| | | |
|---|---|---|
| ૧૭. | દુર્લભ દેહ મનુષ્યનો | ૨૦૦૭ |
| ૧૮. | દૈવાસુર સંગ્રામ | ૨૦૦૭ |
| ૧૯. | પ્રસાદી (ગુજરાતી) | ૨૦૦૮ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) | ૨૦૧૪ |
| ૨૧. | જીવનયોગ ભાગ ૧ અને ૨ | ૨૦૧૬ |
| ૨૨. | બુદ્ધિ | ૨૦૧૭ |

•

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા-જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી **મોટા**નો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા ‘ભાઈ’ શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

•

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના **મોટા** | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટાચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટાચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

•

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तकों का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम (श्रीभगवान के अनुभव का स्थान) | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के **मोटा** | २०१२ |
| ११. | विद्यार्थी **मोटा** का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet | 1948 |
| 2. | To The Mind | 1950 |
| 3. | Life's Struggle | 1955 |
| 4. | The Fragrance Of A Saint | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-Interest | 2005 |
| 9. | Inquisitiveness | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children | 2008 |
| 14. | Against Cancer | 2008 |
| 15. | Faith | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human To Divine | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace | 2012 |
| 20. | I Bow At Thy Feet | 2013 |
| 21. | Attachment And Aversion | 2015 |
| 22. | The Undending Odyssey (My Experience of Sadguru Sri Mota's Grace) | 2019 |

●

॥ હરિ:ૐ ॥

॥ હરિઃ ૐ ॥

(વસંતતિલકા)

છેલ્લી પળે સ્મરણ ભાવથી થાય તારું,
એ એકલું જ પ્રભુ ! હું કર જોડી માગું,
પ્રેમામૃતે ડૂબવજે મુજને પ્રભુ ! તું,
ને ધન્ય રાંક કરજે, તુજ દાસ હું છું.

- શ્રીમોટા

*'જીવનદર્શન', ૧૧મી આ., પૃ. ૧*

## સ્વજનના મૃત્યુ બાદ કરવાની પ્રાર્થના

સદ્‌ગતના આત્માની શાંતિ માટે પૂજ્ય શ્રીમોટાએ નીચે મુજબની પ્રાર્થના, ઓછામાં ઓછા ૧૩ દિવસ સુધી રોજ સવારસાંજ કુટુંબીઓ સાથે કે વ્યક્તિગત રીતે કરવાનું સૂચવેલ છે.

(શિખરિણી-મંદાક્રાંતા)

ગયેલા આત્માને મનહૃદયથી આપજે શાંતિ પૂરી,
બધી રીતે એનું પ્રભુ ! કરવજે સર્વ કલ્યાણ શ્રીજી !
બધા જીવો સાથે ગત જીવનમાં જે થયેલો સંબંધ,
કરાવી દ્યો એને સહુ તરફથી સાવ નિશ્ચિંત મુક્ત.

- શ્રીમોટા

*'જીવનરંગત', પ્રથમ આ., પૃ. ૧૧*

કિંમત : રૂ. ૧૦/-